# પ્રકરણ- ૪ : કચ્છ-બન્નીના માલધારીઓનું લોકવાઙ્મય :

## કચ્છનો સાંસ્કૃતિક પરિચય :-

વિશાળ એવા ભારત દેશનાં અનેક પ્રાંતોનો સમાવેશ થાય છે. દરેક પ્રદેશને પોતાના ઈતિહાસ, સમાજ, સંસ્કૃતિ આદિમાં વિશેષતા હોય છે. અને એટલે જ તો દરેક પ્રદેશની પ્રજા તેની પ્રાદેશિક પ્રતિભાને લઈને જીવતી હોય છે. ભારત દેશના અનેક પ્રાંતોમાં ગુજરાત પ્રદેશની ગરિમા અનોખી છે. ગુજરાત જેવા ગૌરવશાળી પ્રાંતના દરેક જિલ્લાની અલગ-અલગ વિશેષતા છે. વસ્તીની દષ્ટિએ સૌથી નાનો કચ્છ જિલ્લો તેની ખુમારી અને શૌર્યતાને કારણે અનોખો બની રહે છે. ભુજ, માંડવી મુંદ્રા, અંજાર, નખત્રાણા, લખપત, અબડાસા, ગાંધીધામ, ભચાઉ અને રાપર જેવા તાલુકાથી શોભતો કચ્છ પ્રદેશ તેની ખૂબીઓને લીધે વાસ્તવિક ઘટના જેવો બની ગયો છે. એક બાજુ રણપ્રદેશ અને બીજી બાજુ સમુદ્રથી લહેરાતો જે આ ભૂમિ ના જગજૂના સાક્ષી રહ્યા છે.

સંસ્કૃતમાં કચ્છ શબ્દનો અર્થ કાચબો થાય છે. અને ખરેખર ગુજરાતના નક્શામાં કચ્છ પ્રદેશને જોવામાં આવે તો તે એક ઉંધો કાચબો જ દેખાશે. આમ છતાં કંચનપ્રસાદ છાયા ભારતના એક મહાન પુરાતત્ત્વવિદ્ ડૉ. હસમુખ સાંકળિયાનું વિધાન ટાંકતા નોંધે છે. 'કચ્છનું બે હજાર વર્ષ પૂર્વે નામ હતુ 'કશ' ક્ષત્રપકાળના કચ્છમાંથી જ પ્રાપ્ત થયેલ એક પાળિયાના આધારે આ વિધાન કરવામાં આવ્યું છે. કાચબાના આકારનું હોવાથી 'કચ્છ' કહેવાયુ અને માન્યતા કેવળ કલ્પના વિહાર જ લાગે છે'[૧] આમ છતાં મુનિરાજ વિધા વિજયજી નોંધે છે. 'કચ્છ' દેશનો આકાર જ એવો છે કે જૂના સમયમાં આવી આકૃતિવાળી ભૂમિને 'કચ્છ' તરીકે ઓળખવામાં આવી હતી.[૨]

હિન્દુસ્તાનની પશ્ચિમ દિશાએ એકબાજુએ રત્નાકર અને બીજી બાજુએ રણ ઉભયની વચ્ચે બેસીને પોતાની ભાતીગળ સંસ્કૃતિની સુવાસ ફેલાવતા કચ્છ દેશનું સ્થાન હિન્દુસ્તાનના નક્શામાં અગ્રગણ્ય છે. અનોખુ સ્થાન ધરાવતા આ કચ્છ મુલક કર્કવૃત ઉપર ૨૨° ૪૪' ૮" થી ૨૪° ૪૧ ૩૦" અક્ષાંશ સુધી પથરાયેલો છે. કચ્છ જિલ્લાનું વડુ મથક ભુજ છે. આ કચ્છ પ્રદેશની દક્ષિણ પશ્ચિમે અરબી સાગર લહેરાય છે. તો કચ્છ પ્રદેશની ઉત્તર દિશામાં મોટુ રણ દેખા દે છે. કચ્છનો પૂર્વ ભાગ એટલે વાગડભૂમિ અને આ વાગડભૂમિ કે કચ્છ પ્રદેશના પૂર્વનાં કચ્છનું નાનુ રણ પોતાનો વિસ્તાર આવરીને બેઠુ છે. તેની સામે મીટ માંડી છે. મહેસાણા સાબરકાંઠા જેવા શહેરોએ રામસિંહજી રાઠોડે નોંધ્યુ છે.કે કચ્છની ભૌગોલિક અલગતા દેખાઈ આવે તેવી નિરાળી છે. લગભગ ૧૬૦ માઈલ લાંબા અને વિવિધ સ્થળે ૩૫ થી ૭૦ માઈલ પહોળા કચ્છની દક્ષિણે અને પશ્ચિમે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર છે'[૩] આમ ભૌગોલિક રીતે જોવા જઈએ તો કચ્છની એક બાજુ મહેરામણ પાય પલાળે છે. તો બીજી ભાજુ વિશાળ રણ આંધીઓ ઉડાડે છે. કચ્છના વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ વિશે દુલેરાય કારણીએ સુંદર કાવ્ય રચ્યુ છે. જેમા કચ્છની ભૂમિની વિશેષતા દર્શાવી છે.

''વંકી વાગડની ભૂમિ, જ્યાં નૈસર્ગિક કળા છલકાય
પત્થર પણ વીરત્વ પુકારે, મસ્તક જ્યા સસ્તા તોળાય''[૪]

આમ ભૂપૃષ્ઠની રીતે જોવા જઈએ તો કચ્છ સમગ્ર ગુજરાતમાં એક વિશિષ્ટ પ્રદેશ બની રહે છે.

## વિસ્તાર :-

સૌરાષ્ટ્ર અને સિંધની વચ્ચે કચ્છ પ્રદેશ કર્કવૃત પર આવેલ છે. કચ્છને અરબી સમુદ્ર અને કચ્છનો અખાત એવા બે દરિયા કિનારાનો લાભ મળ્યો હોવાને કારણે અહીં લગભગ ૧૬૦ કિ.મી. લાંબો દરિયા કિનારો છે. આવા દરિયા કિનારાને કારણે જ કચ્છમાં મુદ્રા, કંડલા જેવા ધમધમતા બંદરોનો વિકાસ થયો છે. કામણગારા કચ્છ પ્રદેશના વિસ્તારની બાબતમાં જોઈએ તો કચ્છનો સીમા વિસ્તાર ૧,૦૮,૬૩,૬૧૬ એટલે કે ૧૬૭૨૩.૮ ચોરસ માઈલનો છે. કચ્છની મુખ્ય ભૂમિનો પ્રાદેશિક વિસ્તાર ૫૩૧૨૩૨૦ એકર છે તેમાં ૭૪૧૫૦૦ એકર ખેડવાણ છે. ૧૪૬૬૦૦૦૦ એકર પડતર છે અને ૨૬૦૭૦૦૦૦ એકર જમીન ખરાબો છે. આ ઉપરાંત કચ્છના નાના-મોટા રણનો મળીને થતો ૫૫,૫૧,૨૯૬ એકર રણ વિસ્તાર છે. આ સપાટ ખારાપાટ તદ્દન વેરાન છે અને ચોમાસે તેમા પાણી ભરાઈ રહે છે. આ વિસ્તાર સિવાયના વિસ્તારોમાં ફળદ્રુપ ઘાસિયા મેદાનો, ડુંગરાળ ધારો તથા કાંટાવાળા વૃક્ષોથી છવાયેલ રણપ્રદેશ આવેલો છે. કચ્છના બન્ની વિસ્તારમાં ઘાસિયા મેદાનો છે. જે વિશ્વના પ્રસિધ્ધ ઘાસિયા મેદાનોમાં એક ગણાય છે. કચ્છમાં લાવારસને કારણે બંધાયેલ સળંગ ત્રણ જેટલી ડુંગરાઓની હારમાળા આવેલી છે. એકબીજાને અડીને ઊભી હોય તો દૂર સુધી ફેલાયેલી ડુંગરોની શ્રેણી કચ્છને પ્રાકૃતિક સૌંદર્ય બક્ષે છે. આ ડુંગરમાળા જાણે પ્રવાસીઓનું સ્વાગત કરી. સ્વભૂમિનો પરિચય કરાવવાને ઉભેલી જણાય છે. કાળો, ગોરો, ખડિયો, નીલવો, મેસાણિયો, ભંજડો તો વચ્ચેના ભાગમાં ધીણોધર, જારો, વારાળ, હબાય, જૂટણ, બેલાડી, કીરો, ધ્રુબવો, લકી, નનામો વગેરે જેવા કાળા ડુંગર વિશે શ્રી એલ.એફ. રશબ્રુક વિલિયમ્સ નોંધે છે. ''કચ્છના નૈસર્ગિક દશ્યોને અનેરુ સૌંદર્ય બક્ષનાર કચ્છના આ કાળા ડુંગર છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે જુદી જુદી આકૃતિવાળા તેના શિખરો અને ઘુમ્મટો અનેરા રંગોથી ઝળકે છે. ગ્રીષ્મઋતુમાં આ કરાળ ડુંગરોની બાજુઓ નીચેના પ્રદેશને શીતળતા આપે છે. તેની ઊંડી બખોલો અગોચર અને પહોંચી ન શકાય તેવી છે. જેમાં ગંભીર અને નીરવ શાન્તિ છવાયેલી રહે છે. કચ્છમાં જ્યાં જુઓ ત્યાંથી ડુંગરો દષ્ટિગોચર થયા વગર રહેતા નથી. આ ભૂમિના તેઓ દૈવી રક્ષકો છે'[૫] આ ડુંગરોમાં સૌથી ખાવડાનો 'કાળો ડુંગર' છે. જેની ઉંચાઈ ૧૫૨૫ ફૂટ છે. બીજો ધીણોધરનો ડુંગર ૧૪૬૮ ફૂટની ઉંચાઈ ધરાવે છે. આ સિવાય અનેક ડુંગરો કચ્છના જાણીતા બન્યા છે.

## મેદાનો :-

કચ્છના ડુંગરોના પ્રદેશ સાથે ઉત્તર અને મધ્ય ધારોની વચ્ચે પ્રાકૃતિક મેદાનો રચાયેલા છે. જો કે ઉડતી રેતી અને ક્ષારોએ ઘણી પ્રાકૃતિક ખેતીલાયક જમીન પર થર પાથરી દઈ તેને બિન ઉત્પાદક બનાવી દીધી છે. છતાં હાલમાં વિકાસની કામગીરી રૂપે કચ્છની રેતાળ જમીનને ફળદ્રુપ બનાવી ત્યાં ઉપજાઉ ફળોના પાક લેવાય તે માટેના પ્રયત્નો સફળતાને વર્યા છે. અનેક જગ્યાએ સિંચાઈ અને શ્રમના યોગ્ય સમાયોજનથી જમીનને પુનઃફળદ્રુપ અને ખેતી લાયક બનાવવાની કામગીરી આગળ વધી રહી છે. પરંતુ કચ્છની ખેતી માટે જે સૌથી વધુ જવાબદાર છે તે અહીંનો વરસાદ છે. કચ્છમાં વરસાદ વર્ષમાં માત્ર ૧૫ઈંચ પડે છે. વળી વર્ષમાં બે-ત્રણ વાર કમોસમી માવઠા પડે છે. આમ, વરસાદની અનિયમિતતા જનજીવનને પાંગરવા માટે સૌથી મુશ્કેલ પરિબળ છે.

## કચ્છની લોકમાતા :-

કચ્છ રણપ્રદેશ હોવાથી બારેમાસ વહેતી નદીઓ બહુ જ ઓછી છે. કચ્છની નદીઓ વિશે દુલેરાય કારાણી નોંધે છે.

''કો ભૂખી-સુકી નદીઓ પણ, કોકવહન્તી બારેમાસ,
કો મીઠી કો ભાંભળ, ખારી, કોક ધપન્તી રણ મોજાર,
કો પાયે સાગરમાં અંત, ગરવી કચ્છ ધરા ગુણવંત''[૬]

અહીંની મોટાભાગની નદીઓ રણપ્રદેશમાં જ સમાઈ જાય છે. જેમા ઉત્તર તરફ વહેતી નદીઓ બન્નીના રણપ્રદેશમાં મળે છે. જ્યારે દક્ષિણમાં વહેતી નદીઓ કચ્છના અખાતમાં તથા નાના રણને મળે છે. કચ્છનું નારાયણ સરોવર તો પુરાણ પ્રસિધ્ધ સરોવરોમાંનું એક છે. અને બીજુ શિણાય તળાવ પણ એટલું જ જાણીતું છે. જોકે સૂકા-વર્ષો દરમ્યાન આ તળાવો કોરા બની જાય છે.

કચ્છ પ્રદેશની પ્રાકૃતિક-રચનામાં રણ અને મહેરામણ પણ પોતાની અગત્યની ભૂમિકા ભજવે છે. પુરાણ કાળમાં તો કચ્છની ચો તરફ સમુદ્રના પાણી ઘુઘવતા હતા. કાળક્રમે કુદરતી આફતોને લીધે જળનું સ્થાન રણે લીધું. આજે રણ અને જળ ઉભયનો સમન્વય દષ્ટિગોચર થાય છે. અહીની આબોહવા સૂકી અને ગરમ છે. છતાં આરોગ્યને આનંદ આપનારી બની રહે છે. અહી શિયાળામાં ઠંડીનું પ્રમાણ ઘણું ઊંચુ રહે છે. જ્યારે શિયાળામાં દિવસે સખત ગરમી પડતી હોવા છતાં રાત્રે સાગરની લહેરો પરથી આવતો શીતળ પવન વાતાવરણમાં ખુશનુમાં લાવી દે છે. આથી જ રામસિંહજી રાઠોડે કચ્છની સંસ્કૃતિ દર્શન પુસ્તકમાં માતાના ખોળા જેવી હૂંફાળી કચ્છની ધરણીના ગુણગાન નીચેના દુહામાં ગાયા છે.

''શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ''[૭]

કચ્છ પ્રદેશની કથા કહેવા બેસીએ ત્યારે કચ્છમાં છલકતી કચ્છી પ્રજાઓને કેમ ભૂલી શકાય ? કચ્છમાં અનેક જ્ઞાતિના લોકો વર્ષોથી રહે છે. કેટલાક મૂળ કચ્છી છે તો વળી કેટલાક બહારથી આવીને કચ્છભૂમિ સાથે ઓતપ્રોત બનીને વણાઈ ગયા છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને હસ્તકલા છે. બહારથી આવેલા લોકોએ અહીંના લોકોના રીત-રિવાજો અપનાવીને આ પ્રદેશના સુખ દુઃખના સહભાગી બને છે. કચ્છની સમૃધ્ધિ વર્ણવતા પ્રાણગિરિ ગૌસ્વામી કહે છે.

''રહે નેસ બાંધી જહા માલધારી, ચરે ગાયને ભેંસના જૂથ ભારી,
દહીં દૂધને ધૃતની જોર જાણું અહા ! કચ્છની ભોમ શું વખાણું...''[૮]

## કચ્છનો બેનમૂન બન્ની પ્રદેશ :-

કચ્છ ધરાની ભાતીગળ, રચનામાં કયાંય વિશાળ લૂણને જોઈને આંખને થાક લાગે છે. તો આ રણની કાંધીએ આવેલ બન્નીને નિહાળતા આંખને લાગેલો થાક તરત જ હળવો બને છે. આ બન્ની એટલે ઘાસવાળો પ્રદેશ. સમગ્ર કચ્છ પ્રાંતમાં બન્નીનું મહત્વ ઓછું નથી. આમ, રણપ્રદેશની દક્ષિણે અને કચ્છ પ્રદેશની મધ્યમાં કચ્છનો હૃદયસમો બન્ની વિસ્તાર આવેલો ગણાય છે. કચ્છનો આ બન્ની વિસ્તાર આશરે બે લાખ બાર હજાર હેકટર જેટલો છે.

## બન્ની શબ્દની ઉત્પતિ અને બંધારણ :-

આગળ જણાવ્યું તેમ ઘાસથી ઘેરાયેલો વિસ્તાર બન્ની એ 'બનઈ' શબ્દનો અપભ્રંશ છે. કચ્છીઓ નવી ઉપજેલી જમીનને 'બનઈ' કહે છે. એવું કહેવાય છે કે પ્રાચીનકાળમાં બન્ની વિસ્તારમાં સિંધુ નદી વહેતી હતી. પરિણામે ત્યાં પશુઓ વસતા હતા. ખાસ કરીને ગાયો ત્યાં વધારે પ્રમાણમાં વિચરતી તેની ખરીઓને કારણે તે સ્થળ રેતાળ બન્યુ અને ત્યાં ઘાસ ઉગવા માંડયું વળી અન્ય નદીઓનો લાભ પણ આ જમીનને મળ્યો. પશુઓના છાણ-મૂત્રને લીધે ઉત્તમ પ્રકારનું ગણાવી શકાય તેવું હાલ આ ધરતી પર થવા માંડયું. ધીમે-ધીમે માલધારીઓનો વસવાટ થવા લાગ્યો અને આજે આ બન્ની વિસ્તારમાં પુષ્કળ માલધારીઓ પોતાના ગાય, ભેંસ, ઘેંટા, બકરા, ઊંટને ઉછેરીને પોતાનું ભરણ-પોષણ કરે છે. બન્નીનું પૌષ્ટિક ઘાસ ખાઈને ઉછરેલા ઢોરો ખડતલ છે. બન્નીનું સૌથી ઉત્તમ પ્રકારનું ઘાસ 'લાંપ' નામનું ખડ છે. કચ્છનું સાંસ્કૃતિક દર્શનમાં વર્ણન કરતા રામસિંહજી રાઠોડ નોંધે છે.

''ખુર સિંગ પુછ રૂપારીઉ સેણે જેંજી સિકક
ખન્ન વજે ખરકા, ખુંટારે બન્ની લોક''[૯]

બન્નીના વિકાસમાં મુખ્ય મુશ્કેલી તો પાણી છે. માત્ર ત્રણેક ઝીલોમાં બારેમાસ મીઠું પાણી મળી રહે છે ત્યાં કેટલાક માલધારીઓ કાયમ ટકી રહી રહે છે. બાકીના બીજા પોતાની ગાયોની ગોર સાથે

ઉનાળે અછતમાં કચ્છ-કંઠારનાં બીજા ગામોમાં જઈ આશરો લે છે. બન્ની વિશે પ્રમોદ જેઠી નોંધે છે. ''ભુજથી આજુબાજુ ૧૮ કિમી ચાલતા લોરિયા ગામ પછી ખાવડા સુધીનો વિસ્તાર 'બન્ની' કહેવાય છે. જેના ઉત્તર-પૂર્વ બાજુ 'ઉગમણી બન્ની' અને ઉત્તર- પશ્ચિમ બાજુ 'આથમણી બન્ની' તરીકે ઓળખાય છે.''[૧૦] કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ તાલુકાના ૧૬૦ ગામડા પૈકીના ૫૬ ગામડાં બન્ની વિસ્તારના છે. આ વિસ્તારની કુલ જમીનમાંથી પિયત વિસ્તાર ૬૪૦ લાખ એકર અને ખેડાણલાયક પિયત વિસ્તાર ૨.૨૮ લાખ એકર ગણાય છે. એમ કહેવાય છે કે અહીં 'બન્ની' અને 'ધાર બન્ની' વિસ્તારો હતા. પરંતુ ભારત-પાકિસ્તાનના ભાગલા પડતા 'ધાર બન્ની' તરીકે ઓળખાતો વિસ્તાર પાકિસ્તાનમાં સોંપાઈ ગયો, જ્યારે બન્ની પચ્છમની ઓળખ આજે સરહદી વિસ્તાર તરીકે બની છે. લગભગ અઢી-ત્રણ હજાર વર્ષથી આ વિસ્તાર માલધારીઓના પ્રદેશ તરીકે પ્રખ્યાત છે. આ બન્ની પ્રદેશને 'પીરનજો પટ્ટ' (પવિત્રલોકોની ભૂમિ) તરીકે ઓળખવામાં આવે છે. 'બન્ની' પ્રદેશ વિશે નોંધાતા ડૉ.ભરત પંડયા લખે છે. આઝાદી સમયે લગભગ ૪૦ જેટલા વાંઢ હોવાનું કહેવામાં આવતુ હતું. હાલના સમયે ૫૧ જેટલા વાંઢો છે. જેમાં ભીંરડીયારા, હોડકો, મીઠડી, ગોરેવાલી,સરગુ, ડુમાડો, લુણા અને ઘોરેડો મુખ્ય છે.''[૧૧]

## બન્નીની લોકમાતાઓ :-

બન્ની પ્રદેશની મુખ્ય નદીઓ જેવીકે ભૂખી, નરા, નિરાણો, રુદ્રમાતાવાળી, સામત્રાવાળી, નેત્રાવાળી, ડોણાવાળી, ખારીવાળી, કોયલો, કાંસવતી જેવી અનેક નાની-મોટી નદીઓ રણમાં સમાતા પહેલા બન્નીના ઘાસના મેદાન પ્રદેશમાં થઈને વહે છે. આ નદીઓના કિનારે પુષ્કળ પ્રમાણમાં ઘાસચારો ઉગી નીકળે છે. જેમા અલગ અલગ પ્રકારના ઘાસ થાય છે. જેમા 'લાંપ' નામનું ઘાસ ઉત્તમ પ્રકારનું છે. બન્નીના આ ફળદ્રુપ મેદાનોનો વિકાસ નદીઓને લીધે થયો છે. બન્ની પ્રદેશમાં ૧૩૧૫ કિ.મી.નો ચારણ વિસ્તાર છે. જ્યાંથી માલધારીઓને પોતાના પશુઓ માટે ઘાસચારો મળી રહે છે. હાલમાં બન્નીની ઘણી નદીઓ પર બંધ બાંધવામાં આવતા. તેના પાણીનો પ્રવાહ મેદાનો સુધી પહોંચતો નથી. જેથી અમુક વિસ્તારમાં ઘાસચારાની તંગી વરતાય છે.

## ઘાસના મેદાનો :-

બન્નીનો ભીંરડીયારો વિસ્તાર ઘાસ માટે પ્રખ્યાત ગણાય છે. બન્નીમાં વિવિધ પ્રકારના ઘાસ ઉગી નીકળે છે ? તેમા મુખ્ય ત્રણ જાતો વધારે જોવા મળે છે. લાણાસરી, મીઠીસરી, ખારીસરી વગેરે મુખ્ય છે. ઉપરાંત શીઆર, ગંધારો, લાંપ પૂછો, જીંજવો, ઉગાવ જોવા મળે છે. અહીંનું ઘાસ પશુઓનો મુખ્ય ખોરાક છે. અહીં પૌષ્ટિક ઘાસ ખાઈને દૂધાળા પશુઓ ગાય-ભેંસ, કચ્છ-બન્નીનું ગૌરવ વધારે છે ? ઘાસના મેદાનોમાં હાલમાં આડેધડ ગાંડા બાવળનો ફેલાવો વધ્યો છે. જે પર્યાવરણ માટે ચિંતાનો વિષય છે. આમ છતાં બન્નીના ઘાસના મેદાનો માલધારીઓ માટે સ્વર્ગ સમાન છે. કચ્છનો હાજાપીરથી ધમકડા

સુધીનો હરિયાળો વિસ્તાર બન્નીની ઓળખ જાળવી રાખે છે. બન્નીના ઘાંસિયા મેદાનોનો વિસ્તાર જ પશુપાલન માટે પ્રાણ સમાન છે. બન્નીના ઘાંસિયા મેદાનોમાં ગાયોના ઘણને ચરતા જોઈને લોકકવિએ યોગ્ય જ ગાયું છે.

''કારા ડુંગર કચ્છની ઘોરો ઘણ ચરે,
સિજ ઉલથે સામા અચે, કિસંધે ડુખ ટરે''[૧૨]

(કચ્છના ડુંગરા ભલે કાળા હોય પણ કચ્છની ગાયોના ઘણ ઘોળા છે. સંધ્યાટાણે આ ઘણ જો સામા મળે તો તેના દર્શનથી બધાંય દુઃખ ટળી જાય)

ગોપાલકોની સંસ્કૃતિ એજ બન્નીની અસલ સંસ્કૃતિ બન્નીની અસ્મિતા જળવાઈ તે માટે આ ઘાસના મેદાનોનું સંરક્ષણ કરી તેને હરિયાળું રાખવું આપણી સૌની ફરજ છે. ઘાસના મેદાનોમાં ચરતા પશુઓ અને ખૂંચરે પાણી પીતાં અને પશુઓને ચારતા માલધારી-આ બન્નીનો આત્મા છે. બન્નીમાં ત્રેવીસ પ્રકારના ઉત્તમ ખોરાક છે. આ ઘાસો પર બન્નીના પશુઓનો ઉછેર થાય છે અને મકાન બનાવવાની સામગ્રી પણ પ્રાપ્ત થાય છે. આ ઘાસમાંથી કેટલીક જાતના ઘાસ દુષ્કાળ સમયે માનવ આહારમાં પણ કામ લાગે છે. કેટલાક ઘાસને દેશ-વિદેશના વૈજ્ઞાનિકો અન્ય જગ્યાએ ઉગાડવાના પ્રયોગો કરી રહ્યા છે. રાજાશાહીના સમયમાં આ પ્રદેશ પશુપાલકો માટે સુરક્ષિત રાખવામાં આવતો હતો. આ ઘાસિયા મેદાનનો ઉપયોગ ફક્ત ગાય-ભેંસ, ઘેટા, બકરા જેવા દૂધાળા પશુઓના ઉછેર, પોષણ અને સંવર્ધન માટે કરવામાં આવતો.

### બન્ની પ્રદેશના મુસ્લિમ માલધારીઓની લોક સંસ્કૃતિ :

બન્ની વિસ્તારમાં મોટાભાગના મુસ્લિમ માલધારીઓ વર્ષોથી રહે છે. અહીના માલધારીઓ આશરે ૪૦૦ વર્ષથી ઈસ્લામ ધર્મનું પાલન કરે છે. તેઓ ગાય, ભેંસ જેવા દૂધાળા પશુઓને ઉછેરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. માલધારી એટલે ગોપાલકો તેમા રબારી, ભરવાડ, આયર, ચારણ જેવી જ્ઞાતિનો સમાવેશ થાય છે. આ જ્ઞાતિના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન રહ્યો છે. 'ભગવદ્ ગોમંડળ'ના સાતમાં ભાગમાં ભગવતસિંહે માલધારીની વ્યાખ્યા આપતા કહ્યું છે. માલ એટલે ઢોર-ઢાંખર રાખી ઉછેરીને તેના ઉપર ગુજરાન ચલાવનાર માણસ, ભરવાડ, રબારી, ચારણ, કાઠી વગેરે ઉપરની વ્યાખ્યા કચ્છ-બન્નીના માલધારીઓને લાગુ પાડી શકાય નહી. કારણ કે અહીંના માલધારીઓ મુસ્લિમ છે. બન્નીનો પ્રદેશ પશુઓ અને પશુ પાલકોના સખત પરિશ્રમ અને પ્રતિકૂળ પરિસ્થિતિનો પરંપરા અને સમૂહ જીવનનો, સાદગી અને કલાત્મક અભિરુચિનો સહજ, સ્વાસ્થ્ય અને દઢ વિશ્વાસોનો નિરંતર સંઘર્ષ અને મનોરંજનનો કઠોર વાસ્તવિકતા અને કમનીય કલ્પનાનો, અદ્‌ભૂત શિલ્પ અને રંગીનીઓનો જુદા-જુદા પ્રકારની વિવિધતાનો પ્રદેશ છે. બન્ની પ્રદેશ પોતાની પ્રકૃતિ, જનજીવન, હસ્તકળા અને કલાપ્રેમી તથા ઈતિહાસકાર માટે આકર્ષકભૂમિ છે.

બન્ની પ્રદેશ એટલે કે ભટકતા પશુપાલકોનો પ્રદેશ. અહીના પશુપાલક માલધારીઓને બન્નીયરો તરીકે ઓળખવામાં આવે છે. બન્ની પ્રદેશમાં દેશ-પરદેશ માંથી નવી-નવી પ્રજાઓ આવતી રહી અને તેનો વિસ્તાર વધતો રહ્યો. બન્નીયરોના વસવાટ વિશે નરેન્દ્રકુમાર જોષી જણાવે છે કે, ‘ઇસ્લામના આક્રમણ પહેલા જ્યારે સમાઓ સિંધમાંથી કચ્છમાં આવ્યા ત્યારે આ પ્રદેશમાં હિન્દુ માલધારી કોમો વસ્તી હતી. ઈસ્લામના પ્રબળ આક્રમણના પરિણામે ઈસ્લામનો અંગીકાર કરીને તે જ પ્રજાના વંશજો હાલમાં બન્નીમાં વસી રહેલા છે. મુસ્લિમ આક્રમણ સામે તેઓએ ધર્માન્તર કરવાનું સ્વીકાર્યું. પરંતુ પોતાનો પ્રિય પ્રદેશ અને વ્યવસાય છોડયો નહી’ આજે બન્નીમાં હિન્દુ-મુસ્લિમ બન્ને જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. મુસ્લિમોની સંખ્યા હિન્દુઓ કરતા વધારે જોવા મળે છે. બન્નીમાં જત, મુતવા નોડે, હિંગારેજા, જુણેજા, સુમરા, ભટ્ટી, હાલપૌત્રા, વગેરે મુસ્લિમ માલધારીઓ છે. જ્યારે હરિજનો અને વાંઢા કોળી હિન્દુ માલધારી તરીકે ઓળખાય છે. રાવ ખેંગાર ઈ.સ. ૧૫૩૪માં અમદાવાદથી પોતાની સાથે કચ્છમાં લાવેલ પઠાણોના વંશજો આજે પણ બન્ની પ્રદેશમાં વસવાટ કરી રહ્યા છે. એ જ પ્રમાણે મુતવા કોમના પૂર્વજો વર્ષો પહેલા અરેબિયાથી સિંધ થઈ કચ્છ-બન્નીમાં વર્ષોથી રહે છે અને ઈસ્લામ ધર્મને અનુસરે છે.

બન્નીની વસ્તી ચાલીસ ગામોમાં વસવાટ કરે છે. આ ગામોને બન્નીમાં ‘ઝીલ’ કહે છે. જળવાળી વસાહત એટલે ઝીલ. બન્નીયરો કુટુંબ સાથે સમૂહમાં રહે છે. ગાર, માટી અને ઘાસથી સજાવેલા ‘ભૂંગા’માં રહે છે. અતિશય ગરમીમાં ‘ભૂંગા’માં શીતળતાનો અનુભવ થાય છે. અહીંના માલધારીઓના પહેરવેશ, ખોરાક, વ્યવસાય, હસ્તકલા, ભાતીગળ જીવનશૈલીમાં લોક સંસ્કૃતિના આગવા દર્શન થાય છે. પશુ-પક્ષીઓ પ્રત્યે પ્રેમભાવ મુસ્લિમ માલધારીઓ હિન્દુઓની જેમ ગાયને માતા તરીકે પૂજે છે અને કયારેય ગાયનું માંસ આરોગતા નથી. મોટાભાગના મુસ્લિમો શાકાહારી છે. આંગણે આવેલા મહેમાનોનું પ્રેમભાવપૂર્વક આદર સત્કાર કરવો. તેમની વાણી-વર્તનમાં માલધારી સંસ્કૃતિની એક અનોખી છાપ જોવા મળે છે.

**ખાનપાન :-**

બન્નીના મુસ્લિમ માલધારી શાકાહારી અને માંસહારી બન્ને પ્રકારના ખોરાકનો ઉપયોગ કરે છે. શાકાહારી ખોરાકમાં જુવાર, બાજરી, મકાઈના રોટલા અથવા ઘઉંની રોટલી સાથે લીલા શાકભાજી, કઠોળ અને અથાણાનો ઉપયોગ કરે છે. માલધારીઓનું જીવન સાદાઈવાળુ એટલે તેમનો ખોરાક પણ સાદો જ હોય. પશુઓ સાથે આખો દિવસ ઘાસના મેદાનમાં ભટકતા માલધારીઓ દૂધ, રોટલો અને લાલ મરચુ કે ડુંગળીનો દડો આરોગી દિવસ પસાર કરે છે. શાકભાજીનો ઉપયોગ દિવસમાં એકવાર કરે છે. દૂધ, ઘી, માખણ, છાશ, માવો, ગોળનો ઉપયોગ છૂટથી કરે છે. લગ્ન પ્રસંગે સગાઈમાં વિવિધ

વાનગીઓનો ઉપયોગ કરતા થયા છે. દુષ્કાળના સમયમાં અહીનાં ગરીબ માલધારીઓ, 'આઉ' નામના ઘાસના રોટલા બનાવીને ખાય છે. અથાણું પાપડ, વિવિધ જાતના ફળો, સૂકો મેવો વગેરે અમીર માલધારીઓને ત્યાં જ જોવા મળે.

### પોશાક :-

બન્નીમાં વિવિધ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. તેથી પોશાકમાં વિવિધતા જોવા મળે છે. બન્નીની માલધારી સંસ્કૃતિ પ્રખ્યાત થવા પાછળ ત્યાંની સ્ત્રીઓનો પહેરવેશ મુખ્ય છે. બન્ની પ્રદેશની માલધારી બહેનો ઇજાર, કંજરી, ઘાઘરો, ગંજ વધુ પહેરે છે. અહીં લાજપ્રથા હોવાને કારણે માથે ઓઢણી નાખી લાંબો ઘૂમટો રાખે છે. કુંવારી કન્યાઓ ભરતકામ કરેલો 'ચોલો' પહેરે છે. અહીની સ્ત્રીઓ ઘરેણાની પણ એટલી જ શોખિન છે. ગળામાં ઝરમર, વારલો, એકદાણો, નાકમાં ભુલ્લો અને સરી, કાનમાં લટકણિયા, નસબી અને બુંદા ધારણ કરે છે. પગમાં ચાંદીના કડલા અને હાથમાં ચૂડી, ચૂડલો કે બલોયા પહેરે છે. અમીર માલધારી સ્ત્રીઓના ઘરેણા સોના-ચાંદીમાંથી બનાવેલા હોય છે. જ્યારે ગરીબ લોકોના ઘરેણા ચાંદી, તાંબા, પિતળના બનેલા હોય છે. આમ બન્નીની મુસ્લિમ માલધારી બહેનો નખશિખ ઘરેણા પહેરવાની શોખીન છે. અહીંના માલધારી પુરુષો પોત, સલવાર અને ખમીસ પહેરે છે. અતિશય ગરમ પ્રદેશ હોવાથી પુરુષો ખુલતાં કપડા ધારણ કરે છે. માથાના રક્ષણ માટે માથાબંધણું કે રંગબેરંગી રૂમાલ બાંધે છે. પશુઓ પાછળ આખો દિવસ ભટકવું પડતું હોવાને લીધે પગમાં ચામડાના મજબૂત બૂટ કે ચંપલ પહેરે છે. મુસ્લિમ માલધારીઓ ઘરેણાં પહેરતા નથી. પરંતુ અમુક લોકો હાથમાં ચાંદીનું કડું પહેરવાના શોખીન છે. અહીં પાણીની અછત હોવાને કારણે કપડાનો રંગ, જાંબલી, પીળો, કાળો વધુ જોવા મળે છે. જે જલદી ધોવા પડતા નથી.

### વ્યવસાય :-

જંગલમાં મંગલ કરી રહેનારા આ બન્નીયરોનું મુખ્ય કાર્ય પશુપાલન અને પશુ સંવર્ધન છે. દૂધ અને દૂધની વિવિધ બનાવટો વેચીને તેમાંથી આવક મેળવવીએ તેમનો મુખ્ય વ્યવસાય છે. અહીની માલધારી સ્ત્રીઓ ઘરકામની સાથે પૂરક પ્રવૃત્તિ તરીકે હસ્તકલામાં પારંગત છે. બન્નીની બહેનોએ 'બન્ની ભરત' નામની આગવી ઓળખ અપાવી છે. બન્નીનું ભરતકામ સુકુમાર રેખાંકન રંગોની મોહક પસંદગી અને આભલાંના સુચારું ઉપયોગને કારણે ખ્યાતનામ બન્યું છે. સામૈયુ, ચાકળા, ચંદરવા ટાડેલિયા, પછીતપાટી, જેવા ભરતકામના નમૂના અહીની સ્ત્રીઓની ઉચ્ચકક્ષાની સૌંદર્ય માટેની સમજ દર્શાવે છે. બન્નીના ભરતકામમાં રંગ, ભાત, આકૃતિ અને ઉઠાવમાં આપણી પુરાતન સંસ્કૃતિના અનેકવિધ અંગ તથા અંશ સચવાયેલા જોવા મળે છે. કચ્છમાં 'રણોત્સવ' દર વર્ષે ઉજવાય છે. આ ઉત્સવમાં ભાગ લેવા દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. જેનાથી બન્નીભરતના વેચાણનો નવો માર્ગ ખૂલ્યો. ગૃહઉદ્યોગ દ્વારા

ઉત્પાદિત વસ્તુઓને નવુ બજાર સાંપડયુ. કારીગરોને ઉત્પાદનની સારી કિંમત પણ મળવા લાગી, પ્રવાસન ઉદ્યોગ સાથે બન્નીના કલાકારોને પણ પ્રોત્સાહન મળ્યુ, લોકનૃત્યકારો અને લોકગાયકોને વ્યવસાયની ઉજળી તક પ્રાપ્ત થઈ છે.

## રીત-રિવાજ :-

બન્નીના મુસ્લિમ માલધારીઓના જન્મ થી લઈને મૃત્યુ પર્યત ઘણા લોકિક રીત-રિવાજ છે. મૂળ પાકિસ્તાનના સિંધમાંથી આવેલી આ પ્રજા ઇસ્લામ ધર્મને અનુસરે છે. તેમનો મૂળ વ્યવસાય પશુપાલનનો પણ રીત-રિવાજોમાં મુસ્લિમ સમાજમાં જોવા મળતી પરંપરાને અનુસરે છે.

(૧) બન્નીના મુસ્લિમ માલધારીઓમાં બાળકના જન્મ પહેલા કોઈ રિત રિવાજ જોવા મળતા નથી. અહીં બાળકનો જન્મ સ્ત્રી દ્વારા કરાવવામાં આવે છે તેને 'હાથ' કહે છે. અત્યારે તો ઘણી સ્ત્રીઓની પ્રસૂતિ નજીકના દવાખાને પણ કરવામાં આવે છે. પરંતુ બાળકનાજન્મ પછી તરત જ તેને મોલવી પાસે લઈ જવામાં આવે છે અને મૌલવી તેના જમણા કાનમાં 'અજાન' ના શબ્દો કહે છે અને ડાબા કાનમાં 'તકબીર' કહેવાય છે.

(૨) બાળક્ના જન્મ થયા પછીના સાતમે દિવસે કુટુંબ-પરિવારની સ્ત્રીઓ સાથે મળીને જે વિધિ કરે છે તેને અકીકોવિધિ કહે છે. પરિવારની સ્ત્રીઓ પૂરતી આ મર્યાદિત વિધિ રહે છે. જે અંગેની માહિતી અન્ય વ્યકિતને આપવામાં આવતી નથી. જો પુત્રનો જન્મ થયો હોય તો આ દિવસે બકરી કે બકરાનો વધ કરવામાં આવે છે.

(૩) બન્નીની મુસ્લિમ માલધારી સ્ત્રીઓ ઘર, કુટુંબના વડીલોની લાજ કાઢે છે. આ વર્ષો જુનો રિવાજ છે. હાલમાં આ પ્રથા ઓછી થતી જાય છે. પરવિારના વડીલની ઉપસ્થિતિમાં પતિ-પત્ની વાતચીત પણ ન કરી શકે અને આ રીતે વડીલોની માન-મર્યાદા જાળવી રાખે છે.

(૪) મુસ્લિમ માલધારીઓમાં નજીકના સગા-સંબંધીઓમાં જ સગાઈ ગોઠવાય છે. સગાઈનું નક્કી થાય ખીરપીણું અથવા રૂપિયો જલાવવાની રસમ રાખવામાં આવે છે. સગાઈ વિધિમાં છોકરાપક્ષવાળા કન્યા માટે ગજ, પુતારો, કંજરી, તેમજ સોના-ચાંદીના આભૂષણો આપે છે. જ્યારે કન્યાપક્ષવાળા વરરાજો સાલ આપે છે. તેને 'રેંટો' કહે છે. સગાઈ પછી બે-ત્રણ વર્ષે લગ્ન થવાના હોય તો મહોરમ કે રમઝાન ઈદ જેવા ધાર્મિક પ્રસંગે કન્યાને વરપક્ષ તરફથી કપડાં તથા અન્ય ઉપયોગી ચીજવસ્તુ ભેટ તરીકે અપાય છે.

(૫) લગ્ન પ્રસંગે બન્નીના મુસ્લિમ માલધારીઓમાં અનેરી રોશની જોવા મળે છે. લગ્નમાં નાની-મોટી અનેક વિધિઓ સમાજની પરંપરા મુજબ કરવાની હોય છે. લગ્નમાં વનાય બેસે, અખિયો બંધાવવો, સાંજી, ખીડી, નિકાહ અને વિદાય વગેરેવિધિઓ સમાજના તથા પરિવારના વડીલોની હાજરીમાં કરવામાં આવે છે.

## વનાયબેસે :-

લગ્નની તારીખ, તિથિ, વાર નક્કી થવા પહેલાના ચાર-પાંચ દિવસે વનાય બેસાડાય છે. વનાય બેસે પછી વર-કન્યા ઘરથી બહુ દૂર જઈ શકતા નથી. પરિવારના સભ્યો આ દિવસો દરમ્યાન લગ્નવાળાને ત્યાં ભેગા મળીને વનાડો ખાય છે. તેનું પણ ગીત ગાય છે.

''નથડી ગડાઈધો લાડો  હેતે લઈ મીના જડાઈ ધો લાડો
મકે લઈ મીના તાં સવાલથી સોનજી લઈ રોપડો રે !
લીધો અચે લઈ વાગુ તો મૈયાધિન પીરજ્યુ,"
લઈ અંતર છંછીધો અચે''[૧૫]

## મહેંદી રસમ :

નિકાહની આગળની રાત્રિએ વર-કન્યાને હાથે-પગે મહેંદી મૂકાય છે. પરિવવારના તથા સગા સબંધી લગ્નપ્રસંગે સૌ સાથે મળીને ગીતો ગાય છે. નિકાહની આ રાત્રિને શોની રાત્રિ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે સમયે વરરાજાના સ્ત્રીઓ, કાકા, મામા, ભાઈ, વગેરેના નામના ઉલ્લેખ સાથે ગીતો ગાય છે.

મહેંદી ભુરલજી કાકે આંધે કે લાલ મહેંદી
હથડા રંગે લાડો હથડા રંગેરે,
પરડા ચિત્ર ભુરલજી ચાંગે ન ચદઈ રે હતો,
લાલ મહેંદી હથડારંગ રે.
હથે લગી મહેંદી, પેરે લગી મહેંદી [૧૬]

## અખિયો બંધાવવો :-

અખિયો બંધાવવો એટલે સફેદ કપડાને હળદરવાળા પાણીમાં પલાળી તેમાથી આંખના માપ મુજબનું કપ્ડું કાપી લે છે પછી તે કપ્ડું વરરાજાના મોઢા પર બાંધે છે અને કન્યાને તેના વાળ સાથે બાંધી રાખવાનું હોય છે તેને મુસ્લિમ માલધારીઓ અખિયો બંધાવવો કહે છે.

## નિકાહ :-

મુસ્લિમ માલધારીઓમાં નિકાહ માટે વરરાજાને મસ્જિદમાં લાવવામાં આવે છે. મસ્જિદમાં કાજી દ્વારા વરરાજાના પિતા અને કન્યાના પિતાને સામ સામે બેસાડવામાં આવે છે. તે સમયે કન્યા પોતાના પિતાના ઘરે હોય તો સમાજના બે-ત્રણ વડીલો કન્યાને પૂછવા જાય છે. 'તને આ નિકાહ મંજૂર છે ?'ત્યારે

કન્યા એ વાત માન્ય રાખી કહે છે કે, મંજૂર છે. આમ ત્રણ વાર પૂછવામાં આવે છે નિકાહ મૌલાના સાહેબ પઢાવે છે અને ત્યારે કુરાનની આયાતો પઢે છે. જેને 'ખુતબો નિકાહ' કહેવામાં આવે છે. નિકાહ પૂરી થયા બાદ વરપક્ષ તરફથી કન્યાને મહેર આપવામાં આવે છે. તેમા કીંમતી વસ્ત્રો અને આભૂષણો અપાય છે. લગ્ન ખૂબ સાદગીથી પતાવવામાં આવે છે. લગ્નમાં દહેજ પ્રથા નથી. અત્યારે તો સમાજના વડીલો દ્વારા કાગળ ઉપર વર-કન્યાની સહી લેવામાં આવે છે નિકાહ સમયે ગવાતુ ગીત.

''અઘલ તોખે પરણાયાં
તોખેમાં હર પરણાયાં,
બાંધણા ગુરાયા,
લાડલ તોખે પરણાયાં,
માં જોડે પિરાયા
તોખેમાં હર પિરાયા''[૧૭]

## મૃત્યુ :-

બન્નીના મુસ્લિમ માલધારીઓ વ્યક્તિના મૃત્યુ પછીની જે વિધિ કરવામાં આવે છે તે કચ્છના મુસ્લિમ સમાજની પરંપરા પ્રમાણે કરે છે. સૌ પ્રથમ મૃત્યુ પામનાર વ્યક્તિના મૈયતને સ્નાન કરાવી તેને નવુ કફન ઓઢાડી મૌલાના દ્વારા નમાજ પઢવામાં આવે છે. ત્યારબાદ સૌ ભેગામળીને જનાજો લઈ કબ્રસ્તાનમાં લઈ જાય છે. દફનવિધિ વખતે સાથે મળી દુઆ માંગે છે. આમ જન્મથી લઈ મૃત્યુ સુધીના રીત-રિવાજોમાં ત્યાંનુ લોકજીવન અને લોક સાંસ્કૃતિક પરિવેશ જોઈ શકાય છે.

## ધાર્મિક સંસ્કારો :-

મુસ્લિમો જે ગામમાં વસવાટ કરતા હોય ત્યાં મસ્જિદ અવશ્ય જોવા મળે છે. બન્નીના મુસ્લિમ માલધારીઓ દિવસમાં પાંચ વખત નમાજ પઢે છે. જોકે તેમા કોઈ ફરજિયાત કે બંધન નથી. પણ ગામમાં હાજર હોય તે મસ્જિદમાં જઈ નમાજ પઢે છે. કુરાન, શરીફના શબ્દો ઉચ્ચારે છે. તેમનામાં 'હજ' કરવાનું ધાર્મિક મહત્વ રહેલુ છે.

### અજાન :-

દિવસ કે રાત્રિની દરેક નમાજની પંદર મિનિટ અગાઉ નમાજનો સમય થઈ ગયો છે તેની જાણ માટે અવાજ કરે તેને અજાન કહે છે.

### ફજર :-

આ નમાજ સૂર્ય ઉગવાના પહેલા બે કલાક અગાઉ વહેલી પરોઢે પઢવામાં આવે છે.

**જોહર :-**

મધ્યાહ્ન પછી પઢવામાં આવે છે.

**અસ્સર :-**

સાંજના ચાર-પાંચ કલાકે પઢવામાં આવે છે.

**મગરીબ :-**

સૂર્યાસ્ત સમયે પઢવામાં આવે છે.

**ઈશા :-**

સૂર્યાસ્ત પછી બે કલાકે પઢવામાં આવે છે.

સપ્તાહમાં દર શુક્રવારે એક મોટી નમાજ પઢવામાં આવે છે જેને 'જુમા' તરીકે ઓળખવામાં આવે છે. તેમા મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો સાથે મળીને નમાજ પઢે છે.

## બન્નીયરોની લોક સંસ્કૃતિ :

બન્નીના ગ્રામ્ય વિસ્તારોમાં તથા રણકાંઠે વસતા માલધારીઓની વસાહતો છે આ માલધારીઓ મૂળભૂતરૂપે હિન્દુ છે. સિંધમાંથી ઈસ્લામી આક્રમણ પહેલા અહી આવીને વસવાટ કર્યો હતો. પરંતુ ઈસ્લામી આક્રમણોના કારણે ત્યાં વસ્તી મૂળ હિન્દુ પ્રજાએ પણ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો. આમ, અહીંના માલધારીઓ મૂળભૂત રૂપે હિન્દુ છે. પાછળથી તેમણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હોવાથી તેમની સંસ્કૃતિ અને રીત રિવાજોમાં હિન્દુ-મુસ્લિમ બન્ને સંસ્કૃતિનો સંગમ જોવા મળે છે. બન્ની સંસ્કૃતિ વિશે ડૉ. ભરત પંડયા લખે છે કે ''બન્ની સંસ્કૃતિ તેના વિશિષ્ટ ભૌગોલિક પરિવેશની નિપજ છે. બન્નીના લોકજીવન પર અસર કરનારી બાબતોમાં ભૌગોલિક વિશિષ્ટતા, ધાર્મિક માન્યતાઓ, સામાજિકરૂઢિઓ તેમજ કળા, સ્થાપત્ય આદિ ગણી શકાય. વિવિધ સ્થળોથી યવન, ગુર્જર, આભીર કાઠી, આહિર, જત, રબારી જેવી જાતિઓ સ્થળાંતર કરી અહીં આવીને વસી ગઈ. આ ઉપરાંત ગુજરાત, સિંધ, રાજસ્થાન જેવા પાડોશી ભૂમિભાગોમાંથી  પણ લોકો આવ્યા. સ્થાનિક પ્રજા સાથે તેમનું સાંસ્કૃતિક સંમિલન થયુ અને આવી વર્ણશંકર જાતિ અને પ્રજામાંથી અનેક સંસ્કૃતિઓનું મિશ્રણે જે નવી સંસ્કૃતિનું નિર્માણ કર્યુ તે બન્નીયરોની સંસ્કૃતિ તરીકે ઓળખાઈ. એ સંસ્કૃતિમાં પેઢી દર પેઢી અનેક સંસ્કૃતિના રિવાજો, માન્યતાઓ, વિચારસરણી, લોકાચારોનું વહન થયેલું છે. બન્ની પ્રજાની દિલાવરી તેમજ તેમની હસ્તકલા હુન્નર તેમજ તેમના લોકાચાર સંસ્કૃતિની સહિયારી અસરનો જ ભાગ ગણી શકાય.''[૧૮]

બન્નીમાં મુખ્યત્વે માલધારીઓની જાત વધારે જોવા મળે છે. જેવી કે જત, મુતવા, હાલેપાત્ર, રાયસીપોત્રા, બંભા, નોડેજા, પઠાણ વગેરે છે. આ ઉપરાંત અન્ય જાતિના લોકોમાં ખત્રી, કુંભાર, મયગ્વાલ, પારઘી, મારવાડી, લખિયા વગેરેનો સમાવેશ થાય છે. બન્નીમાં હરિજનો અને વણકરોની વસ્તી મયગ્વાસ લોકોની છે એમણે બન્નીની અસ્મિતાને સંપૂર્ણપણે જાળવી રાકી છે. આમ ગાયોના રક્ષક માલધારીઓ જ બન્નીની સાચી ઓળખ છે. દુષ્કાળ, ધરતીકંપ, આંધી જેવી કુદરતી આફતોને કારણે ઘણી પેઢીથી બન્ની વણઝારાની ભૂમિ રહી છે. આમ, છતા હસ્તકળા અને પશુપાલન ક્ષેત્રે બન્નીયરોએ એક આગવી ઓળખ ઊભી કરી એજ બન્નીની વિશિષ્ટ સંસ્કૃતિ છે.

## બન્ની વિસ્તારના આવાસ :-

બન્નીના માલધારીઓ જ્યાં પાણીની પૂરતી સગવડતા હોય ત્યાં નાની-મોટી વસાવત સ્થાપીને વસવાટ કરે છે. પાણીવાળા સ્થળને ‘ઝીલ’ અથવા ‘વાંઢ’ નામે ઓળખવામાં આવે છે. બન્નીમાં આવા આશરે એકાવન વાંઢો છે. આવા વાંઢોમાં શીરવો, હોડકો, ભીરંડીયારો, ભિટારો વગેરે મુખ્ય છે. તેમાં જત, મુતવા, સુમરા, હિગરેજા, નીડો, હાલેપાત્ર જાતિના મુસ્લિમ માલધારીઓ વર્ષોથી વસવાટ કરે છે. વાંઢની અંદર બન્નીયરો પોતાના રહેવા માટે જે મકાન બનાવે તેને ‘ભૂંગા’ના નામે ઓળખવામાં આવે છે. ‘ભૂગાં’ કાચી માટીથી બનાવેલા ગોળાકાર ઝૂંપડા છે. જેને વાંસના ટેકે ઊભા કરવામાં આવે છે. તેની છત વાંસ અને ઘાસને ગૂંથીને બનાવવામાં આવી હોય છે. આ છત એટલી મજબૂત બનાવેલી હોય છે કે તેમા વરસાદ, ટાઢ કે ગરમીની ઝાઝી અસર થતી નથી. આવા ‘ભૂંગા’ જુદા જુદા આકારના બનાવેલા જોવા મળે છે. તેને મનમોહક રંગોથી લીંપવામાં આવે છે બહારથી એક સરખા લાગતા ભૂંગાઓની અંદર રંગોની અને સીતારાઓની રંગોળી જેવી રચના માણવા લાયક હોય છે. આ ભૂંગાનું બીજુ નામ ‘પખો’ છે. તેની ચારે બાજુ ૧૦ થી ૧૫ ફૂટ ઊંચી કાંટાળી વાડ કરવામાં આવે છે. જેથી માલધારીઓ પોતાના પશુઓને સુરક્ષિત રાખી શકે. આ વાડ આગળ બાવળના લાકડાનો દરવાજો રાખવામાં આવે છે. જેને ‘ધગડિયો’ કહે છે. માલધારીઓ પોતાની જરૂરિયાત મુજબ બે-ત્રણ ‘ભૂંગા’ પોતાના અંગત વસવાટ માટે ઊભા કરે છે. આમ ભૂંગાની બાંધણી અને તેની અંદર હૈયુ ઠાલવીને પૂરેલા રંગોને જોઈને જ આશ્વર્યચકિત થઈ જવાય છે. હાલમાં તો માલધારીઓની પરિસ્થિતિ બદલતા ભૂંગા માં ટીવી, સોફાસેટ, ડાઇનીંગ ટેબલ વગેરે આવી ગયા છે. પરંતુ પરંપરાગત બન્નીના ઘરોમાં પાટલો, પાટલી અને પાથરણા માટે ધડકી કે શેત્રંજી જ રાચરચીલામાં જોવા મળે છે. મહેમાનોના આદર-સત્કાર માટે ખાટલા પર પાથરણુ પાથરવામાં આવતું હતું.

વહેલી પરોઢે માલધારી સ્ત્રીઓ લાકડાના ‘જંગણિયા’માં  છાસ વલોવીને તાજુ માખણ બહાર કાઢે છે. ત્યાર પછી છાસને માટીના મોટા ગોળામાં ભરી રાખે છે. રસોડામાં જુદી જુદી ચીજ વસ્તુઓ

ટાંગવા માટેના હૂક લગાવેલા હોય છે. જેમા ડુંગળી, લસણ કે સૂકવણી કરેલી શાકભાજી રાખવામાં આવે છે.

વરસાદની અનિયમિતતાને કારણે પોતાનું વતન છોડીને દુષ્કાળ ગાળવા અન્યપ્રદેશમાં જવાનું હોવાથી બન્નીયરો પોતાના ઘરમાં ઘરવખરી ઓછી રાખે છે. જરૂરિયાત મુજબ માટીના ચૂલા, ગોળા, તાવડી, એલ્યુમિનિયમની કથરોટ અને તાંસળા તથા ત્રણ-ચાર નાની-મોટી તપેલી જેવા વાસણો જ તેઓ રાખે છે. માલધારીઓ રોટલા-રોટલી, લાકડાના પાટલા અથવા કપડાના નાના-ટુકડા પર મૂકીને ખાય છે થાળીનો ઉપયોગ કરતા નથી. સાંજના વાળુમાં મોટેભાગે માટીની હાંડલીમાં ચૂલે ચડાવેલી ખીચડી આરોગે છે. આમ, સાદુ, સ્વચ્છ જીવન બન્ની લોકોની આગવી વિશેષતા છે.

બન્નીના માલધારીના ઘરમાં દરેક વસ્તુને કલા-કારીગરીથી શણગારેલી હોય છે. તેમના ઘરની દીવાલો રંગોની ચીતરેલી હોય છે. ભૂંગાની અંદર માટીની અભેરાઈ જોવા મળે છે. તેના પર તાંબા-પિત્તળના વાસણો હારબંધ ગોઠવેલા હોય છે. વાર-તહેવારે તેને માંજીને ચકચકિત કરવામાં આવે છે. ભૂંગાની રચનામાં કલ્પનાના રંગોને સાક્ષાત્કાર કરનાર કળા માલધારીઓના જીવનના રંગોની સમજણ આપે છે. અનાજ ભરવાની કોઠી કે કિંમતી વસ્ત્રો અને આભૂષણ મુકવાની ‘મજૂસ’માં પણ હીરભરત અને આંભલાં ટાંકેલા જોવા મળે છે. પટારા જેવી મોટી મજૂસો પર માલધારી સ્ત્રીઓ ખૂબ ઝીણવટથી હીરગૂંથણ કરે છે. તેની રંગગૂંથણી અને આકૃતિનો કસબ રોનક વધારી દે તેવો હોય છે. જેમા બન્નીયરોની અનેક પેઢીનો કલા-વારસો ઊતરી આવેલા દેખાય છે. અભણ અને અબુધ લાગતી માલધારી સ્ત્રીઓની હસ્તકળા ખરેખર બેનમૂન છે. તેમ કહી શકાય. પ્રત્યેક ભૂંગામાં છાસ વલોવવાના ‘રવૈયા’ જોવા મળે છે. આહીરોની યાદવ કોમની યાદ અપાવે તેટલુ સામ્ય આ ભૂંગાઓની ઘરવખરી જોતા જણાય છે. ગોકુળમાં છાસ વલોવતી જશોદામૈયાવાળુ શબ્દચિત્ર અહીંના ભૂંગામાં પ્રત્યક્ષ અનુભવાતુ હોય તેવું લાગે છે. જે ગોપાલન સંસ્કૃતિ ની આગવી ઓળખ આપે છે.

બન્નીમાં આવી નાની-મોટી વસાહતોની વચ્ચે એકાદ દેશી નળિયાવાળી પાકી મસ્જિદ બાંધવામાં આવી હોય છે જ્યાં લોકો નમાજ માટે ભેગા થાય છે. બન્નીના વિકાસમાં મુખ્ય મુશ્કેલી તો પાણીની છે. માત્ર ત્રણેક ઝીલોમાં બારેમાસ મીઠું પાણી મળી રહે છે અને ત્યાં કેટલાક માલધારીઓ ટકી રહે છે. બાકીના બીજા પોતાની ગાયોની ગોર સાથે ઉનાળે અછતમાં કચ્છ-કંઠારનાં બીજા ગામોમાં જઈ આશરો લે છે. ચોમાસે બન્નીના ઢંઢો, નેરાને, ઢોરાઓમાં ચોમાસાનું ભેગું થયેલુ મીઠું પાણી મળી રહે છે. આ પાણી ખલાસ થયે તેઓને નેસે-નેસે સંખ્યાબંધ ખૂયરા (કુવા) કરવા પડે છે. આ ખૂયરામાં આશરે દસ થી બાર ફૂટ ઉંડાઈની સપાટીમાં મીઠું પાણી નીકળે છે. ખૂંયરામાં બાવળની મંજી ઉતારી તેમાંથી ચડાથી તેમાંથી પાણી સીંચે છે. નેસ ઉપર માટીના હવાડા બનાવી તેમાં ઢોરોને પાણી પાય છે. આવા સમયે પશુઓને એકજ વાર દૂધ દોહતી વખતે સવારમાં પાણી મળે છે. પછી તે ઘાસના મેદાનમાં ચરવા ચાલ્યા જાય છે.

અતિ પાણીની તંગી હોય ત્યારે એકાંતરે પશુઓને પાણી મળે છે. જ્યારે ખૂયરાંનું પાણી ખૂટે ત્યારે માલધારીઓ હિજરત કરી પાણીવાળા સ્થળે સ્થળાંતર કરવું પડે છે. માલધારીઓને આમા ઘણુ નુકસાન વેઠવું પડે છે.

બન્નીમાં વરસાદ ખૂબ જ ઓછો પડે છે તેથી ઘાસના મેદાનો દિન-પ્રતિદિન સુકાતા જાય છે. આથી મેદાનોમાં દેશી બાવળ, પીલુ, પલી, જેવી વનસ્પતિ ઉગાડવી જોઈએ. રણને આગળ વધતુ અટકાવવા સરકાર ઘણી યોજના લાવી છે. નર્મદાના નીર કચ્છના રણમાં પહોંચે તો ફરી આ પ્રદેશ 'રણ' ને બદલે 'વન'માં ફેરવાઈ જાય. સરકાર માત્ર બે કાર્યો સારી રીતે પાર પાડે તો બન્નીયરોની જિંદગી ખુશખુશાલ થઈ શકે (૧) બે લાખ બાર હજાર હેકટર જેટલું ઘાંસિયુ મેદાન હરિયાળુ રાખવુ, (૨) બન્નીના અંતરિયાળ વિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડવુ. આ બે કાર્યો સફળ થાય તો બન્નીના માલધારીઓનો વિકાસ આપોઆપ થયો ગણાશે. બન્નીના માલધારીઓ સ્વમાની, ટેકીલા અને ખુમારીવાળા છે. તેઓ મહેનતુ હોવાને કારણે સ્ત્રી-પુરુષો ઘાટિલી કાયા ધરાવે છે. સતત કુદરત સામે ઝઝૂમતા આવા માલધારીઓની વિશેષતા નોંધતાં લેખક નરેન્દ્રકુમાર જોષી લખે છે, (૧) બન્ની પ્રદેશમાં આશરે ત્રીસથી ચાલીસ હજાર ગાયો છે. ભેંસો પણ છે. અત્યાર સુધી તો ગાયોનું દૂધ વાછરડાને ધવડાવતા અને વધે તો બન્નીયર લોકો વેચતા હતા. હવે તો શહેરમાં દૂધની જરૂરત વધી છે. તેથી બન્નીથી ભૂજ સુધી દૂધ વેચવા આવે છે. કોઈ સૌદ્ધાંતિક બાધ નથી. તેથી બન્નીનું દૂધ પધ્ધતિસર એકઠુ થાય છે અને વિતરણ થતાં વધે તેમાંથી અન્ય પેદાશો થાય તો બન્નીયરોને આર્થિક લાભ વધે.$_{૧૯}$ આમ છતાં છેલ્લા બે દાયકામાં બન્નીનો વિકાસ સારો થયો છે. તેમ છતાં ભૂંગામાં રહેલા માલધારીઓની બદલાતી જીવનશૈલી જ તેમની સાચી ઓળખ છે તેમ કહી શકાય.

## બન્ની પ્રદેશ :- વનસ્પતિ અને પર્યાવરણ સંદર્ભે :-

બન્ની પ્રદેશમાંથી સિંધુ નદીની એક શાખા પસાર થઈ ખંભાતના અખાત તરફ વહે છે. તેથી બન્ની પ્રદેશ આખો કાંપથી બનેલો છે ત્યાં ઉત્તમ પ્રકારના અલગ-અલગ ઘાસ જોવા મળે છે. કાંપના મેદાનો ઘાસિયા મેદાનને વિકસવા માટે ખૂબ અનુકૂળ છે. બન્ની પ્રદેશના ડુંગરાળ વિસ્તારમાં પણ અનેક પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. કચ્છ-બન્નીની આબોહવા વિષમ છે. ત્યાં ઠંડી અને ગરમીનું પ્રમાણ વધારે છે. વળી બન્ની પ્રદેશમાં વરસાદ ખૂબ જ ઓછો અનિયમિત પડે છે. આવી વિષમ આબોહવામાં ટકી રહે તેવી વનસ્પતિ વધારે જોવા મળે છે. બન્નીના ઝાડી વિસ્તારમાં કેરડો, પીલુ, બોરડી, ભાંગરો, બાવળ, ખેર, ગુગળ, કાંટાળો થોર, ગાગી, આંકડો, આવળ, જેવા ઓછા પાણીમાં ટકી શકે તેવી વનસ્પતિ જોવા મળે છે. આમ પ્રકૃતિની પ્રતિકૂળતાઓનો સામનો કરતી કચ્છ-બન્નીની વનસ્પતિ પણ ત્યાંના માનવી જેવી કડકાઈ વાળી દેખાય છે. પણ ચોમાસે હરિયાળીથી ભરીભરી દેખાતી બન્નીની

ધરતીમાં ભભકભર્યા રંગીલા પુષ્પોવાળી કયાંક કયાંક આછોતરી થતી સુંવાળી વનસ્પતિ આંખને ઠારે છે. કચ્છમાં ખારેકને કલ્પવૃક્ષ ગણવામાં આવે છે. બન્નીમાં પાકેલી લાલ-પીળા રંગની ખારેકની મીઠાશ બીજે પાકેલી ખજૂર કરતા જુદી જ જોવા મળે છે. અહીનું હવામાન ખારેકના વૃક્ષની વૃધ્ધિ માટે અનુકૂળ છે. બન્નીમાં વ્યાપારી ધોરણે ખજૂરનું વાવેતર થાય છે તથા ખજુરનો મબલખ પાક ઉતરે છે. ખજૂરનું ઉત્પાદન કરતા ખેડૂતો માલામાલ થઈ ગયેલ છે. હાલમાં તો બન્નીમાં વાવેલ આંબાની પણ અદ્‌ભુત મીઠાશે કચ્છની કેરીના ચાહકો દેશ-પરદેશમાં ઊભા કર્યા છે. આ ઉપરાંત ચીકુ, પપૈયા, દાડમ, સીતાફળ જેવા ફળોનું વાવેતર થવા માંડયું છે. આર્યુવેદિક ઔષધિઓ જેવી કે કાંકચા, પિંજરો, રોહિડો, આમલી, આવળ, બાવચી વગેરે કચ્છ-બન્નીમાં જોવા મળે છે. મનુષ્યના સ્વાસ્થ્યનું કારણ વૃક્ષો જ છે. કેમ કે વૃક્ષો થકી ઔષધિઓ છે. વૃક્ષોનો મહિમા ગાતા નરેન્દ્રકુમાર જોષીએ સંત મેકરણની પંકિતઓ નોંધતા લખ્યુ છે.

પિયર મેં પણ પાણ, નાંય બાવર મે બેસો,
નિમ મે ઊ નારાણ, ત કંઢે મેં કેઓ[૨૦]

અર્થાત્

(પીપળામાં પરમાત્મા પોતે છે. તો બાવળમાં પણ કોઈ બીજો નથી. લીમડામાં એજ નારાયણ છે તો ખીજડામાં બીજો કોણ ?)

## બન્ની પ્રદેશના પક્ષીઓ અને પ્રાણીઓ :-

બન્ની પ્રદેશમાં વિવિધ રંગબેરંગી નાના-મોટા પક્ષીઓનો મેળાવડો જોવા મળે છે. બન્નીમાં યાયાવરી પક્ષીઓની સંખ્યા પુષ્કળ છે. દૂર દૂરના રશિયા, પૂર્વ યુરોપ અને એશિયાના અનેક દેશોમાંથી પક્ષીઓ શિયાળો ગાળવા આવે છે. આ પક્ષીઓ ચોમાસુ ઉતરતા આવે છે અને શિયાળો પૂરો થતા પોતાના વતનમાં પાછા ફરે છે. આવા પક્ષીઓમાં બતક, બગલા, સુરખાબ, વાગટેલ, નિલકંઠ, વૈયા ઈન્ડીયનવાઈટ થ્રોટ જેવા કેટલાય પક્ષીઓ કચ્છના દરિયાકિનારે વસવાટ કરે છે. આ ઉપરાંત, સ્થાનિક પક્ષીઓમાં, કોયલ, બટાવડા, ચંડોલ, ટીટોડી વગેરે જોવા મળે છે. આ પક્ષીઓ દરિયાકિનારે તથા વાડીઓમાં રહે છે. બન્નીના નાના રણમાં જોવા મળતા પક્ષીઓમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની અજબ ક્ષમતા હોય છે. ગમે તેવી કાળઝાળ ગરમી હોય કે દુષ્કાળના સમયે પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. બન્નીમાં રહેતા બટકડા ચંડુલ જેવા પક્ષીઓ દૂર સુધી ઉડીને પાણીને મેળવતા હોય છે તો વળી ઉડી ન શકનારા ડેઝર્ડ લાર્ક લેલા જેવા પક્ષીઓ મહિનાઓ સુધી પાણી વિના ચલાવી શકે છે. જે સ્થળે માનવી પણ ન પાણી વિના ન જીવી શકે તેવા સ્થળે પક્ષીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તે પણ કુદરતની જ કરામત ગણી શકાય !

## પ્રાણી સૃષ્ટિ :-

બન્ની પ્રદેશમાં શિયાળ, વરૂ, જંગલી બિલાડી, શાહુડી, ઘોરખોદિયુ, છલ્લો જેવા પ્રાણીઓ જોવા મળે છે. બન્નીના નાના રણમાં ઘુડખર જોવા મળે છે. વિશિષ્ટ પ્રજાતિ તરીકે ગધેડા જેવા દેખાતા ઘુડખર માટેનું અભ્યારણ્ય પણ સરકારે આ વિસ્તારમાં જાહેર કર્યું છે. બન્નીના ઘાસના મેદાનોમાં કાચબા પણ જોવા મળે છે. બન્ની પ્રદેશના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો હોવાથી ગાય, ભેંસ, ઘેટા, બકરાં, ઘોડા, ઊંટ, બળદ જેવા પાલતુ પ્રાણીઓ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. બન્નીના ડુંગરાળ પ્રદેશમાં દીપડા જેવા હિંસક પ્રાણીઓ જોવા મળે છે. માલધારીઓ તેનાથી હંમેશા જાગૃત રહે છે. પોતાના પશુઓના રક્ષણ માટે ભૂંગાની ચારેબાજુ બાવળના કાંટાવાળી વાડ રાખે છે. છતાં ક્યારેક પોતાના વ્હાલસોયા પ્રાણીને મારી નાખે ત્યારે અરેરાટી વ્યાપી જાય. બન્ની લોકો કુદરતની ખૂબ નજીક રહેતા હોવાને કારણે પર્યાવરણને ખૂબ દિલથી ચાહે છે. તેઓ પશુ, પક્ષી તથા વન્યસૃષ્ટિ પ્રત્યે લગાવ ધરાવે છે. દુષ્કાળના સમયે અહીંના માલધારીઓ પોતાનું વતન છોડીને જતા રહે છે. ત્યારે કેટલાય અબોલ જીવો દુષ્કાળના ખપ્પરમાં હોમાઈ જાય છે. છતાં ઘુડખર અને સુરખાબ એ બન્ને કચ્છ-બન્ની પ્રદેશની આગવી ઓળખ બની રહે છે. ઘુડખર તો એશિયા ખંડમાં માત્ર બન્ની પાસેના નાના રણમાં જોવા મળે છે. ઘુડખરની દોડવાની છટા પણ નિરાળી છે. એકાદ કલાકમાં લગભગ ૫૦ થી ૬૦ કિ.મી.નું અંતર કાપે છે. કચ્છ-બન્નીમાં 'ઊંટને રણનું વહાણ' તરીકે ઓળખવામાં આવે છે. માલધારીઓ પોતાના માલ-સામાનની હેરાફેરી તથા સ્થળાંતર વખતે ઊંટનો ઉપયોગ કરે છે. કચ્છ-બન્નીના સૌંદર્યને માણવું એક અનેરો લ્હાવો છે. આવી વિષમ પરિસ્થિતિમાં બન્નીયરોએ પોતાની સંસ્કૃતિ ટકાવી રાખી છે. આ વિશે ચર્ચા કરતા નરેન્દ્રકુમાર જોષી લખે છે ''સિંધ છુટુ પડતા પહેલા જ્યારે- જ્યારે કચ્છમાં દુષ્કાળ પડતો ત્યારે બન્નીનો માલધારી પોતાના ગૌધણ લઈને ઉત્તરમાં ધાર બન્ની તરફ ચાલ્યો જતો. ત્યાં તેને પૂરતો ઘાસચારો અને મીઠું પાણી મળી રહેતા. હવે રાષ્ટ્રના વિભાજન પછી એ પ્રદેશ પારકો બન્યો અને બન્નીના માલધારીઓને દૂર-દૂર ગુજરાતના જંગલમાં જવુ પડે. આ પલટાયેલી પરિસ્થિતિની ગૌધણના વંશ ઉપર જે પ્રતિકૂળ અસર થઈ રહી છે. તેનું પરિણામ ભાવી સમજાવશે.[૨૧] એ ઉપરાંતની પણ કેટલીક સમસ્યાઓ અહીંના માલધારીઓ ભોગવી રહ્યા છે.''

## બન્નીમાં દુષ્કાળ : માલધારીઓની વાંઢયે જવાની પરંપરા :-

બન્ની ભટકતા પશુપાલકોનો પ્રદેશ છે. બન્ની પ્રદેશના માલધારીઓ દુષ્કાળના સમયે પોતાના માલ ઢોરને લઈને ઘાસચારાની શોધમાં અન્ય સ્થળે વસવાટ કરે છે. પાણી તથા ઘાસચારાની અછતને લીધે માલધારીઓ પોતાની વાંઢ છોડી ઘાસચારાની શોધમાં અન્ય સ્થળે વસવાટ કરે છે. તેને માટે માલધારીઓ 'વાંઢ્યે જવું' એવો શબ્દપ્રયોગ કરે છે. વાંઢયે જતાં માલધારીઓ પોતાના ઘેટા-બકરાં,

ગાય, ભેંસ, કુતરા, ઊંટ, ઘોડા, બૈરા, છોકરા તથા જોઈતી ઘરવખરી લઈને વાંઢયે નીકળી પડે છે. જોરાવરસિંહ જાદવ આ બાબતે નોંધતાં જણાવે છે કે, 'ઉનાળાની કોઈ ફૂલ ગુલાબી સવારે તમે ચાર બંગડીવાળી ગાડી લઈને ઘોરી માર્ગ માથે સડસડાટ વહ્યા જતાં હો તો તમને કચ્છ-કાઠિયાવાડના મલકતા માલધારી રબારીઓનો સમૂહ અચૂક સામે મળવાનો. એ વખતે તમે કટાણું મો કરી, ગાડીનું એકિસલેટર રેઈઝ કરીને ગાડર-બકરાને બિવડાવવાને બદલે જીવ જેવા પશુડાને જીવાડવા 'વાંઢયે' નીકળેલા વનવગડામાં રાતદિ પડયા રહેનારા રબારીઓના જીવનસંઘર્ષનો ઘડીભર વિચાર કરવા થોભજો. જી. હા, આજે મારે વાત માંડવી છે વાઢયે જવા નીકળેલા રબારીઓના કરુણા મઢયા જીવનની.

'વાંઢ' એટલે દુષ્કાળને કારણે પર મુલક પ્રદેશમાં જતાં પશુંનું ઘણ. ખેતરમાં બાંધેલું છાપરું ચાર માટેની ખડ-પાણીવાળી જગા લોકબોલીમાં એને 'વાંઢયે' કહે છે. ઉનાળામાં બન્નીના માલધારીએ પોતાના પશુઓ અને ઘરપરિવાર લઈને વાંઢયે નીકળતા જોવા મળે છે. આઝાદીના ૭૧ વર્ષ પછીયે વાંઢયની પરંપરા આજેય યથાવત્ ચાલુ છે. વરસ કરવટુ કે દુષ્કાળનું હોય ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છના રબારીઓ વાંઢયે લઈને ચારાની શોધમાં માલને જીવાડવા મહારાષ્ટ્રમાં ખાનદેશ અને બીજી બાજુ મધ્યપ્રદેશ સુધી પગપાળા પ્રયાણ કરે છે. વાત એમની જ

વાંઢયે નીકળતા પહેલા મા (માતા)ની મંજૂરી લેવી પડે એવું માલધારીઓ માને છે, સાચું મુહૂર્ત જોવડાવી માતાના મંદિરે ઝાટિયા (મંજૂરી) લેવરાવવા જાય છે. એ વખતે એક ઘેટાને માતાજીની સામે ઊભુ રાખે છે. પછી ઘેટાને અને માતાને કયા દિવસે પરિયાણ કરાવવાનું છે. તે વિગત કહી સંભળાવે છે. જવાબમાં જો ઘેટુ શરીરમાં અમુક પ્રકારની ધ્રુજારી કરે તો માની મંજૂરી મળી ગઈ છે. એમ માનીને પરિયાણ આદરે. પરંતુ જો માની 'હા' ન આવે ને ઘેટું ધ્રુજવા ન માડે તો નક્કી કરેલા મુહૂર્ત ન નીકળે બીજુ મુહૂર્ત જોવરાવે. ફરીવાર મંજૂરી લે. માતાની ચોખ્ખી મંજૂરી મળી જતાં નક્કી કરેલા દિવસે અને મુહુર્તે રબારીઓ વતનની માયા મૂકીને ચાલી નીકળે. ઘરમાં દરદાગીના કે બીજી કિંમતી ચીજો હોય તે ગામના વેપારીને ત્યાં મૂકે ઓસરી-ઉતાર-ઓરડાને સાંકળ ઠસકાવી તેના ઉપર 'છાણ નું સીલ' મારે (જો કોઈ ઉઘાડે તો ખબર પડે) બારણા આગળ કાંટાનો ગળ્યો ઠસકાવે. ગધેડા ઉપર ખાટલી નાંખે. તેમા ચાલી ન શકે તેવા નાના છોકરાને બેસાડીને બાંધી દે. જેથી પડી ન જાય. બીજા ગધેડા કે ઊંટ ઉપર ઘરવખરીનો સામાન ચડાવે. ડોસા-ડગરાને માંદા હોય ઈ ઘરે રહે. પછી દડમજલ કરતી વાંઢ્ય ઉપડી આજે એક ગામ, કાલે બીજુ ગામ, એનું હૃદયગમ વર્ણન 'અછતગ્રસ્તો ની આપવીતી'માં અરવિંદ આચાર્યએ આવ્યું છે. વાંઢય વિદાય થાય એટલે માલધારીનો મુખી કયા રસ્તે જવું કયાં રાતવાસો કરવો, કયાં પાણીના ઠામ હશે તેનો વિચાર કરવા માંડે કારણ કે મુખીનું કામ વાંઢ્યને મંજિલે પહોંચાડવાનું તેની સગવડ કરવાની રસ્તામાં કયાંય ટંટો, ફિસાદ થાય તો ગામના પટેલિયા-આગેવાનોને વચ્ચે રાખી તેનો નિકાલ કરી આપવાનું પણ તેને માથે હોય છે. રબારીનો મુખી ગામે ગામના પટેલિયાઓને ઓળખતો હોય. કયા-કયા

ગામમાં કોણ-કોણ માથાભારે છે તેની તેને ખબર હોય. કયું ગામ સુવાળુ છે કયું ગામ ભારાડી છે એને આંગળીને વેઢે હોય.

વાંઢય જ્યારે વીસ-પચીસ માઈલનો પંથ કાપે ત્યારે મુખીને તેના કરતાં બમણો પંથ કાપવો પડે. વહેલી સવારે તે મુકામેથી બીડી-બાકસ કે ચલમ તમાકુ લઈને નીકળી જાય. કયાં પાણીના ઠામ છે. કયાં ગામના કયાં પટેલના ખેતરમાં માલ બેસાડી શકાય તેમ છે. તે નક્કી કરે છે. માલ બેસાડીને ખેતર ખતરાવના ખેડૂતે કેટલા પૈસા આપવા તે પણ મુખી નક્કી કરીને રાત વેળાએ પાછો વાંઢયની હાથો થઈ જાય છે. અને બીજા દિવસના ઠામ-ઠેકાણા આપી દે. આમ મુખીની દોરવણીને લીધે નક્કી કરેલા રસ્તે વાંઢય આગળને આગળ દોરી જાય.

સંધ્યા સમયે વાંઢય પોતાના ઠેકાણે પહોંચે એકાદ તાડપત્રી કે જાડા કપડામાંથી તંબુ બનાવી, આજુબાજુમાંથી બળતણ લાવી, ત્રણ ઢેફાના મેળાંગાવાળો ચૂલો પેટાવે. રોટલો અને દૂધ વાળુ પાણી કરી. પોતાના વહાલસોયા પશુઓની વચ્ચે માલધારી સૂવે. બાજુમાં કૂતરો ચોકી કરતો હોય. રાત્રિના સમયે બે-ત્રણ વાર પોતાના પશુને જોઈ લ્યે. કોઈ ઘેટા-બકરાં ઉપાડી જવા તો નથી આવ્યું ને ? રબારીઓને રાતની વેળાએ સર્પ, વીછી જેવા વેરિયાની પણ બીક રહે. ડાંગ લાકડી અને એમનું હાથવગું હથિયાર. કેટલાક લોકો ડાંગમાં તાંબા-પીત્તળની ખોળ ચડાવે માલધારી માટે કહેવાય છે કે કોઈ દિવસ એની સાથે વગડામાં ટંટો-ફિસાદ ઝઘડો ન કરાય. સીમમાં સામે ગમે તેટલા માણસો હોય લાકડી ફેરવીને કોઈને નજીક- નો આવવા દે, પણ ગામમાં તો સાવ રાંક.

ધોરી માર્ગે જાતજાતના ને ભાતભાતના અવાજ અને ઈશારાથી, વાંભ વડે ઘેટા, બકરાંને સૂચના આપતા માલધારીને જોઈને આપણને નવાઈ લાગે કે રબારીઓના અવાજમાં ઘેટા-બકરા જેવા જાનવર શું સમજે ? પણ માલધારીઓના માલઢોર ડીલે ચડેલા હોય છે. આ માલિકના અવાજને ઓળખે પાંચસો ઘેટાના ટોળામાંથી એનો માલિક ભૂલ્યા વિના પોતાના સો દોઢસો ઘેટા-બકરાને નોખા તારવી લે. ચોમાસું સારું થયું હોય ત્યારે નહી, તળાવડા, વોકળા પાણીથી છલોછલ ભર્યા હોય પરંતુ ઉનાળામાં વાવ-કૂવા ખાલી થઈ ગયા હોય. સીમમાં ઝાડી-ઝાખરા ખરી ગયા હોય ત્યારે માલધારીઓ ઘાંઘા થઈ જાય. એકાદ કૂવામાં પાણી જુએ તો રાજીના રેડ થઈ જાય. દોરડુ બાંધીને કુવામાં છોકરા કે છોકરીને ઉતારે. છાલિયે છાલિયે પાણીથી ડોલ ભરેને સીંચી સીંચી માલઢોરને પાણી ભેગા કરે. દૂધના ભાવ ખૂબ વધી ગયા છે. એવી ઘેરે બેસીને બુમરાણ કરનારી શહેરી ગૃહિણીને આ વાત ક્યાંથી સમજાય ?

વાંઢયે નીકળ્યા હોય ત્યારે સીમમાં કોઈ બકરી કે ઘેટી વિયાય ત્યારે માલધારીએ જ દાયણનું કામ કરવાનું. બચ્ચાને સાફ કરવાનું નવજાત બચ્ચુ ચાલી તો શકે નહી. તેથી તેના આગલા બે પગ હાથમાં રાખી શરીર લખડતુ રાખી રબારી ચાલવા માંડે. માલ-ધારીને માટે નો શિયાળો, ઉનાળો, ચોમાસુ,

સંઘીય મોસમ સરખી બાળકનો જન્મ થાય એનો આનંદ રબારીને થાય એના જેટલો જ હરખ પોતાની ગાય વિયાયને વાછરડી જન્મે, ઘેટી કે બકરી વિયાય અને લવારા જન્મે અને જોઈને થાય. વાંઢયે નીકળેલા અને સતત પરિભ્રમણ કરનારા આ સમાજમાં બાળકનો જન્મ ઘરમાં જ થાય. એવું સદ્ભાગ્ય એમના નસીબમાં કયાંથી હોય ? વગડામાં ન મળે કોઈ દાયણ કે સૂયાણી. ભારે પગવાળી બાઈ સ્ત્રીને પીડા ઉપડે તો કોઈ વાડીના પછવાડે અંદર જઈને અનુભવી મોટિયાર બાયુ સુવાવડ કરાવે. આમા આરામની વાત કેવી ? સવા મહિના સુધી ઘર બહાર નીકળવાની બંધી નહી. એ તો તુરંત પોતાના કામમાં પરોવાઈ જાય. પીઠ પાછળ ઘાવણું બાળક બાંધ્યુ હોય ને બાઈ ચાલતી હોય. આજે હવે કયાંય-કયાંક નજીક હોસ્પિટલ હોય તો ત્યાં સુવાવડ કરાવતા થયા છે.

વનવગડે જેમ બાળકનો જન્મ થાય તેને ઘણીવાર કોઈ મોટિયાર સંપદંશ કે હાર્ટએટેકથી મૃત્યુ પામે છે. બાળકના જન્મનો આનંદ માણવા વાંઢય ન રોકાય એમ મૃત્યુનો શોક મનાવવા પણ ન રોકાય. હૈયુ મજબૂત કરી મૃત્યુ પામેલાની આરીકીરી કરી જેવી માતાજીની મરજી એમ કહીને આગળ ચાલવા માંડે રસ્તામાં કોક ગામના સરપંચ માલઢોરને ડબે પૂરે તો છોડાવવા નાણાં આપવા પડે. બીજાના ખેતરમાં ઘેટા-બકરા કે ગાયો-ભેંસો મોઢું નાખી જાય તો માથાભારે માલિકને નુકશાની ભરી આપવી પડે. ગામના પાદરમાં પડાવ નાખવા માટે ગામના વચેટિયાઓને નિવેધ આપવા પડે. કયાંક માથાભારે માણસને મિજબાની માટે ઘેટું-બકરું આપી દેવું પડે. આમ પંચાતિયાઓને પણ પાયે પડવું પડે.

વાંઢયે જાતા કે આવતા રસ્તામાં કોઈ ગાય અનેવી કે લંગડી થઈ જાય ને આગળ ન ચાલી શકે. ત્યારે કાળજાના કટકા જેવી ગાયને જોઈને રબારીની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા માંડે, એની પાસે કોઈ જ ઉપાય ન હોય ત્યારે જોગમાયાના ભરોસે એનું રખેવાળુ સોપી કોઈ ગામના પાદરમાં છોડીને આગળ ચાલે. માલધારીનો પશુપ્રેમ પણ અજબગજબનો હોય છે. મોટા માણસો સ્વજનના મૃત્યુ પાછળ મોકળામને રડી શકતા નથી એમનો મોભો આડો આવતો હોય છે. જ્યારે માલધારી રબારીને માંદી કે મરી ગયેલી ગાયથી વિખુટુ પડવાનું આવે ત્યારે એને પરાણે છાનો રાખવો પડે.[૨૨]

## બન્નીના લોકોનો પહેરવેશ :

શરીર સૌંદર્યને નિખારતા ત્રોફાની જેમ પહેરવેશ અને આભૂષણ પણ ભાતીગળ લોકજીવનના અંગ છે. અઢારે વરણની ઓળખ એમના પહેરવેશ અને આભૂષણ પરથી થઈ જાય છે. આયર રબારીને ચારણની સ્ત્રીઓ જેમ એના પહેરવેશ પરથી ઓળખી શકાય છે તેમ માલધારી કે ગોપજીવન ગાળતી જત કોમ અને એના પંચ વિભાગોયે વસ્ત્ર-આભૂષણ પરથી ઓળખી શકાય છે. ભરવાડ, આહીર, કણબી, કાઠી, ચારણ, સ્ત્રીઓ રંગબેરંગી ભરત ભરેલા કાપડા પહેરે છે. રબારી સ્ત્રીઓ ખડીથી છાપેલા કાપડા તથા વિધવા સ્ત્રીઓ કાળા ઘેર રંગના સાદા કાપડા પહેરે છે. બન્નીની સ્ત્રીઓ ભરત ભરેલા ઘેરઘાર

ચણિયાચોળી તથા ઓઢણી ઓઢે છે. તેમના કાપડાની બાંય પડખા અને પેટી એક જ રંગના હોય છે. જ્યારે છાતીને ઢાંકતો કુખિયો અલગ રંગનો હોય છે. પ્રૌઢ સ્ત્રીઓના કપડા ભૂરા રંગના જ્યારે યુવાન સ્ત્રીઓના કપડા લાલ, ગુલાબી, કેસરી, પીળા વગેરે રંગના જોવા મળે છે. ઘાઘરો તેમનો ઘેરદાર હોય છે. ઘાઘરામાં હીર અને સૂતરથી ભરતકામ કરવામાં આવે છે. તેમા વચ્ચે-વચ્ચે 'ગોટી', 'સીકલ' અને કાચ મૂકી તેને ઝાકમઝાળ બનાવવામાં આવે છે. તેમાં વિવિધ રંગોની મેળવણી કરવામાં આવે છે. લીલા સાથે લાલ અને ગુલાબી સાથે ભૂરા રંગનું મિશ્રણ જોવા મળે છે. બન્નીની માલધારી સ્ત્રીઓ ઘાઘરામાં ફૂલવાડી, પોપટવેલ, બારમોર, કેવડા જેવી ભાતો ઉપસાવે છે. કાપડાની બાંય અને પેટની ચાળપેટ્ટી પર ભરપુર ભરતકામ કરે છે. તેમા વીટકાવેલ બાજુબંધ બેરખા જેવી ભાતો ઉપસાવેલી જોવા મળે છે. કાપડાની બાય પર હીરાભરત અને લાલ, લીલા, ગુલાબી, પીળા રંગના હીરની સાથે આભલાં ટાંકવામાં આવે છે. આવા ભરેલા કપડા અને ઘાઘરા ધાર્મિક તહેવારોમાં ઉપયોગ કરે છે. રોજિંદા કામકાજમાં વપરાતા ઘાઘરામાં ભરતકામ કરવામાં આવતું નથી.

કાઠી લોકો ભરતકામ કરેલા કપડા પહેરતા નથી. પરંતું ઘર અને પશુઓ માટે શણગાર કરે છે. મોચી લોકોના કપડાનું ભરત ખૂબ જ ચીવટથી થાય છે. તેના આરીભરતની ડિઝાઈન ખૂબ જ ચોક્સાઈથી કરેલ હોવાથી આ કપડા જુદા તરી આવે છે. પછાત વર્ગના લોકો ભરતભર્યા વિનાના કપડા પહેરે છે. તેમના કપડામાં કોઈપણ પશુ પંખી ચીતરતા નથી. ફૂલવાળી કે વીજળીવેલ જેવી ભાતો જોવા મળે છે.

બન્નીના માલધારી પુરુષો લાંબી બાંયોવાળું ઘેરદાર 'કેડિયું' પહેરે છે. છાતીનો ભાગ ફીટ રહે તે માટે કસ બાંધવાની દોરી હોય છે. છાતીના નીચેના ભાગથી ખુલતુ રહે છે. માલધારીઓ સફેદ રંગના કેડિયાં પહેરેલા જોવા મળે છે. નાના-બાળકો માટે રંગબેરંગી કેડિયા સીવડાવવામાં આવે છે. કેડિયાની પહેરાતા વસ્ત્રને ચોરણી કહે છે. ચોરણી અને કેડિયુ લગભગ એક જ રંગના જોવા મળે છે. ચોરણી ઉપરથી પહોળી અને ગોઠણથી પગની પાની સુધી એકદમ સાંકડી બનાવવામાં આવે છે. ઘણીવાર તેને નીચેથી બાંધવા દોરીનો ઉપયોગ થાય છે. કમર સાથે રાખવા ચોરણીને 'નાડી' થી બાંધવામાં આવે છે. હાલમાં ઘણા માલધારીની ચોરણીમાં ગોઠણથી પગની પાની સુધી લાંબી 'ચેઈન' નંખાવેલી જોવા મળે છે. માલધારી પુરુષો 'નતિયો' નામનું વસ્ત્ર માથુ અને બન્ને કાન તેમજ ગરદન ઢંકાય તેવું લાંબુ શિરોરછાન ઢાંકવાની પ્રથા છેક મધ્યકાળથી હતી. બન્નીના માલધારીઓમાં લગ્ન પ્રસંગે 'નાતિયુ' પહેરવાની પ્રથા કૃષ્ણની માલધારી સંસ્કૃતિ સમકક્ષ જણાય છે. મેવાડી, કૃષ્ણ ચિત્રોમાં આહીર ગોવાળપુત્રોને પણ નાતિયા ઓઢયાં હોવાનું જોવા મળે છે. માલધારીના પહેરવેશ વિશે નોંધતા ખોડીદાસ પરમાર નોંધે છે. ''માલધારી, ભરવાડ, રબારી, આહીર, કોળી, કાઠી, મરે વગેરે જાતિની સ્ત્રીઓમાં વિશેષતઃ સુતરાઉ કાપડના અને ભરવાડ રબારીમાં રેશમી કપડાઓ પહેરવાનો રિવાજ છે.''[૨૩] બન્નીના રબારી બાળ ગોવાળિયાના કડિયાના ઉપરના ભાગમાં ભરત થાય છે. તેમજ નીચે નેફામાં ઝૂલ અને

ચોયણીના છેડે ભરત ભરવામાં આવે છે. ઉપર ખેસ ધારણ કરવામાં આવે છે. માથે એવા જ રંગનું ફાળિયું અથવા માથા બંધણું વીંટવામાં આવે છે. પાઘડીની વિવિધ રીતે પહેરવાની ભાત અને પાઘડીમાં થતી સજાવટ પણ ગ્રામખેડુંને અલગ જ રૂપ આપે છે.

## બન્ની પ્રદેશની ભિન્ન-ભિન્ન જ્ઞાતિની લોકનારીના અવનવા અલંકારો :-

લોકજીવનના વિકાસના જતા કલાપ્રેમે સૌષ્ઠવયુક્ત શણગારોને જન્મ આપ્યો. પરિણામે શરીરને શણગારવા માટે રૂડાં રૂપને દીપાવવા માટે રંગબેરંગી રૂપાળા વસ્ત્રોની સાથે અવનવા અલંકારો પહેરવાની પ્રથા અસ્તિત્વમાં આવી. હડપ્પા, મોહે-જો-દડો અને લોથલના ખોદકામમાંથી સોનુ, રૂપું, તાંબુ, કાંસુ, છીપ અને પથ્થરના કંઠહાર, દામણી, વીટી, વલય, હારના છૂટા મણકા તેમજ ઘરેણાના અર્ધ ઘડેલા નાના-મોટા નમૂના મળી આવ્યા છે. ''ગ્રામનારીના નૈસર્ગિક સૌદર્યને કળાનો સ્પર્શ આપતાં વિવિધ વસ્ત્રો અને આભૂષણો તેમજ જીવનનો ઝબકાર ઝીલે છે. આમ, તો પ્રાચીન સમયના નારીવર્ણોમાં બાર આભૂષણો અને સોળ શણગારનો ઉલ્લેખ જોવા મળે છે.''[૨૪]

આ શણગારમાં દેહને શણગારવા વસ્ત્રાભૂષણ, કેશભૂષા અને વિવિધાલંકારોથી નારી પોતાના મનની ઊર્મિને વ્યક્ત કરતી હોય છે. પ્રાચીન સમયમાં પીછો, કોડી, શંખલા, પથ્થર જેવા ઘરેણા હતા. તેમાંથી સમય જતાં લોખંડ, તાંબુ, સીસુ, ચાંદી, સોનાના આભૂષણો વપરાશમાં આવવા લાગ્યા. સાંપ્રત સમયમાં તો હીરા, માણેક પ્લેટિનમ જેવી ધાતુના ઘરેણા બને છે પણ સમય ગમે તે હોય માનવી પોતાની ઊર્મિઓને પ્રતીકરૂપે વિવિધ પ્રકારના આભૂષણોમાં ઘાટ આપતો રહ્યો છે. કચ્છ-બન્નીના પરંપરાગત ઘરેણા તો આગવી ઓળખ ધરાવે છે. બન્નીમાં રહેતી વિવિધ જ્ઞાતિની સ્ત્રીઓનાં ઘરેણાં પહેરવાની રીત પણ અલગ-અલગ રહી છે.

### ચૂડા :-

માલધારી સ્ત્રીઓનું હાથનું ઘરેણું 'ચૂડા' અથવા બલોયા તરીકે ઓળખવામાં આવે છે. હાથના કાંડાથી લઈ કોણી સુધી ચૂડા પહેરવામાં આવે છે. સૌભાગ્યવતી નારીનું પ્રતીક ચૂડો ગણાય છે. કચ્છ-બન્નીની આયર તથા રબારી જ્ઞાતિની બહેનો હાથમાં ખૂબ પહોળા ઘાટના ચૂડા પહેરે છે. આ ચૂડા ચાંદીના બનેલા હોય છે. ચૂડા ખાલી પેચ વડે વાળી અને જોડી શકાય છે. તેમજ હાથના માપ પ્રમાણે નાના-મોટા કરી શકાય છે. આ ચૂડા કે બલોયાનું વર્ણન કરતા જોરાવરસિંહ જાદવ નોંધે છે કે "કચ્છી ભરવાડના બલોયા તો ખૂબ જ વજનદાર હોય છે. ભરવાડ કન્યાને બલોયાં પહેરવાની વિધિ અત્યંત ત્રાસદાયક હોય છે. બલોયા પહેરનાર કન્યાને અઠવાડિયાના ઉપવાસ કરાવાતા હોય છે. જેથી તેનાં કાંડા પાતળા થાય અને હાથ હલકો થાય. ત્યાર પછી તેના કાંડાના માપનો બલોયા લઈ હાથના પોંચા પર તેલ

લગાડી અંગૂઠો ખેરવી ઉતારી નાખવામાં આવે છે. ગભરુ કન્યાના હાથ બલોયા ચડાવવામાં લોહીલુહાણ થઈ જતા હોય છે. ઘણીવાર તો પહેરનારી બાપડી બેભાન થઈને ઢળી પણ પડતી બલોયા પહેર્યા પછી બે-ચાર દિવસનો તાવ આવતો અને અઠવાડિયા સુધી ઘરકામ કરી શકતી નહીં.''[૨૫] ચૂડો સૌભાગ્યવતી સ્ત્રી જ પહેરી શકે. જેનો પતિ મૃત્યુ પામે તે સ્ત્રી ચૂડો પહેરી શકતી નથી. વણઝારા કોમની સ્ત્રીઓ હાથના કાંડાથી લઈ ખભા સુધી વીસ થી પચ્ચીસ ચૂડાઓ પહેરે છે તો જત મુસલમાન સ્ત્રીઓ નકશીવાળા ચૂડા પહેરે છે અને કણબી સ્ત્રીઓ લાલ રંગની ચૂડી પહેરે છે. જેની વચ્ચે સોનાની ચીપો જડાયેલી હોય છે. બન્ની માલધારી સ્ત્રીઓ પોલી 'મંગલી' પહેરે છે. મંગલી ઘાટે પહોળી અને વજનમાં હલકી તથા નકશી કરેલ હોય છે.

### અકોટા :-

પશુપાલનનો વ્યવસાય કરતી રબારી સ્ત્રીઓના કાનમાં ગોળાકાર મોટા અકોટા ધારણ કરે છે. અકોટા માટે કાનની બૂટ વીંધીને ધીરે-ધીરે વીંધીને પહોળુ કરવામાં આવે છે. પછી તેમાં આગળથી ગોળાકાર અને પાછળથી પણ ગોળ બટન જેવા વચ્ચેથી આંકડાને વજનદાર અકોટા પહેરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારની બધી જ જ્ઞાતિના કાનમાં અકોટા જોવા મળે છે.

### ભોરીંડા :-

ભોરીંડા એ માલધારી સ્ત્રીનું હાથનું ઘરેણું છે. રબારી સ્ત્રીઓ જે હાથમાં કંકણ પહેરે છે. તેને ભોરીંડાના નામથી ઓળખવામાં આવે છે. ઉપસેલી કાંગરીવાળુ ઉપરી ઉપસેલા ઘાટવાળા આ કંકણનો એક જ થર હોય તો તેને ભોરીંડા કહેવાય છે. જ્યારે બે થરવાળા કંકણને બટા ભોરીંડાના નામે ઓળખવામાં આવે છે. આ ભોરીંડાને નકશીકામ કરતી વખતે તેમા રાળ ઉમેરવામાં આવે છે ત્યાર પછી તે રાળ કાઢી લેવાય છે.

### વેઢલા :-

વેઢલા એ કાનનું આભૂષણ છે. બન્ની પ્રદેશની બધી જ જ્ઞાતિની સ્ત્રીઓ કાનમાં વેઢલા પહેરે છે. કાનની ઉપરની બૂટમાં આહીર, રબારી, ભરવાડ કોમની સ્ત્રીઓના કાનમાં સોના-ચાંદીના વેઢલા અવશ્ય જોવા મળે છે. કાનની ઉપર એકલા હાથે નાના-નાના છેદ પાડી પાંછ-છ વેઢલા રુચિ પ્રમાણે સ્ત્રીઓ પહેરે છે.

### તંગલ :-

કચ્છ - બન્નીની માલધારી સ્ત્રીઓનું નાકનું એક મહત્વનું ઘરેણું તંગલ છે. નાકની મધ્યમાં વીધ પડાવી અને ચાંદીના મણકાનો ઉપયોગ કરવામાં આવે છે. કચ્છી સ્ત્રીની તસવીર નિહાળીએ ત્યારે સૌથી આકર્ષક અલંકાર હોય તો નાકમાં પહેરેલ મોટી બંગડી આકારનું તંગલ છે તેમ કહી શકાય. તંગલ પહેરેલી સ્ત્રીનું સૌંદર્ય અલગ જ પડી જાય છે.

### કાંબી-કડલી :-

કચ્છ -બન્નીની માલધારી સ્ત્રીઓ પગમાં મજબૂત અને વજનદાર કડલી અને કાંબી પહેરે છે. કાંબી અને કડલી વિશે નરેન્દ્રકુમાર જોશી લખે છે કે, ''આવી કાંબીઓ અને કડલા પહેરીને રૂમઝૂમ ચાલતી નારીઓ રાસે ઘૂમે ત્યારે કાંબી કડલાના રણકારથી વાતાવરણ ગાજી ઉઠે છે. વજનદાર નકોર કાંબી  પહેરીને ચાલનાર પગ પણ તેના જેવા જ નીરોગી હોય છે''[૨૬] ગાય-ભેંસના વાંસીદા કરતી બન્નીની માલધારી સ્ત્રીઓ સાંકડી બાજુ આગળ રહે તથા પહોળી બાજુઓ પગની ઘૂંટી પર રહે તે રીતે પહેરે છે. આવી કડલી પર નકશી કામ પણ કરવામાં આવે છે. માલધારી સ્ત્રીઓની કાંબી-કડલી વજનદાર હોય છે. જ્યારે અન્ય કોમની સ્ત્રીઓ હલકી કડલીઓ પહેરે છે.

### ઝાંઝર :-

ઝાંઝર એ પગનું માનીતું આભૂષણ છે. ઝાંઝરની ઉપરની બાજુની સાંકળ હલકી રાખવામાં આવે છે અને નીચેની બાજુએ ચાંદીની ઘુઘરી ટાંકવામાં આવે છે. બે-ત્રણ ઘુઘરીના ઝૂમકા હોવાથી માલધારી સ્ત્રીઓ ચાલે ત્યારે વાતાવરણમાં મધુર રણકાર સંભળાય છે. ધાર્મિક ઉત્સવો અને મેળામાં ખાસ સ્ત્રીઓના પગમાં ઝાંઝર જોવા મળે છે.

### હુલડો :-

કચ્છ-બન્નીની બધી જ જ્ઞાતિની સ્ત્રીઓના ડોકમાં હુલડો પહેરેલો જોવા મળે છે. હુલડો એટલે ડોકિયું આ ડોકિયામાં પોતાની પસંદગી મુજબ, લોકેટ, ચગદા માદરડી વગેરે વચ્ચે મુકાવે છે. પછાત વર્ગની બહેનો ચાંદી કે પિત્તળ કે અન્ય ધાતુના હુલડો પહેરે છે. જ્યારે મધ્યમ તથા શ્રીમંત સ્ત્રીઓના ગળામાં સોનાની હુલડો જોવા મળે છે.

## માદળિયા તથા તાવીજ :-

કચ્છ-બન્નીની મોટાભાગની બહેનો ગળામાં માદળિયા પહેરે છે. કાળા કે લાલ-પીળા હીરના દોરાને ગાંઠ મારીને પહેરવામાં આવે છે. નાના-બાળકોને કોઈની નજર ન લાગે તે માટે અથવા તો ગંભીર માંદગીમાંથી સાજા થવા સ્ત્રીઓ હાથમાં કે ગળામાં આવા માદળિયા ધારણ કરે છે. ભૂતપ્રેત તેમજ મેલીવિદ્યામાંથી બચવા કાળા દોરામાં મંત્ર-તંત્ર કરેલા તાવીજ પહેરવાનો રિવાજ બધી જ કોમમાં જોવા મળે છે. ઘણીવાર પોતાના ઈષ્ટદેવ કે દેવીના પ્રતીકવાળા તાવીજ પણ ગળામાં લટકાવેલા જોઈ શકાય છે.

## હાંસડી :-

કચ્છ-બન્નીની માલધારી સ્ત્રીઓના હાંસડી પહેરવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે. ચાંદીથી નકશીકામ કરેલી આ હાંસડી આગળથી પહોળી અને પાછળથી સાંકડી રાખવામાં આવે છે. કચ્છી કારીગરો ચાંદીકામ માટે દેશ-વિદેશમાં વખણાય છે. હાંસડીમાં ફૂલવેલની ભાત કે કળા કરતા મોરલાની અંગભંગીમાં કંડારીને ડોકનું સૌંદર્ય અનવદ્ય થતુ રહે છે. ઘણીવાર હાંસડીની કોરે નાની-મોટી ચાંદીની ઘુઘરીઓ પણ ટાંકેલી જોવા મળે છે. જેનાથી નીકળતો મધુર ધ્વનિ અને ડોકમાં ચપોચપ પહેરાવેલી હાંસડી ગ્રામ્ય લોકનારીના સૌદર્યમાં અનેરો વળાંક આપે છે.

## અણવટ, વીછિંયા તથા અંગુઠડી :-

કચ્છ-બન્ની પ્રદેશની ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ પગના અંગૂઠા તથા આંગળીઓમાં ચાંદીની અંગૂઠીઓ તથા ઘૂઘરિયાળી વીંટી પહેરતી હોય છે. જોરાવરસિંહ જાદવ અણવટ-વિછિંયા પ્રખ્યાત થવાનુ કારણ જણાવતા લખે છે. ''લોકસમાજમાં અણવટ વીછિંયા આટલા પ્રચલિત થવા પાછળનું રહસ્ય તેના ઘડતર અને કળાકારીગીરીમાં છુપાયેલુ છે. પગની આંગળીઓ પર જ્યારે આ ઘરેણું પહેરાય છે ત્યારે પોપટાના આકારો અને આજુબાજુ સાંકળીઓએ ગંઠેલી ઘૂઘરીવાળા લચકાલૂમ વીછિંયા પગને સોહાવે છે. એને પહેરીને ચાલતા ઘૂઘરીઓ રણઝણી ઊઠે છે અને ચાલના સૌંદર્યમાં ધ્વનિ ઉમેરાતા ચલન કર્ણપ્રિય બની જાય છે.''[૨૭] અણવટનો અર્થ ન વર્ણવી શકાય તેવું અથવા તો જે ધારણ કરવાથી વટ પડે તેવું પગની આંગળીઓના સૌંદર્યને નક્શીદાર અણવટ અને વીંછિયા લોકનારીનું માનીતુ આભૂષણ છે. આજે તેની લોકપ્રિયતા ખૂબ ઓછી થઈ ગઈ છે.

## દામણી :-

કચ્છ-બન્નીની બધી જ, જ્ઞાતિની સ્ત્રીઓ તહેવારો કે ધાર્મિક ઉત્સવોમાં માથામાં દામણી પહેરે છે. દામણીની સેર કપાળની બન્ને બાજુ લટકતી હોય છે અને કપાળની મધ્યમાં દામણીનું નંગ મોતી, રંગીન પથ્થર, ઘૂઘરી વગેરેથી ખૂબ જ નકશીદાર બનાવવામાં આવે છે. દામણી વિશે ડૉ. ભરત પંડયા લખે છે. “દામણીના બન્ને છેડે મોતી ગૂંથેલ આખા કાનને છેક ઢાંકી દે તેવી દામણી નમણી નયનરમ્ય હોય છે. દામણીનો માથાના સેથાથી વચ્ચે પસાર થતો ભાગ પણ મોતીના લટકતા લાલ-કાળા અને સફેદ રંગના લટકણવાળો તથા વચ્ચેથી મોટી બૂટીવાળો હોય છે. આથી કાને કર્ણફૂલની જેમ બન્ને બાજુ શોભતી દામણી ટીકો પહેરતી રબારી કન્યાઓ એટલી સુંદર લાગે છે કે આ આભૂષણ પરથી નજર જ નથી હટતી. ઘણીવાર વચ્ચે ઝગમગતી દામણી સાથે વાળ ગૂંથી બન્ને કાન પર મોટા ગોળાકાર મોતીથી મઢેલા કળામય કર્ણફૂલ તેના નિર્દોષ સૌદર્યમાં ચાર ચાંદ લગાવી દે છે.”[૨૮]

પગના ઘરેણા પગની શોભા વધારવા ફાયદાકારક છે. તેનાથી પગના સ્નાયુઓ મજબૂત થાય છે. ચોક્કસ જગ્યાએ દબાણ લાગવાથી વાયુ તથા પિત અને મસ્તકને લગતા રોગો થતા નથી. સાંધાના દુઃખાવા થતા નથી. સોનાના ઘરેણાથી આંખનું તેજ વધે છે. નાકના ઘરેણાથી નાકમાં શુધ્ધ હવા થઈને ફેફસાને મજબૂત બનાવે છે. તેનાથી હૃદયરોગ થવાની શક્યતા ઘટી જાય. ગળામાં પહેરવાના ઘરેણાથી ચામડી મુલાયમ રહે તેમજ રક્ત અને વાત પિત્ત કફના વિકારો કાબૂમાં રહે છે. ઘરેણાથી નારીના સૌદર્યમાં વધારો થાય એટલું જ નહી, પરંતુ તેના આરોગ્યમાં સુધારો જોવા મળે છે.

## પુરુષોના ઘરેણા :-

કચ્છ-બન્નીના માલધારીઓ પોતાના પહેરણમાં સોનાના બટનનો સેટ ધારણ કરે છે. મોટેભાગે આવા બટનનો સેટ મુસલમાન માલધારીઓ અને રજપૂતો પહેરે છે. જેને તેઓ ‘અભાના ભૂટાન’ના નામે ઓળખે છે. સોનાના ત્રણ કે ચાર બટનને સોનાની પાતલી સાંકળી સાથે બાંધેલા હોય છે. તેમા ચમકતા હીરા કે સોનાની ઘૂઘરી પણ ટાંકેલી હોય છે. ઘૂઘરીનો આ ઘેરો અવાજ પુરુષની સંવેદનશીલ હોવાની પ્રતીતિ કરાવે છે. વાર-તહેવાર, મેળા અને લગ્ન પ્રસંગે કચ્છ-બન્નીના માલધારીઓ સોનાના બટનનો સેટ ખાસ પહેરે છે. ઘણીવાર પુરુષોની પાઘડીમાં પણ સોના-ચાદીની સેરો ગૂંથેલી જોવા મળે છે.

## હાર :-

કચ્છ બન્નીમાં વર્ષમાં ઘણા મેળા ભરાય છે. મેળો માણવા માનવ મહેરામણ ઉમટી પડે છે. મેળામાં પુરુષો નવા કપડા, ગળામાં સોનાનો હાર પહેરણમાં સોનાના બટનનો સેટ માથા પર પાઘડી અને પગમાં કચ્છી-મોજડી ધારણ કરી મેળામાં તેનુ આગમન થાય ત્યારે યુવતીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહે

છે. સોનાના હારમાં વિવિધ ડિઝાઈન નકશીકામ કરેલી હોય છે. ઘણીવાર પુરુષો ગળામાં એકથી વધુ લટકતી સેરવાળા હાર પહેરી સૌનું ધ્યાન ખેંચે છે.

### કડકુ :-

કાનની વચ્ચે કચ્છી માડુ કડકું ધારણ કરે છે. કાનની વચ્ચેના ભાગને વીંધાવી ગોળાકાર ઘાટના કાંગરીવાળા કડકુ કચ્છ-બન્નીના માલધારી પુરુષના કાનમાં જોવા મળે છે. કડકને પાછળ 'પેચ' વડે બંધ કરવામાં આવે છે. સોના-ચાંદી બન્નેમાં આ કડકુ બનેલા જોવા મળે છે. બન્નીનાં મુસ્લિમ માલધારીઓ સોનાની કડકુ કાનમાં પહેરે છે.

### ખોતરણી :-

વયોવૃધ્ધ સ્ત્રી-પુરુષનો ગળામાં તાંબા-પિત્તળ કે ચાંદીની ખોતરણી અવશ્ય જોવા મળે છે. આ ખોતરણી દાંત અને કાન સાફ કરવા વપરાય છે. અન્ય ઘરેણાની જેમ તેને ગણામાં ધારણ કરવામાં આવે છે. ચાંદીની ખોતરણીમાં વિવિધ ડિઝાઈન તથા ઘૂઘરીવાળી ખોતરણી પણ જોવા મળે છે.

## કચ્છ-બન્ની પ્રદેશની સંસ્કૃતિના રીત-રિવાજો :-

કચ્છ બન્નીના લોકજીવન પર નજર કરીશું તો સમૃદ્ધ એવો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજરે પડે છે. લોક સંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે. જનજીવન પોતાની રસ રુચિ, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકાઓ આરંભે છે. જે આગળ જતાં રીતરિવાજ અને રૂઢિરૂપે લોકજીવનનું મુખ્ય અંગ બની જાય છે. બન્નીની પ્રજા ખમીરવંતી છે. તેમનામાં પ્રતિકુળતા વચ્ચે પણ જીવનનો રસ ટકાવી રાખતા ઉત્સવો, ધર્મ, મેળા, કંઠસ્થ સાહિત્ય વિગેરેમાં પણ તેમનો ઉમંગ, ઉત્સાહ અનેરો દેખાઈ આવે છે. તેથી જ બન્નીયરો લલકારે છે.

'વંકા કુંવર, વિકટ ભડ, વંકા વાડીય કચ્છ,
વંકા કુંવર તડે થીયે, જ પીયે પાણી કચ્છ'[૨૯]

આવી શોર્યતા અને ખમીર કચ્છનું પાણી પીધેલ કચ્છ-બન્ની પ્રજામાં જોવા મળે છે. બન્નીના લોક-ઉત્સવો અને વિવિધ સામાજિક પ્રસંગોમાં બન્નીના જનજીવનનો ધબકાર નજરે જોવા મળે છે.

## મેળાઓ :-

મેળો એવુ નામ કદાચ મોડેથી પ્રચલિત થયુ હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. કચ્છ બન્નીના દરેક મેળાની સાથે એના મહાત્મ્ય અને તે સ્થળની પ્રાચીનતાનો ઈતિહાસ સંકળાયેલો જોવા મળે છે. વારે-તહેવાર કચ્છ-બન્નીમાં ધર્મની ઘજા ફરકાવતા માનવીઓના મેળા ભરાય છે. આ મેળા યુવાન હૈયા માટે ઉત્સવ સમાન છે. માથે પાઘડી, નવા કપડાં અને ગળામાં આભૂષણો લહેરાવતા ગ્રામ્ય યુવકોએ રંગબેરંગી કપડા અને ઘરેણામાં શોભતી યુવતીઓ મેળામાં મન ભરીને મ્હાલે છે.

ભારતીય પરંપરા મુજબ શ્રાવણમાસ પવિત્ર ગણાય છે. આ માસમાં મોટાભાગના ધાર્મિક સ્થળોએ મેળા ભરાય. કચ્છ-બન્નીમાં નાગપંચમીના દિવસે ‘ભુજના ડુંગરનો મેળો’ પ્રખ્યાત છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં નાગનું મહત્વ હોવાથી તેના માનમાં આવા મેળાઓ યોજાતા હોય છે. એજ રીતે જન્માષ્ટમીના બીજે દિવસે નોમે ભરાતો ‘રવાડીનો મેળો’ પણ પ્રખ્યાત છે. વળીતેના બીજા દિવસે દશમના દિવસે રથયાત્રા નીકળે છે. રવેચી માતાનો મેળો કૃષિકારોનો છે. ખેડૂતોઆ મેળામાં ઘોડા, બળદ, ઊંટ શણગારીને આવે છે અને વાતાવરણને ધબકતું બનાવે છે. નવરાત્રિમાં માતાના મઢમાં કચ્છની કુળદેવી માં આશાપુરાને મહાન મેળો કચ્છની ભાતીગળ લોક સંસ્કૃતિના નમૂનારૂપ શહેરી સંસ્કૃતિથી દૂર ગ્રામ્ય વિસ્તારમાં ભરાતા આ મેળામાં કચ્છની અનેક લોકજાતિઓ પગપાળા માતાજીના દર્શને આવે છે. આ મેળાનું ધાર્મિક મહત્ત્વ અનેરું છે. લોકજાતિના ગીતો દ્વારા વ્યક્ત થતી ભાવનાઓનું નિરૂપણ થયુ છે.

‘આશાપુરા માત મારી આશ પૂરજો,
આશા પૂરજો માત, મારી દરશન દેજો’[૩૧]

આ ઉપરાંત સેવાનો ભેખ લેનાર મેકરણ દાદાની યાદમાં ભરાતો મેળો પણ નાત-જાતના ભેદભાવ વિના એકસરખા ઉત્સાહથી મનાવવામાં આવે છે. મહાશિવરાત્રી અને પછીના દિવસ સુધી આ મેળો ચાલે છે. મેળો માણવા દૂર-દૂરથી લોકો આવે છે. આ મેળામાં સર્વધર્મસમભાવના દર્શન થાય છે. કચ્છમાં ‘હાજીપીરનો મેળો’ યોજાય છે. હાજીપીર બાબા ગાયને બચાવવા જતાં શહીદ થયેલા. હિન્દુ-મુસ્લિમ બન્ને ધર્મના લોકોએ મેળામાં આવે છે અને ઉત્સાહથી ઉજવે છે. આવોજ બીજો એક મેળો ગાયોની રક્ષા માટે પ્રાણની આહૂતિ આપી દેનાર રાયસાહેબની યાદમાં ‘હિંગોરિયાગામનો’ મેળો તથા ‘વરુણ દેવ’નો મેળો ભરાય છે. કચ્છ-બન્ની પ્રદેશમાં ગાયોની રક્ષા માટે અનેક સપૂતોએ જીવન સમર્પિત કર્યા છે. જેની યાદમાં દર વર્ષે મેળો યોજીને શહીદોને યાદ કરે છે. જેસલ-તોરલ જેવા કચ્છી સંતકથાના અમરપાત્રની યાદમાં ભરાતો મેળો સંતાન પ્રાપ્તિ તથા વિવિધ ખોડખાંપણના નિવારણની માનતા પૂરી કરવા ભરાય છે. આ મેળામાં પણ સમગ્ર કચ્છમાંથી માનવ મહેરામણ ઉમટી પડે છે. લોકો જેસલ-

તોરલની સમાધિની પૂજા- અર્ચના કરે છે અને તોરલ દેની સમાધિ પર ચૂંદડી ઓઢાડી શ્રીફળ વધેરે છે. આ મેળામાં હિન્દુ-મુસ્લિમ, જૈન, પારસી, શીખ વગેરે ધર્મના લોકો એક સરખા ઉત્સાહથી ભાગ લે છે. મેળા વિશે જોરાવરસિંહજી જાદવ લખે છે. ''મેળો માનવીને આનંદ, ખરીદી અને દેવ દર્શનની અનોખી તક પૂરી પાડે છે. શ્રદ્ધાના તાંતણે બંધાયેલો માનવી સંસારની સુખ દુઃખની ઘટમાળામાંથી રાહત મેળવવા ઈશ્વર તરફ અભિમુખ બને છે. દેવ મંદિરના સ્થળે ભરાતા મેળામાં જઈને માનવી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે. મેળાઓ દિ આખો વૈતરું કૂટતા માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી એના હૈયાને આનંદથી ભર્યું ભર્યું બનાવે છે.''[૩૨]

કચ્છ-બન્ની પ્રદેશમાં યુવતીઓ સોળે શણગાર સજીને મેળો મ્હાલવા ઉમટી પડે છે. ગળામાં હાર, હાથમાં ચૂડા કે બલોયા, પગમાં કડલા કાનમાં લળતા કાપ અને પગમાં ઝાંઝરીનો રણકાર સ્ત્રીના સૌંદર્યને કલાત્મક ઓપ આપે છે. ઘેરદાર ઘાઘરા, ચણિયાચોળી, ઓઢણી, નવરંગી કપડાના મનમોહક રંગોનું મેળામાં યુવાનોના મનને હરી લે છે. મેળામાં ઘણીવાર યુવક-યુવતીઓ પામરી પહેરીને આવે છે. પામરી એટલે રેશમી રૂમાલ, પામરી વજનમાં હળવી અને રંગબેરંગી હોય છે. કચ્છી યુવાનો હાથે કે ગળે આવી પામરી બાંધીને અન્ય યુવતીઓના દિલને ચાહે છે. યુવાન હૈયાઓ એકબીજાનું ધ્યાન ખેંચવા મેળાનાં હાથ-પગમાં મેંદીની અવનવી ભાત મૂકે છે. ઘણી યુવતીઓ મેળામાં હાથ, પગ, અને મો પર છૂંદણા છૂંદાવે છે. છૂંદણાએ શુકનવંતી નારીનું પ્રતીક ગણાય છે. આવા છૂંદણામાં સાથિયો, પોપટ, મોર, મધમાખી, ખજૂરી, ઝાડ, ધજા જેવા પ્રતીકો ઉપસાવે છે.

મેળામાં દરેક ધર્મના લોકો એકસરખા ભાવથી, મેળો માણે તેથી ભાઈચારાની ભાવના વધે છે અને જ્ઞાતિ-જાતિના વાડા દૂર થાય છે. મેળામાં ધાર્મિક અભિવ્યક્તિ પ્રગટ થાય છે. પોતાને આસ્થા હોય તે દેવ-દેવીની પૂજા-અર્ચના અને ઉપાસના થાય. સંત્સંગ, ભજનો તથા ગીતો ગવાય એ રીતે ધાર્મિકભાવના વધે છે. અને પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા વ્યક્ત થાય છે. મેળો જે તે નગરનો પરિચય કરાવે બન્ની જેવાં પ્રદેશમાં આઈસ્ક્રિમ, મીઠાઈ, ફરસાણ, રમકડા, સૌંદર્ય પ્રસાધનો, ગ્રામ તરુણીને મેળામાં માણવા મળે છે. તેથી તેની માટે ઉત્સુકતા આકર્ષણ બની રહે છે. મેળામાં હસ્તકળાને પ્રોત્સાહન મળે છે. મેળો માણવા આવેલા લોકો નાની-મોટી ચીજ વસ્તુની ખરીદી પણ કરતા હોય છે, તેથી સાંસ્કૃતિક સંમેલનની સાથે હસ્તકલાના વેચાણનું પણ બજાર આવા મેળા બની રહે છે. મેળામાં વિવિધ જ્ઞાતિ-જાતિના યુવક-યુવતીઓ ભેગા થાય છે. ઘણીવાર યુવક-યુવતીનું જોડાણ પણ આવા મેળા થકી થતું હોય છે. માનવીને એકબીજા સાથે હળવા-મળવામાં જે આનંદ આવે છે. તેનું કેન્દ્રબિંદુ આવા મેળાઓ છે. માનવીને ઉત્સાહથી ઉછળતો કરી દેનાર મેળો કચ્છ-બન્નીના લોકજીવનના ભાતીગળ રંગોની ઝલક દેખાડે છે.

## કચ્છ-બન્ની વિસ્તારમાં સામાજિક રીત-રિવાજો :-

### લગ્નપ્રસંગ :-

લગ્નના દરેક રિવાજ પાછળ લોકમાનસમાં પ્રવર્તતી વ્યાપક રૂઢિઓનું સંવર્ધન થાય છે. વર-કન્યાના અરમાનો અને સગાવ્હાલાઓની આરત એકમેકમાં સમાયેલી હોય છે. લગ્ન દ્વારા લોકોની આસ્થા, લોકોની શુભેચ્છા અને પરંપરાની જાળવણી પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. લગ્નએ સામાજિક પ્રકૃતિનો હિસ્સો ગણાય છે. તેના લોકમાનસની સમગ્ર સંસ્કૃતિનું પરિવહન છે. જન્મ, મૃત્યુ અને લગ્ન એ સંસ્કૃતિ સાથે જોડાયેલા છે. લગ્નમાં ઘરેણા, વસ્ત્રો કે કરિયાવરની આપ-લે એ સામાજિક પરિવેશનો હિસ્સો હોય છે. લગ્ન એ જીવનભરનું બંધન ગણાય છે. લગ્નમાં માન્યતાઓ, રીત રિવાજો, વિધિવિધાનને લોકો અનુસરે છે. જોરાવરસિંહ જાદવ બન્નીના માલધારીઓની આગવી સંસ્કૃતિ વિશે નોંધતા લખે છે, 'સૌરાષ્ટ્રને અડીને રણની કાંધી માથે આવેલ કચ્છના બન્ની પ્રદેશમાં જત નામની માલધારી મુસલમાન જાતિ વસવાટ કરે છે. આ જાતિની તો સંસ્કૃતિ જ નિરાળી છે. હિન્દુ-મુસ્લિમ બન્ને જાતિઓના સંસ્કારોનું સુભગ મિલન તેમના સમાજ જીવનમાં અને લગ્ન પ્રસંગોમાં જોવા મળે છે. જત જાતિના લોકો મુસલમાન હોવા છતાં લગ્ન પ્રસંગે ગણેશ બેસાડીને પૂજા કરે છે. માંડવો નાખે છે. હિન્દુ વિધિ મુજબ વર કન્યાને પીઠી ચાળે છે અને અરબી ભાષામાં કલમા પઢે છે. આ લોકોમાં લગ્ન પ્રસંગે ફૂલેકાનો રિવાજ જાણીતો છે.'[33] દિકરી નાની હોય ત્યારથી માતા-પિતા તેના કરિયાવરની ચિંતા હોય છે. ધીમે-ધીમે એ વર્ષોથી નાની-નાની ચીજ વસ્તુઓ તેના માટે ભેગી કરે છે. દીકરીના સુખીસંસાર માટે માતા-પિતાના મનમાં અપાર કોડ ભરેલા હોય છે.

### વેવિશાળ :-

ભરવાડ, આહીર, રબારી, ચારણ જેવી જ્ઞાતિમાં દીકરા-દીકરીનું સગપણ નાની ઉંમરમાં નક્કી કરી દેવામાં આવે છે. દીકરા-દીકરીને ખ્યાલ પણ ન હોય કે પોતાની સગાઇ ક્યારે કરવામાં આવી હતી. લગ્ન પુખ્ત ઉંમરે કરવામાં આવે છે. પરંતુ તેની વિધિવિધાન નાની ઉમંરે પૂરી કરી દેવામાં આવે છે. ક્ષત્રિય, આહીર, જેવી જ્ઞાતિમાં મામા-ફઈના દીકરા-દીકરી એકબીજા માટે જીવનસાથી તરીકે પસંદ કરવામાં આવે છે. જેમા કન્યાપક્ષ સગપણ નક્કી કરવાના ભાગરૂપે સાકર ચૂટી વરપક્ષવાળાને મોકલે છે. જે શુકન તરીકે સ્વીકારીને સગાઈ પાકી થયેલી માનવામાં આવે છે.

## લગ્નમાં વસ્ત્રાભૂષણો :-

કચ્છ બન્નીની લોકનારીઓ વિવિધ ડિઝાઈનના વસ્ત્રો લગ્નમાં ધારણ કરે છે. કચ્છી રબારણો ઘેરદાર આભલાં ટાંકેલા ઘાઘરા પહેરે છે. તો આહીર કન્યાઓ કાળી જીમી પહેરે છે. હરિજન જ્ઞાતિ સ્ત્રીઓ આંબલિયા ભાતનું છાપેલું પહેરણ પહેરે છે. લગ્ન પહેલા કન્યા અતિશય બારીક ભરત ભરેલા વસ્ત્રો કરે છે. દરેક જ્ઞાતિના રીત રિવાજ મુજબ કોડભરી કન્યાઓ ઘાઘરો, જીમી, ચૂંદડી, ઓઢણી અને કાપડાં પહેરે છે. પરણેલી કન્યાઓ મેળો માણવા જાય ત્યારે પંચરંગી કાપડા અને નવરંગી ચૂંદડી ઓઢે છે. લોક સંસ્કૃતિનાં શણગારમાં અનિવાર્ય ગણાય તેવા કાપડાંનો ઉલ્લેખ લોકગીતોમાં પણ જોવા મળે છે. ડો. ભરત પંડયા નોંધે છે.

'સવામણ સોનાનું કાપડું રે, અધમણ હીરનું ભરત,
નાનીબા કાપડું ભરતે ભર્યું રે !'[૩૪]

લગ્નમાં કન્યાઓ ઓઢણી ઓઢે છે તેને ચૂંદડી ના નામે પણ લોકો ઓળખે છે. નવવધૂનો શણગાર ચૂંદડી વિનાનો અધૂરો ગણાય છે. સામાન્ય વ્યવહારમાં આપણે તેને પાનેતર અથવા ઘરચોળાના નામે ઓળખીએ છીએ તે જ આ ચૂંદડી . ચૂંદડીમાં વિવિધ ભાતો ઉપસાવવામાં આવે છે. મોર-પોપટની ભાત દાણા-ભાત, ચોખલિયાળી ભાત જેવી કેટલીક ભાતો પાકા રંગ વડે બનાવવામાં આવે છે. ઓઢણીમાં વચ્ચે-વચ્ચે આભલા ટાંકવામાં આવે છે. બન્નીમાં બાંધણીનું પ્રચલન ઘણું છે. લાલ-પીળા, લીલા, વાદળી જેવા રંગની બાંધણી અહીં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. લગ્ન જેવા સારા પ્રસંગે સ્ત્રીઓ ભાતીગળ રંગોની બાંધણી પહેરીને લગ્ન માણવા આવે છે. બન્નીની માલધારી સ્ત્રીઓ હાથે બનાવેલી બાંધણી લગ્ન પ્રસંગે ખાસ પહેરે છે.

લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં કન્યાના માતા-પિતા પાસેથી તેમજ પુત્રવધૂ તરીકે સાસરિયા પાસેથી વિવિધ આભૂષણો લગ્નવિધિ સમયે અપાય છે. કચ્છ-બન્નીમાં માલધારી સ્ત્રીઓ તેમજ જત, મુતવા, હોલેપાત્ર જેવી કન્યાઓ વિવિધ જાતના ઘરેણા પહેરવાની શોખીન છે. કચ્છમિત્રમાં કચ્છની લોક સંસ્કૃતિ નામનો લેખ લખનાર ડૉ. દિનેશ જોષી નોંધે છે. ''આહીર કોમના બાળકો તથા સ્ત્રીઓના ગળામાં પહેરવાના વિશિષ્ટ આભૂષણને તેઓ 'હાયડી' કહે છે. તો જત કોમની સ્ત્રીઓનું માનીતુ ઘરેણું 'હંસીપોચી' છે.'' માલધારી સ્ત્રીઓનું ગળાનું માનીતું આભૂષણ 'વાડલો' કે 'મકોડા ચક્કર' છે. 'હુલડો' નામનું ઘરેણું લગભગ તમામ જાતિની સ્ત્રીઓ ગળામાં પહેરે છે. મુસ્લિમ સ્ત્રીઓ પગમાં જે નકશીદાર કડલાઓ પહેરે છે તેને કચ્છમાં 'ઘઉંલા' કહે છે. રબારી સ્ત્રીઓના અતિ લોકપ્રિય કંકણ કે જેને તેઓ 'ભોરીડા' નામે ઓળખે છે. તે તેના નકશીકામ માટે પ્રખ્યાત છે. રબારી સ્ત્રીઓના કાનનું એક વિશિષ્ટ આભૂષણ છે તેનું નામ છે 'અકોટા'; અકોટા અતિશય પહોળા અને ભારે હોય છે. તેના ભારથી

કાનની બૂંટ  લાંબી થતી જાય તેમ નારીનું સૌંદર્ય વધતુ જાય છે અને એ જ રીતે રબારી સ્ત્રીના કાનનું અન્ય એક આભૂષણ જેને તેઓ ‘નાગલા’ કહે છે એ પણ સૌંદર્યમાં વધારો કરે છે. રબારી પુરુષો પણ કાન વીંધાવી ‘કડકુ’ પહેરે છે. કડલી સહિત શણગારાયેલી સાંઢણી પર સવાર થઈ રબારીઓના ઢાલ અને સાંગધારી વરરાજા પોતાના મૂળભૂત પહેરવેશમાં હજુ પણ કચ્છમાં પરણવા નીકળે છે. હિરનીદોરી ગંઠીને બનાવેલી ‘સિયળ’ રબારી સ્ત્રીઓ ઘરેણામાં પહેરે છે. તો માલધારીઓ, રાજપૂતો અને મુસલમાનો એક જ દોરની સેરમાણ બટન ટાંકીને ખમીસ પહેરે છે. તેને આભે જો ભૂટાન કહે છે.’[૩૫]

## કચ્છ-બન્નીમાં ગોકુળિયા લગ્નો :-

ગોકુળિયા લગ્ન એ કચ્છની ભાતીગળ સંસ્કૃતિનું એક આગવું અંગ છે. જન્માષ્ટમીના દિવસે લગ્ન થતા હોવાથી તેને ગોકુળિયા લગ્ન કહેવામાં આવે છે. કચ્છમાં મચ્છોયા આહીર અને રબારીઓમાં આ પવિત્ર દિવસે લગ્નપ્રસંગ યોજવામાં આવે છે. જન્માષ્ટમીનો ઉત્સવ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ ગણાય અને તે જ દિવસ લગ્નવિધિનું આયોજન થાય તે શ્રીકૃષ્ણ પ્રત્યેની આસ્થા અને કૃષ્ણભક્તિ પ્રત્યેનો ભાવ દર્શાવે છે. ગુજરાતમાં લાભપાંચમ, અખાત્રીજ, દશેરા, વસંતપંચમી જેવા મુહૂર્તને શુભ માનવામાં આવે છે. કચ્છ-બન્નીની ધરતી જન્માષ્ટમીએ હેલે ચડે છે. આહીર- રબારીમાં લગ્નવિધિમાં બ્રાહ્મણ ન હોય તો સમાજના વડીલો દ્વારા પણ વિધિવિધાન પૂર્ણ કરી દેવામાં આવે છે. જન્માષ્ટમીની મધ્ય રાત્રિએ ૧૧ થી ૧૨ના સમયગાળા દરમિયાન ગોકુળિયા લગ્ન યોજાય છે. લગ્ન વધાવવા માટે આહિર જ્ઞાતિની બહેનો તળપદી ભાષામાં ગીતો ગાઈને લગ્ન વધાવે છે. ડૉ. ભરત પંડયા નોંધે છે.

‘હુ તો હોના હરૂખો હૂરજ ઊગીયો રે,
મે તો થાળ ભર્યો શગ મોતી એ રે
હું તા વગાડ વધાવવાને જાસ.... હું તા’[૩૬]

કચ્છના વરસાદને લગ્નમાં આ રીતે વણી લે છે. ડૉ. દિનેશ જોશી લખે છે.

‘ઝરમર ઝરમર મેહુલો વરસે વીજ કરે
ચમકારા વાવા
ચાગલે વીરની સોનેરી સાફા શોભા
અપરંપાર વા વા’[૩૭]

## ગણેશ સ્થાપન :-

દરેક જ્ઞાતિની લગ્નવિધિની શરૂઆત વિઘ્નહર્તા ગણેશ સ્થાપનથી કરવામાં આવે છે. બ્રાહ્મણો બાજોઠ પર લીલું કપડુ પાથરીને તેના પર સાથિયો અને સોપારી મૂકી અબીલ-ગુલાલ-કંકુના છાંટણા છાંટી ગણેશજીને પ્રાર્થના કરે છે. ગણેશ-સ્થાપન વખતે ગાવાનું ગીત ડૉ.ભરત પંડયા તેમના પુસ્તકમાં નોંધે છે.

'સામા તે ઓરડા ચીતર્યા, ઉગમણા માંડયા ગણેશ.
વાજિંતર વાગિયા રે....
પ્રભુના સિંહાસન ઓરડારે, તેના બિરાજે શ્રી ગણેશ
વાજિંતર વાગિયા રે'[૩૮]

## પીઠી ચોળવાની વિધિ :-

લગ્નના આગલા દિવસે. વર-કન્યાને પીઠી ચોળવામાં આવે છે. વર-કન્યાના લગ્ન પહેલા સૌંદર્યમાં વધારો થાય તે માટે પીઠી ચોળવાની વિધિ કરવામાં આવે છે. પરિવારની ભાભીઓ તથા કુટુંબની અન્ય સ્ત્રીઓ વર-કન્યાને પીઠી ચોપડે છે. હાથે, પગે, મોઢે પીઠીનો પીળો લેપ લગાડવામાં આવે છે. આહીર, રબારી, ભરવાડના ઘરે, આનંદ ઉમંગથી મજાક-મસ્તીથી ગીતોની સાથે પીઠી ચોળવાની વિધિ પૂર્ણ કરવામાં આવે છે. પીઠી વખતે નીચેનુ ગીત ગવાય છે.

''પીઠી પીઠી કરસ્યે ભોજાઈયુન વીરડા
હાથ-પગ ધુએ બેનલ ભાઈ,
આખો વાંહો ધૂએ વારૂન્દ હો વીરડા,
વાધેય પે' રાવે મામુ હરખી લો
દાદોજી જુએ, માના હરખે નાં માય તે વીરડા''[૩૯]

આહિર, ભરવાડ, રબારી, કાઠી, ચારણ જેવા માલધારીઓના લગ્ન સંપૂર્ણ હિન્દુ રિવાજ મુજબ યોજાય છે. લગ્ન સાદાઈથી કરવામાં આવે છે. પરંતું હૃદયનો આનંદ યાદગાર બની જાય છે. જ્યારે જત લોકોના લગ્નમાં હિન્દુ-મુસ્લિમ બન્ને રિવાજોનો સમન્વય જોવા મળે છે. જ્યારે મુસ્લિમ માલધારીઓના લગ્ન મુસ્લિમ સમાજની પરંપરા પ્રમાણે કરવામાં આવે છે.

## કચ્છના કાઠી લોકોની જાન :-

કાઠી લોકોની જાનમાં મોટેભાગે ઘોડા જોવા મળે છે. બે-ચાર ઢોલી ઢોલ વગાડતા આગળ ચાલે છે. જાનૈયા ઢોલીને રોકડા રૂપિયાની લ્હાણી કરતા હોય. વરરાજો ઘોડા પર બિરાજમાન હોય છે. અન્ય જાનૈયાના ઘોડા પણ શણગારેલા હોય છે. કાઠીઓની જાનમાં ઢોલી આખીય જાનને ધબકતી કરી દે છે. કાઠીઓનું એક લગ્નગીત જાણીતું છે. ડૉ. ભરત પંડયા લખે છે કે,

''કાઠી ભાઈની જાનમાં
ઢોલ વાગે તાનમાં
નાચે ઘોડા મેદાનમાં''[૪૦]

### વરનમણું :-

વરપક્ષના લોકો જાનને માંડવે લઈ જાય છે. ત્યારે ઘોડી પર વરરાજાને બેસાડવામાં આવે છે સાથે પરિવારના મોભીઓ, બહેનો, બાળકો વગેરે ચાલતા હોય છે. બહેનો મંગળગીતો ગાય છે. ઢોલ, નગારા અને શરણાઈના સૂર વાતાવરણને ગજાવી મૂકે છે. વરઘોડામાં કેટલાક લોકો નાચ-ગાન કરતા હોય છે તો વળી કેટલીક વાર બહેનો રાસ-ગરબા લેતી જોવા મળે છે. માંડવામાં લાજુલ ગોરીનો હાથ ઝાલવા તેનો પરણેતર માંડવામાં વાટ જોતો ઊભો હોય છે. તે સમયે કન્યા પક્ષની સ્ત્રીઓ માથે ઈંઢોણી ઉપર નાજુક બેડલું મૂકી કળશ અને પાણી વડે સૌનું સ્વાગત કરે છે. જેને વરનમણુંની વિધિના નામે ઓળખવામાં આવે છે.

### પોંખણું :-

હાથમાં તલવાર, માથે પાઘડી. પગમાં હીરભરત, ગુંથેલી મોજડી ધારણ કરેલા વરરાજાનું સ્વાગત કરવામાં આવે છે. આ સમયે સૌની નજર વરરાજા પર મંડાયેલી હોય છે. કન્યાની માતા જમાઈરાજનું સ્વાગત કરવા હાથમાં રામણ દીવડો લઈને પોંખવા આવે છે. તેની સાથે રહેલી દરેક પોંખવાની વસ્તુ સાથે સૌભાગ્ય અને સમૃદ્ધિ સૂચક પ્રતીકો જોડવામાં આવેલા હોય છે. જે આ પ્રમાણે છે.

### ધૂસળ :-

ધૂસળ એટલે ઘોસરું. આ સંસારરૂપી રથમાં વર-કન્યા કાયમ એકબીજા સાથે જોડાયેલા રહે તેવો ભાવ સેવવામાં આવે છે. જેમ ઘોસરું અન્ને બળદને એકસાથે જોડી રાખે છે. તેમ વર-કન્યા સુખ દુઃખમાં અકબીજા સાથે ટકી રહે છે.

### મુશળ :-

મુશળ એટલે ખાંડણિયું, ખાંડણિયામાં અનાજ ખાંડવામાં આવે છે. પશુપાલકો અને કૃષિકારોના જીવન સાથે જોડાયેલુ પ્રતીક છે. અનાજ ખાંડવાથી તેના ફોતરા દૂર થાય તેમ વર-કન્યાના જીવનમાંથી અહંકાર, ઈર્ષા દૂર કરી એકમેકને અનુરૂપ રહી સંસારને રળિયામણો બનાવે તેવી ભાવના મુશળથી પોંખવાની વિધિ પાછળ રહેલી હોય છે.

## રવૈયો :-

રવૈયા એટલે વલોણું. માલધારીઓ માટે રવૈયો ફેરવી માખણ વલોવવાનું કામ તેમની સંસ્કૃતિનો અગત્યનો અંશ છે. વરકન્યા આ સંસારરૂપી વલોણામાં વલોવાઈ અને પ્રેમનું અમૃત પામે તેવી ભાવના આ પ્રતીક પાછળ રહેલી હોય છે.

## તીર :-

પોંખતી વખતના નાના-નાના સળિયાને તીર તરીકે ઓળખવામાં આવે છે. સંકટોને દૂર કરવા માટે તીર પ્રતીક તરીકે વપરાય છે. વળી લોખંડનું તીર હોય તો તેનાથી મલિન વિચારો અને મેલા તત્વો દૂર રહે તેવી માન્યતા રહેલી હોય છે.

## ઈંડીપીંડી :-

ભૂતપિશાચ મેલીવિદ્યા આ બધાથી વરરાજાનું રક્ષણ થાય તે માટે રાખ અને ચાર ઈંડીપીંડી લઈ કન્યાની માતા ચારે દિશામાં તેને ફેંકે છે. સાથે શુભભાવનાના પ્રતીકરૂપે કંકુના છાંટણાં પણ છાંટવામાં આવે છે.

## સંપૂટ :-

કોડિયામાં દહી, ઘાસ, ચોખા નાખી તેની પર બીજુ કોડિયું ઊંધુ વાળીને નાડાછડી વીટંવામાં આવે છે. પછી સામૈયાની દરેક સામગ્રી સાથે અમુક ભાવના અને માન્યતાઓ જોડાયેલી હોય છે જે વર-કન્યાના સુખદ જીવન માટેની શુભેચ્છા હોય છે.

## હસ્ત મેળાપ :-

હસ્તમેળાપમાં બ્રાહ્મણ વર-કન્યાના હાથ ઉપર-નીચે મુકાવે છે અને લગ્નકંકોત્રી વંચાય છે. હસ્ત મેળાપનો સમય કંકોત્રીમાં અગાઉથી નક્કી કરવામાં આવે છે. હસ્ત મેળાપમાં વર-કન્યાના હાથ દ્વારા જીવનમાં આવનારા સુખ દુઃખ સાથે રહીને વહેચવાનો છે તેવો ભાવ રહેલો છે. લગ્ન એટલે જ મારાપણાની ભાવના છોડી અન્ય વ્યક્તિ સાથે જીવનભર જોડાઈ જવું.

## કન્યાદાન :-

દરેક માતા-પિતાને પોતાની વ્હાલસોય દીકરીની વધતી ઉંમરને જોઈ ચિંતા થતી હોય છે. લગ્નની ઉંમરે પહોંચે એવી પોતાની લાડકીને દીકરીને યોગ્ય મુરતિયો મળે તેવી અંતરની ભાવના હોય

છે. યોગ્ય સમયે મુરતિયો મળતા લગ્ન મંડપમાં માતા-પિતા પોતાની દીકરીને કન્યાદાન આપે છે. કન્યાદાન પાછળ એવી ભાવના રહેલી હોય છે કે અમારી કાળજાના કટકા જેવી દીકરી તમારા હાથમાં સોંપીએ છીએ. તેનું દાન સ્વીકારીને અમારી દીકરીને સંસારના નવજીવનમાં તમે સુખી કરો. તમારી અર્ધાંગિની ગણીને તેનુ સર્મપણ સ્વીકાર કરો. એવી ભાવના સાથે માતા-પિતા કન્યાનું દાન કરે છે.

**મંગળ ફેરા :-**

વર-કન્યાના ઉપરના વસ્ત્રોની ગાંઠ મારીને ચાર ફેરા અગ્નિની સાક્ષીએ ફરવામાં આવે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર હિન્દુધર્મના મુખ્ય પાયા છે. સંસાર રૂપી સાગરમાં અમે સુખ દુઃખમાં સહભાગી રહીશું, એ દરેક ફેરા સમયની ભાવના હોય છે. લગ્નમંડપમાં વરપક્ષ અને કન્યાપક્ષની બહેનો લગ્નગીતો ગાઈને પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

**વરપક્ષ :-** ''સાંકડી શેરી મે રાઈતતી રુડે
રાઈતી રુડે લાડી વઉચે''
મું બાઈતી ચુ....તે (૨)
સાંકડી શેરીજો છાપા તારુ... ડે
લાડલી વઉચે મુજા બાપા તારુ....ડે (૨)

હવે તો સામો પક્ષ પણ બાંયો ચડાવે છે વરના પિતાની બરાબર ખબર લેવાય છે.

**કન્યાપક્ષ :-** ''નઉ મંજો જુની વાણ, હાંક મૂકે હા,
તેં તે વિછાઈ અછી ઘડકી હાંક મૂકે હા,
તેં તે વેઠા વરજા બાપા, હાંક મૂકે હા,
વિઠે વિઠે પગર થ્યો, હાંક મૂકે હા,
રેલે મિજા ઝાડ ઊગા, હાંક મૂકે હા,
જાડ મે તે જામફળ થિયા, હાંક મૂકે હા''[૪૨]

**કન્યા વિદાય :-**

લગ્ન વિધિમાં છેલ્લે વિદાય આવે છે. કન્યા વિદાય વસમી હોય છે. ગમે તેવા પાષાણ હૃદયનો પિતા દીકરી ઘર છોડીને જાય ત્યારે ચોધાર આંસુએ રહી પડે છે. દીકરીના માતા-પિતા તેમજ સગા-સબંધી કન્યાને ભીની આંખે વિદાય આપે છે અને કન્યા પોતાના નવજીવનનાં ઉબંરે પગ મૂકે છે. માતા-પિતા તેમને સોનેરી સલાહ આપે છે તે લોકગીત દ્વારા વ્યક્ત કરે છે.

ઘરજી ગાલ્યું ઘરમેં રખજા
કઢીજા ન કિતે બાર
તાળાકુંજી હથમે રખજા....[૪૩]

કચ્છ-બન્નીની મોટાભાગની જ્ઞાતિમાં આ રીતે લગ્નવિધિ જોવા મળે છે. ગોકુળિયા લગ્ન તેમજ જત લોકોના હિંદુ-મુસ્લિમ બન્ને સંસ્કૃતિ સમા લગ્નો આ બાબતે વિશિષ્ટ ગણી શકાય જે અન્ય પ્રદેશમાં જોવા મળતા નથી. લગ્નમાં વસ્ત્રાભૂષણ, લગ્નના રીતરિવાજ, માન્યતા વગેરેમાં કચ્છ-બન્નીની લોકસંસ્કૃતિની આગવી ઓળખ બની રહે છે.

## બન્ની પ્રદેશની લોકવિધિઓ :-

### વૃક્ષપૂજા :-

કચ્છ-બન્નીની લોકસંસ્કૃતિમાં વડ, પીપળો, તુલસી, શમી વગેરે વૃક્ષોનું પૂજન થાય છે. કચ્છ-બન્નીની તમામ લોકજાતિના આંગણામાં તુલસીકયારો હોય જ છે. વટસાવિત્રીના વ્રત નિમિત્તે સ્ત્રીઓ વડની પૂજા કરે છે. જ્યા પાર્વતી 'ભેસ્વતવાર (ગુરુવારે) પીપળાની પૂજા કરી પાણી રેડે છે. દશેરાના દિવસે ક્ષત્રિયો શમી પૂજન કરે છે.

### પ્રાણીપૂજા :-

કચ્છ-બન્નીની લોકસંસ્કૃતિના ગૌપૂજા અને નાગપૂજાનું મહત્ત્વ છે. કેટલીક લોકજાતિની સ્ત્રીઓ સવારના નાહીને ગાયની પૂજા કરે છે તો 'બોળચોથ'ના દિવસે ગાય અને વાછરડાની પૂજા કરે છે. તેમાં પણ સફેદ ગાય અને લાલ વાછરડો ઉત્તમ મનાય છે. તેમને કુલર ખવડાવી ચાંદલો કરી, કપાસનો હાર બનાવી પૂજા કરે છે.  'નાગપાંચમ'ના દિવસે નાગની સિંદૂરવાળી મૂર્તિની પૂજા કરવામાં આવે છે. તેમાં દૂધ, તલવટ અને શ્રીફળ મુખ્ય છે. કચ્છના રાજા ભુજિયા ડુંગર પર ભુજંગની દેરીએ આ દિવસે દૂધ લોકો ચડાવે છે.

### ભૂમિપૂજન :-

કચ્છ-બન્નીમાં નવુ ગામ વસાવતી વખતે તથા નવું મકાન બાંધતી આ લોકો ભૂમિનું પૂજન કરે છે. નવા મકાનના પાયા માં દંપતીના હસ્તે સોપારી, હળદર, ચાંદીના મત્સ્ય અને નાગ સાથે પંચામૃત દ્વારા પાયાનું પૂજન થાય છે. ત્યારબાદ તેના પર બાંધકામ કરી શકાય. નવી જમીન ખરીદતી વખતે બ્રાહ્મણને પૂછીને સોદાવિધિ થાય છે. ખેતર ખરીદ્યા બાદ ગાયની પૂજા કરી બળદના શિંગડા રંગી-બ્રાહ્મણ કહે ત્યાં ચાસ પાડી ખેતીનો શુકનવંતો પ્રારંભ કરે છે.

### સ્ત્રી દાક્ષિણ્ય :-

કચ્છ-બન્નીમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું માન વધારે છે. ઘરનો સઘળો કારભાર સ્ત્રી થકી ચાલે છે. મોટેભાગે પુરુષો સવારે પોતાના પશુઓને લઈને નીકળી પડે છે. દૂધ વેચવા જવું. ઘરમાં જોઈતી

ચીજવસ્તુ લાવવી રસોઈ તેમજ ઘરકામમાં ઓતપ્રોત રહેતી સ્ત્રીની ઘરમાં માન-મર્યાદા જળવાય છે. સ્ત્રી પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ તેવા સંસ્કાર તેમને વારસામાં મળ્યા. આથી જ કચ્છ-બન્નીમાં સ્ત્રીઓની મજાક-મસ્તી, છેડતી કે જાતિય સતામણીના પ્રસંગો બહુ ઓછા મળે છે. આ લોકજાતિમાં જ્ઞાતિના બંધારણને તોડનાર શિક્ષાને પાત્ર બને છે. તેથી જ જ્ઞાતિમાં કોઈપણ સ્ત્રીની છેડતી કોઈએ ભૂલેચૂકે કરી હોય તો જ્ઞાતિના આગેવાનો તે વ્યક્તિને સખત શિક્ષા કરે છે. સમાજના મોભીઓ પંચનું કામ કરે છે. જ્ઞાતિના પંચની સૌ આમાન્યા રાખે. પંચના નિર્ણયને દરેકે સ્વીકારવો પડે છે. ગામના ચોરે બેસીને પંચના મોભીઓ ન્યાય તોળે છે. પંચના નિર્ણયનો બહિષ્કાર કરનારને જ્ઞાતિ બહાર મુકવામાં આવે છે. જ્ઞાતિમાં કોઈના છૂટાછેડા, રિસામણા, મિલકતની વહેંચણીમાં બન્ને પક્ષમાં ન્યાયનું કાર્ય સમાજના વડીલોની દોરવણી હેઠળ થાય છે. એ માટે મોટાભાગના પ્રશ્નોનો તાત્કાલિક સુલેહ આવે છે અને અદાલતમાં જવાનું ટળે છે.

## કચ્છ બન્નીની લોક માન્યતાઓ -

## કૃષિજીવનને સ્પર્શતી માન્યતાઓ :

ચોમાસામાં ચાતક પક્ષી દેખાય તો આવતુ વર્ષ સારું થશે તેમ માનવામાં આવે છે. તેમજ સર્પ વૃક્ષ ઉપર ચડે તો ખૂબ જ વરસાદ પડશે તેવું માનવામાં આવે છે ?

કચ્છના લોકજીવનમાં અષાઢી બીજનું બહુજ મહત્ત્વ છે. તેથી તો અષાઢી બીજની સાંજના વૃદ્ધ ખેડૂતવર્ગ આંખ પર છાજલી રાખીને જુએ છે અને બોલી ઉઠે છે. 'અષાઢી બીજ, કાં વડર કા વીજ' અષાઢી બીજના દિવસે વરસાદના અમી છાંટણા પડે તો શુકન માનવામાં આવે છે. માલધારીઓ અને ખેડૂતોમાં આનંદની લહેર જોવા મળે છે.

જો આર્દ્રાનક્ષત્રમાં વરસાદ પડે તો જમીનમાં ભેજ વધે એવુ લોકો માને છે.

ઘરના આંગણામાં દરરોજ સાથિયાં પૂરવાથી વરસાદ ખૂબ વરસે તેમજ 'હાથિયા' નક્ષત્રમાં વરસાદ વરસે તો હાથીના શૂંઢની ધારાવળીની જેમ આકાશમાં મોટા - મોટા વાદળા ચડી આવે અને વરસાદ અભરે પડે છે. આથી જ કચ્છી-કણબી સ્ત્રીઓ વરુણદેવને મનાવવા બારેમાસ સાથિયા પૂરે છે. તેથી જ કચ્છમાં આ કહેવત પ્રચલિત છે. ''વસ વસ તું હાથિયા, કણબણ પૂરી સાથિયા.''

## ધાર્મિક માન્યતાઓ :-

કચ્છ-બન્ની પ્રદેશમાં ખુલ્લુ માથું અપશુકનનું પ્રતીક ગણાય છે. પુરુષો માથે પાઘડી કે રૂમાલ વીંટાળે છે તો સ્ત્રીઓ માથા ઉપર ઓઢણી કે ચુંદડી ઓઢી રાખે છે. આખાય પંથકના સ્ત્રી-પુરુષ કે બાળકો કોઈનું માથુ ખુલ્લુ નહી જોવા મળે. આમેય ગરમ પ્રદેશમાં લૂ લાગવાથી વાળ સૂકા થઈ જાય. બાળકો પણ માથે ટોપી પહેરી રાખે છે.

કચ્છ-બન્નીનાં લોકો કોઈપણ ધાર્મિક કાર્ય મોટાભાગે શુભ શુકન જોઈને કરવામાં આવે છે. જેમ કે સોનેરી મૂછવાળા નાગ, મોઢામાં ઈંડા લઈ પ્રવેશતી કીડી શુભશુકન માનવામાં આવે છે. તો બે વ્યક્તિ એકસાથે બોલે કે કાચ તૂટે તેને પણ શુભશુકન માનવામાં આવે છે. દૂધ ઢોળાવું કે ગુરુ કે રવિવારે નખ કાપવા અપશુકન માનવામાં આવે છે.

## ભૂતપ્રેતને લગતી માન્યતાઓ :-

કચ્છ-બન્નીની પ્રજા લગભગ ભૂતપ્રેતમાં માને છે.કચ્છની જાગરિયા કોમ ભૂતપ્રેત કાઢવાની વિધિ કરતી હોય છે. જાગરિયાઓ ડાકલા વગાડી ચોખા, મગ, લીંબુની ફાડ, હળદરનો ગાંઠિયો, કોરીમાટી વગેરે ઘડામાં મૂકી ઉપર કાળુ કપડું બાંધી વળગાડ લાગેલો હોય તેવી વ્યક્તિના માથેથી ઉતારીને સ્મશાનમાં મૂકવા જાય છે.

જો કુંવારો છોકરો મરણ પામે તો તેની સદ્ગતિ થતી નથી અને એ પિતૃ બનીને નડે છે. તેની સદ્ગતિ માટે 'લીલ પરણાવવાની' વિધિ કરવામાં આવે છે. ઘણીવાર 'સપ્તાહ' પણ બેસાડવામાં આવે છે.

સુવાવડી સ્ત્રીને પિતૃ નડતર વિશેષ પ્રમાણમાં થાય તેવું આ લોકો માને છે. તેથી જ બાળમુવારા ન ઊતર્યા હોય તેવા બાળક અને સુવાવડી સ્ત્રીને બહાર નીકળવા દેતા નથી. જેથી કરીને ભૂતપ્રેતની છાયા તેમની ઉપર ન પડે તેવું માનવામાં આવે છે.

જેને ભૂત વળગ્યુ હોય તેને દેવદેવીઓ કે પીરોના સ્થાને લઈ જવામાં આવે છે. ભૂવો કે મુજાવર ધૂણીને ભૂત કાઢે છે.

ભૂત, પ્રેત, ખવીસ, ચૂડેલ, ડાકણ જેવા અનેક પ્રકારો કલ્પીને તેઓની આકૃતિઓ પણ લોકજાતિઓ નક્કી કરે છે. ભૂત અને પ્રેત ધારે તેવો આકાર ધારણ કરી શકે છે. ભૂત-પ્રેતનું શરીર તદ્દન ઠંડુ હોય છે. ચૂડેલે માથા પર સગડી ધારણ કરેલી હોય છે. જ્યારે ડાકણના પગ ઊંધા હોય છે ખવીસ અને માથું જ હોતું નથી એવી અનેકવિધ માન્યતાઓ કચ્છની લોકજાતિઓ ધરાવે છે.

## માલધારીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ :-

કચ્છ-બન્નીની મોટાભાગની પ્રજા પશુપાલન સાથે જોડાયેલી છે. પશુઓની દેખરેખ રાખવી, ઉછેર કરવો તેના દૂધ, ઘી, છાશ વેચવા એ તેમનો મુખ્ય વ્યવસાય રહ્યો છે. પોતાના સંતાનો અભ્યાસમાં પારંગત બને તેના કરતા મોટા થઈને પોતાના વ્યવસાયમાં આવે તેવું દરેક માલધારીઓ માને છે. દીકરીઓને તો નાનપણમાં જ ઘરકામ સાથે જોડી દેવામાં આવે છે. મોટી થતા ભરત-ગૂંથણનું કામ શિખવાડી કરિયાવર તૈયાર કરાવે છે. શિક્ષણ કરતા ઘરકામ અને ભરત-ગૂંથણમાં નિષ્ણાંત થાય તેવું ઈચ્છે છે.

અહીંના ભરવાડ,રબારી, કોળી, આહીર, જત, મુતવા જેવી જાતિના લોકો માટે ભણતર કરતા પશુપાલન જ મહત્વનું છે. ભણીગણીને કોઈ મોટા મીર મારી શકતો નથી તેવું માને છે. પોતાના પશુઓને સારી રીતે સાચવી શકે. પશુઓને લગતી પ્રવૃત્તિમાં આવડત ધરાવે તેને કુટુંબ, પરિવાર તેમજ સમાજમાં માન-પાન મળે છે. પોતાના પશુઓની ગણતરી કરતા આવડે તેટલું અંકજ્ઞાન અને વાંચતા-લખતા આવડે તેટલું ભાષાનું જ્ઞાન આવડતું હોય તે વ્યકિત સમાજમાં શિક્ષિત કહેવાય છે.

શિક્ષણના અભાવે જ માલધારી પ્રજાનો વિકાસ થયો નથી. શિક્ષણથી માનસિક, સામાજિક, આર્થિક વિકાસ થાય. પોતાની આવનારી પેઢીનો વિકાસ થશે એવી જોવાની દીર્ઘદષ્ટિ હજી આ ભલીભોળી પ્રજા સુધી પહોંચી નથી. ઓછા શિક્ષણને લીધે અહીના લોકો પોતાના વ્યવસાય અને વિસ્તાર પૂરતા સિમિત રહ્યા છે. જૂના રીત રિવાજો અને માન્યતાઓની આંટીઘૂટીમાં શિક્ષણનું મહત્ત્વ આ પ્રજાને કયાંથી સમજાય ?

## કચ્છ-બન્નીમાં પાળિયાનું પૂજન :-

''સતી ભક્તા દાની શૂરા, અણનમ સારપ એક
એવા માનવના મૃતલોક, પૂજાય આજે પાળિયા''[૪૪]

કચ્છ-બન્નીની ધીંગી ધરામાં સંતો, સતીઓ અને શૂરવીરોના પાળિયાઓ પૂજાય છે. કચ્છની ધરતી હંમેશા ધર્મના રંગે રંગાતી આવી છે. કચ્છની ગરવી પ્રજા પથ્થરને પણ દેવ માનીને પૂજતી આવે છે. પછી તે પ્રતિમા હોય કે પાળિયો હંમેશા તેને દેવત્વની ઝાંખી થઈ છે. પાળિયા એટલે વીરપૂજાના પ્રતીકો.

ભારતના કોઈપણ ભાગ કરતા સૌથી વધુ વૈવિધ્યસભર ઈતિહાસ જો ક્યાંય રચાયો હોય તો તે કચ્છ પ્રદેશ. વીરપુરુષોની આ ભૂમિમાં તલવાર, કલમ અને પ્રેમની ગાથાઓ વિશેષ રચાતી હતી. કચ્છ-બન્નીના ગામડે-ગામડે પાળિયાઓ લોકજીવનનો ઈતિહાસ સાચવીને બેઠા છે. કચ્છની ધરામાં નેક-

ટેકવાળા ખમીરવંતા નર નારીઓ પાક્યા છે. કચ્છ-બન્નીની લોકસંસ્કૃતિમાં પાળિયાઓ, ખાંભીઓ તથા શિલાલેખોનું અનેરુ મહત્ત્વ છે. આ પ્રદેશમાં નાનામાં નાના માણસે રણમેદાનમાં કૂદીને પોતાની બહાદુરીનો પરિચય આપ્યો છે એ પછી તે જાતિનો હોય, ચારણ હોય, રબારી હોય, રજપૂત હોય, વાણિયો હોય, બ્રાહ્મણ હોય, આહીર હોય, કોળી હોય કે પછી ઢોલી હોય કોઈએ ગામના રક્ષણ ખાતર, ધર્મના રક્ષણ ખાતર, બહેન-દીકરીની રક્ષા ખાતર, મૂંગા પશુઓને ખાતર કે ન્યાયને ખાતર તેમજ યુધ્ધમાં લડતા-લડતા વીરગતિને પામ્યા હોય એવા વીર-પુરુષો અને તેમની પાછળ સતી બનનારી તેમની વીરાંગનાઓની યાદગીરી માટે ગામના પાદરે આવા પાળિયાની સ્થાપના કરાય છે.

આ પાળિયા લગભગ ત્રણથી છ ફૂટ ઊંચા પથ્થરમાં કંડારેલા જોવા મળે છે. પાળિયાની સ્થાપના ગમે ત્યાં આડેધડ કરવામાં આવતી નથી. મોટાભાગના પાળિયાઓ પૂર્વદિશામાં બેસાડેલા જોવા મળે છે. પાળિયામાં ત્રણ ભાગ જોવા મળે છે. ઉપરના ભાગે સૂર્ય-ચંદ્રની નિશાની કંડારવામાં આવેલી હોય છે. સતીના પાળિયા પર ઊંચો હાથ રાખેલો, સતીનો બાહુ ચીતરવામાં આવે છે. મધ્યભાગમાં શૂરવીરોને ઘોડેસવાર કે ઊંટસવારીમાં આલેખ્યા હોય છે. જે પ્રમાણે વીરનું મૃત્યુ થયુ હોય તે પ્રમાણેની આકૃતિ કંડારવામા આવે છે. અને ત્રીજાભાગમાં એટલે કે આકૃતિ નીચેનોભાગ લખાણવાળો જોવા મળે છે. જેમા વીરગતિ પામનાર સતી-શૂરાની તમામ માહિતી આપેલી હોય છે. કાળના પ્રવાહમાં ઘણા પાળિયામાં આવું લખાણ, લુપ્ત થયેલું, જોવા મળે છે. કચ્છ-બન્નીમાં શૂરાપૂરા કે સૂરધનના પાળિયાઓ, સતીના પાળિયાઓ, ક્ષેત્રપાળના પાળિયા વગેરેની આજેપણ લોકો પૂજા કરે છે. લોકમાન્યતા અનુસાર પાળિયામાં જીવતા દેવ હોવાનું કહેવાય છે. સમાજમાં તેના પરચા અવાર-નવાર મળતા રહે છે. લોકો પાળિયા દેવની દેરી કે સ્થાનક બનાવી તેની પૂજા કરે, રાવળદેવ પાળિયા પાસે ધૂણે દાણા જુએ, દોરા-ધાગા, મંત્ર-તંત્ર વગેરે વિધિ કરી લોકોમાં અંધશ્રધ્ધા પણ ફેલાવે તેથી કુટુંબીજનો બીકના માર્યા પણ પોતાના પૂર્વજોની પૂજા-અર્ચના કરે. માનતા માને, વીરદાદાનું સ્મરણ કરી, પાળિયા પર પાઘડી ચડાવી આશીર્વાદ મેળવે દરવર્ષે કાળી ચૌદશના દિવસે પાળિયાની પૂજા કરાય છે. પાળિયાને પાણીથી સ્નાન કરાવાય છે. ત્યારબાદ તેલ અથવા ઘીમાં સિંદુર મિશ્રણ કરીને પાળિયાને લગાડવામાં આવે છે.

ઐતિહાસિક દષ્ટિએ પાળિયાનું ખૂબ જ મહત્ત્વ છે. પાળિયા જે તે ગામની ઐતિહાસિક ઓળખ છે. પાળિયાની મદદથી જ લોકજીવનના પ્રવાહને ઓળખી શકાય છે. એટલેજ તો પાળિયાને લોકજીવનનો ધબકાર કહ્યો છે. કેટલાક પાળિયામાં પક્ષીઓ અને પશુઓ પણ સ્થાન પામ્યા છે. ઘણા પાળિયા પર મોર, પોપટ, કમળ, ફૂલ, પણ ચીતરેલા જોવા મળે છે. સતી અને શૂરવીરના પાળિયા અલગ-અલગ જોવા મળે છે. લોક કવિએ બન્ની-કચ્છની ધીંગીધરા માટે એટલે જ કહ્યું છે કે,

''પગલે પગલે કૈક પુરાણા, ઘણા પાળિયા ગામેગામ
સતીએ ને શૂરાના સ્થાનક, ગાતા ગત ગૌરવના ગાન,

હસ્ત સતી, અશ્વે બળવંત
ગરવી કચ્છ ધરા ગુણવંત''[૪૫]

પાળિયાની જેમ કોઈ વીરપુરુષની પાછળ તેના વફાદાર પ્રાણીએ પ્રાણ આપ્યો હોય તો વીરપુરુષની 'ખાંભી' સાથે પ્રાણીની યાદમાં મૂકાતા પથ્થરને 'ઠેસ' કહે છે. આમ વીરપુરુષના સ્થાનકને 'ખાંભી' તથા ત્યાં મૂકાયેલ પથ્થરને 'પાળિયા'ના નામે ઓળખવામાં આવે છે. કચ્છ-બન્નીમાં દરેક પાળિયાઓ વિવિધ હેતુભાવે અસ્તિત્વમાં આવ્યા છે. આમ પાળિયાઓનો પનોતો પ્રદેશ કચ્છ જિલ્લામાં જે પાળિયાઓ પથરાયેલા છે તે કચ્છનું ગૌરવ છે. જે કચ્છ બન્નીના ઇતિહાસના ઉજળા પાના બતાવે છે. આમ છતાં માનવીની અજ્ઞાનતા અને ઋતુઓના ફેરફાર, કુદરતી પ્રકોપને કારણે ઇતિહાસ અને સંસ્કૃતિને જીવંતતા બક્ષનાર પાળિયાઓ જ વિનાશના આરે ઉભેલા દેખાય છે. ત્યારે એક ઊંડો નિસાસો નંખાઈ જાય છે.

## કચ્છ-બન્નીમાં આવેલા જોવાલાયક સ્થળો :-

કચ્છમાં ઐતિહાસિક અને પૌરાણિક સ્થળોનો તોટો નથી. ગામેગામ આપણા સાંસ્કૃતિક વારસાને પોષક પાળિયાઓ, કિલ્લા, ઈમારતો, ધાર્મિક સ્થળો વગેરે ઈતિહાસના મૂક સાક્ષી બનીને ઉભા છે.

### (૧) નારાયણ સરોવર :-

નારાયણ સરોવર એ કચ્છના યાત્રાધામોમાં સૌથી પ્રાચીન, પવિત્ર અને પ્રેક્ષણીય છે. ધર્મશાસ્ત્રો અનુસાર ભારતમાં જે પાંચ પવિત્ર સરોવર આવેલા છે. તે પૈકી પશ્ચિમે નારાયણ સરોવર એક છે. નારાયણ સરોવરની યાત્રા વિના ચાર ધામની યાત્રા અધૂરી મનાય છે. ભૂજથી ૧૫૦. કિ.મી.ના અંતરે આવેલું છે.

### (૨) કોટેશ્વર :-

નારાયણ સરોવરની યાત્રા સાથે ભાવિકો કોટેશ્વર મંદિરના દર્શન અચૂક કરે છે. દંતકથા પ્રમાણે ગાયને બચાવવા હાથમાં ઉપાડેલું લિંગ રાવણે જમીન પર મૂકતા ત્યાં એક કરોડ લિંગ ફૂટી નિકળ્યા અને અસલ લિંગ શોધવું મુશ્કેલ બનતા રાવણ એ સ્થળે જ શિવમંદિરની સ્થાપના કરી જે કોટિલિંગેશ્વર પરથી કોટેશ્વર તરીકે ઓળખાયું.

## (૩) માતાનો મઢ, લખપત :-

માતાના મઢમાં આશાપુરા માતાજીના મંદિરમાં ૪૦૦ કિલોનો ઘંટ હાલમાં મોજૂદ છે. ચૈત્ર અને આસો માસની નવરાત્રિના શુભ દિવસોમાં અહીં હોમ હવન થાય છે. લાખો શ્રદ્ધાળુઓ ચાલતાં આવી માતાજીના ચરણમાં માથુ ટેકવે છે. કચ્છના રાજવી મા આશાપુરા પાસે પછેડી પાથરી આશિષ માંગે છે. તેને જાતરની લેવાની વિધિ કહે છે. માતાના મઢમાં અન્ય મંદિરો જેવા કે હિંગળાજ મંદિર, ભવાની મંદિર, જાગોરા મંદિર અને ચાચરકુંડ વગેરે આવેલા છે.

## (૪) ધીણોધર :-

કચ્છના યોગી ધોરમનાથ સાથે ધીણોધર ડુંગર જોડાયેલો હોય એટલે સ્વભાવિક છે કે તે ઇતિહાસ પ્રસિધ્ધ હોય. આ ડુંગર પર આવેલ યોગી ધોરમનાથની મૂર્તિ ત્રણેક ફૂટ ઊંચી છે. ધોરમનાથે સોપારી પર ઊંધા માથે બાર વર્ષ તપસ્યા કરી હતી. આ ડુંગરની કોતરો તથા વન્યજીવન જોવાનો લહાવો અનેરો છે. આ ઐતિહાસિક તીર્થધામમાં ફાગણ સુદ ચોથ અને પાંચમના ધોરમનાથનો પ્રખ્યાત મેળો યોજાય છે. અહીંયા નાથ સંપ્રદાયના સાધુઓ એકદમ સાદુ સરળ જીવન ગુજારે છે.

## (૫) ભૂજ :-

કચ્છના દુલેરાય કારાણીએ ભૂજિયાને ભૂજના શણગાર તરીકે ઓળખાવ્યો છે. ભોરીયા, ગારૂડી અને ભુજંગનાગની કથા કચ્છ, સૌરાષ્ટ્ર અને મારવાડમાં ઘરે ઘરે જાણીતી છે. કથામાં વર્ણવ્યા મુજબ આ બન્ને વચ્ચે થયેલા યુધ્ધ દરમ્યાન ભૂજંગ નાગ નાસતો-નાસતો આ ડુંગરમાં ભરાયો ત્યારથી ભૂજિયા ડુંગર તરીકે જાણીતો છે. ભૂજ શહેરનું નામ આ નાગના નામ પરથી પડયું છે. અહીં નાગપંચમીના દિવસે મેળો ભરાય છે.

## (૬) ખોતાબાપા- નખત્રાણા :-

ખેતાબાપા-નખત્રાણા-વિથોણ ગામનું તોરણ બાંધનાર પૂ. ખેતાબાપાની યાદમાં શાનદાર સ્થળ બનાવવામાં આવ્યુ છે. પર્યટનધામ તરીકે વિકાસ પામ્યુ છે. મહાદેવનું મંદિર, સુંદર તળાવ, વનરાજિ, ફૂવારા વિગેરે બાબતોને કારણે કચ્છ અને ગુજરાતમાંથી લોકો આ સ્થળની મુલાકાતે આવતા રહે છે. હાલમાં કચ્છ-બન્નીનું પર્યટનધામ બન્યુ છે.

## (૭) સફેદ રણ :-

કચ્છના બન્ની પંથકના ધોરડો પછી આ રણ શરૂ થાય છે. કચ્છની ઉત્તરે અફાટ રણપ્રદેશ આવેલો છે. રણ એટલે રાજસ્થાનમાં જોવા મળતા રેતીના ઢુવા નહી પણ ખારોપાટ હોય છે. દરિયાનું પાણી સુકાઈને રણના રૂપમાં ફેરવાઈ જાય છે તે ખારોપાટ ચાંદી જેવો ચમકતો વિશાળ વિસ્તાર છે. શીતળ ચાંદનીમાં આ રણની નજાકત ખીલી ઉઠે છે. આ રણમાં દર વર્ષે રણોત્સવનું આયોજન કરવામાં આવે છે.

## (૮) જેસલ તોરલ :-

અંજાર કચ્છમાં મોટુ શહેર છે. બહાર વટિયા જેસલને ઉપદેશ પ્રબોધી તેના અંતરના કમાડ ખોલી આધ્યાત્મિક માર્ગે વાળનાર સતિ તોરલનો ઈતિહાસ સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં પ્રચલિત છે. તોરલની સતિત્વ અને ભક્તિ થકી જેસલ જાડેજા 'જેસલપીર' બની પૂજ્યો છે અહી જેસલ-તોરલની સમાધિ છે.

## હાલનો બન્ની પ્રદેશ :-

કચ્છ-બન્ની એટલે રણપ્રદેશ જ્યાં પુરતું પાણી ન મળે તેવું માનનારાઓએ ખરેખર હાલના બન્ની પ્રદેશની મુલાકાત લેવા જેવી છે. છેલ્લા બે દાયકામાં આ પ્રદેશે વિકાસની હરણફાળ ભરી છે. અંતરિયાળ ગામડામાં વીજળી, પાણીની સારી એવી સગવડતા થઈ છે. હવે કદાચ કચ્છ-બન્નીમાં એકાદ વર્ષ દુષ્કાળ પડયો હોય તો પણ પીવાના પાણીની કાંઈ સમસ્યા ન રહે, તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. દરેક ગામમાં નર્મદાના નીર પહોંચી વળ્યા છે. દરેક ઘરમાં નળનું જોડાણ આવી ગયુ છે. તેમજ માનવી અને પશુઓ માટે અલગ પાણીની વ્યવસ્થા ઊભી કરી છે.

'રણોત્સવ' ને કારણે પ્રખ્યાત થયેલા બન્નીના ધોરડો ગામની મુલાકાત લેવા જેવી છે. નાના એવા ગામમાં પાકા રસ્તાઓ, ૬૬ કે.વી. પાવર સ્ટેશન, સરકારી પ્રાથમિક શાળા, પાકા તળાવો, સરકારી દવાખાનું, પોસ્ટ ઓફિસ, ઘરે-ઘરે પાકા શૌચાલયો તથા ગટર લાઈન, વાઈફાઈ ઈન્ટરનેટ સુવિધા, વગેરે ભૌતિક સુવિધાથી સજ્જ બન્યુ છે. કચ્છનું સફેદ રણ ! છેલ્લા દાયકામાં માત્ર ધોરડો જ નહી કચ્છ બન્નીના ઊંડો, સીણીયાડો જેવા ગામમાં પણ વીજળી મળતી થઈ હોવાથી આ વિકાસ ઊડીને આંખે વળગે તેટલી ઝડપે થઈ રહ્યો છે. રાત્રિના સમયે સફેદ રણની સુંદરતા જોવા પ્રવાસીઓ બન્નીના આ ગામની મુલાકાત અવશ્ય લે છે.

ધોરડોના વિકાસમાં માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કાંતિસેન શ્રોફ તથા પૂર્વ સરપંચ ગુલબેગમિયાં હુસેનનું પ્રદાન વિશેષ ગણી શકાય. આ તમામના સહિયારા પ્રયત્નથી બન્નીનું નાનકડુ ગામ પ્રવાસનું યાદગાર સ્થળ બની ગયુ છે. ધોરડો ગામના લોકો મહેનતુ અને ઉત્સાહી છે. અહીંના લોકો પશુપાલન સિવાય રણોત્સવ, કૃષિ ઉદ્યોગ કે હસ્તકળા વગેરે જેવા ઉદ્યોગોમાં જોડાઈને રોજગારી મેળવતા થયા છે. દર વર્ષે રણોત્સવમાં હસ્તકળાના નમૂનાને પૂરતું બજાર મળી રહે છે.

બન્નીના માલધારીઓનો વિકાસ પણ સારો થયો છે. મહી ડેરી દ્વારા બન્નીના આજુબાજુના ત્રીસ જેટલા ગામડાઓમાંથી અંદાજે ૬ હજાર લીટર જેટલું દૂધ એકત્ર કરી માધાપર ડેરીએ મોકલવામાં આવે છે. માલધારીના દૂધના પૈસા સીધા તેમના બેન્ક ખાતામાં જ જમા થઈ જાય છે.

ભારત સંચાર નિગમે ગામને ઈન્ટરનેટ વાઈફાઈની સુવિધા પૂરી પાડી છે. ધોરડો ગ્રામ પ્રવાસન ટ્રસ્ટ પ્રવાસીઓનું ઓનલાઈન બુકિંગ આ સુવિધાને કારણે આસાનીથી કરી શકે છે. આજનું બન્ની વીજળીના જોડાણ સાથે જ ટી.વી, ઈન્ટરનેટ તેમજ વિવિધ ભૌતિક ઉપકરણોને કારણે આધુનિકતા સાથે કદમ મેળવી શક્યુ છે. આજે બન્નીમાં એ.સી. વાળા ભૂગાં જોવા મળે છે. તેમજ ભૂંગામાં ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ અટેચ બાથરૂમ જેવી સુવિધા ઉપલબ્ધ છે. પરંપરા અને આધુનિકતાના સંગમથી બન્ની કચ્છની આગવી સંસ્કૃતિને જાળવી છે. સાથે સાથે નવા જમાના સાથે તાલ મેળવ્યો છે. પીવાના પાણી માટે ખાસ સોલાર ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. ફિલ્ટર થયેલુ પાણી આજે ઘરે ઘરે પહોચે છે.

### કચ્છ-બન્નીની લોકકલાઓ :-

કચ્છ-બન્ની પ્રદેશમાં રાજા રજવાડાના સમયથી કલાનો વિકાસ થયેલ છે. કચ્છના મહારાવશ્રી લખપતસિંહ અને શ્રીદેશલજીના સમયમાં કલાનો વિકાસ સારો થયો હતો. આમ કચ્છના રાજવીઓ પોતાના અંગત શોખને પોષવા માટે હજારો કારીગરોને પોષતા હતા અને કલાને જીવંત રાખવાનું મહત્ત્વ કાર્ય કર્યુ છે. કચ્છ-બન્નીનું પ્રત્યેક કામ કલાકૌશલની વિશિષ્ટ પ્રકૃતિ ધરાવે છે. કલાએ બન્નીયરોની સંસ્કૃતિ જ નહિ પણ તેમની આવકનું પણ સાધન છે. માટીકામ અજરખપ્રિન્ટ, ભરતકામ, ચર્મઉદ્યોગ, ખરકી ઉદ્યોગ જેવી અલગ અલગ કળાઓ તેમજ ગૃહ ઉદ્યોગો ઘરબેઠા થઈ શકે છે. બન્ની પ્રજાને અમુક કલાઓ વારસામાં મળેલી છે. જે પેઢી દર પેઢી જળવાઈ રહી છે. અમુક કલામાં કંઈક નવું સર્જન કરીને કલાક્ષેત્રે જગવિખ્યાત બન્યા છે. ભરતકલા અને માટીકામની કલા માટે બન્નીની બહેનોએ નામ રોશન કર્યું છે. કચ્છ બન્નીની ઓળખ બની ગયેલ કેટલીક લોકકલા નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ખરકી કામ (ઘંટડી કામ) | (૨) | માટીકામ |
| (૩) | કાષ્ઠકલા | (૪) | મીનાકામ તથા ચાંદીકામ |
| (૫) | વણાટ કામ | (૬) | ભરતકામ |
| (૭) | ભરતગૂંથળ જાતિગત હસ્તકલા | (૮) | ઘડડી |
| (૯) | લીંપણ કલા | (૧૦) | ભીંતચિત્રો |

## (૧) ખરકીકામ :-

કચ્છ બન્નીના લોકોના મુખ્ય વ્યવસાય પશુપાલનનો રહ્યો છે. આ પશુપાલનમાં મુખ્યત્વે રબારી, ભરવાડ, આહીર, ચારણ અને બન્નીના મુસ્લિમ માલધારીઓ સંકળાયેલા છે. પશુઓને ગળે બાંધવા માટે ઘંટડીનો ઉપયોગ થાય છે. આ ઘંટડી બાંધવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જંગલમાં પશુ ચરતા હોય ત્યારે તેની દેખરેખ રાખનારને આ ઘંટડીમાં અવાજથી પોતાના પશુઓની દિશા જાણી શકાય. આ ઉપરાંત કોઈ આળસુ કે મારકણું પશુ ઘણથી જુદુ પડે ત્યારે તેને શોધવા માટે આ ઘંટડીનો અવાજ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘંટડીના રણકારની મીઠાસ કર્ણપ્રિય લાગે છે. આ ઘંટડી બનાવવા માટે ડામરના પીપના પતરા કે અન્ય જાડાઈવાળા પતરાને ટીપી સમાંતર કરી અને ગોળાકાર બનાવાય છે. તેની ઉપરનો ભાગ બંધ રહી શકે. તે રીતે ઉપર ટોપી આકારનું બીજુ પતરું તૈયાર કરવામાં આવે છે. ટોપી ઉપર કડું રાખવામાં આવે છે. બાદમાં આ પતરાને તાંબા-પિત્તળનું પાણી ચડાવાય છે. તૈયાર કરેલ ઘંટડીને પાણી તથા ટંકરખારના પલાળેલા ભૂકાને અંદર-બહાર લગાડવામાં આવે છે. આ ભૂકો ભઠ્ઠીમાં ઉખડી ન જાય તે માટે ઘંટડીની ચારેબાજુ એક ખાસ પ્રકારની ચીકણી માટી લગાડવામાં આવે છે. ભઠ્ઠીમાં કોલસાની જીણી ભૂકી નાખી બાજુમાં રાખેલ ધમણની હવાથી અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવે છે અને ઘંટડીને પકવાય છે. કોલસાની ગરમીથી ઘંટડી પર છાંટેલ તાંબા પિત્તળનો ભૂકો એકરસ થઈને ચોંટી જાય છે. બાદમાં ભઠ્ઠીમાંથી ઘંટડીને કાઢી ઠંડા પાણીમાં રાખવામાં આવે છે. પછી તેની માટી કાઢી નાખવાથી ઘંટડી ચમકવાળી બની જાય છે. પછી ઘંટડી વગાડવા નાનો લાકડાનો ટુકડો બેસાડવામાં આવે છે. તે લગાડયા બાદ ટીપી ટીપીને સુરીલા અવાજવાળી બનાવાય છે. આ ઘંટડીનો ઉપયોગ પશુ માટે થતો હોય છે. પણ આજના આધુનિક સમયમાં નાના-નાના ઝુમ્મર તથા ડોરબેલ તરીકે નિવાસ સ્થાને સજાવવા માટે થાય છે.

ખરકી કામ એટલે કલાત્મક ઘંટ બનાવવાની કળા. કચ્છ-બન્નીના દરેક ઘરમાં આ ખરકીનો ઉપયોગ થાય છે. સંદેશા વ્યવહારનું કોઈ માધ્યમ નહોતુ. ત્યારે ઘંટનો નાદ સંદેશા વ્યવહારનું માધ્યમ બન્યો હતો. બન્નીના નિરાણા ગામમાં ખરકી ઉદ્યોગ વિકાસ પામ્યો છે. ત્યાંના કારીગર હુસેન-સાદિક

લુહાર પ્રખ્યાત છે. ખરકીના ત્રણ પ્રકાર પડે છે. (૧) મટરી, નાની ખરકી, નાના લવારિયાના ગળામાં બાંધવામાં આવે છે. (૨) છડક, મધ્યમ ખરકી, ઘેટા-બકરાના ગળામાં બાંધવામાં આવે છે. (૩) ઢંભરો, મોટી ખરકી, ગાય-ભેંસ, ઉંટના ગળામાં બાંધવામાં આવે છે.

## (૨) માટીકામ :-

ભારતમાં માટીકામ જગજૂનુ છે. માનવીએ વસવાટ કર્યો તેની સાથે જ માટીનો ઉપયોગ કરતો થયો. એ જમાનામાં ધાતુની શોધ થયેલ ન હતી. માનવી પોતાના ઘર વપરાશના વાસણો માટીના વાપરતો હતો. સિંધુ સંસ્કૃતિના અવશેષો, મોહેજો દડો અને ધોળાવીરાના ટીંબા ખાતે માટીકામની કલા લોકજીવન સાથે જોડાયેલ છે. માટીકકલા વિશે ભરત પંડયા નોંધે છે. ''બન્નીના ઘરોમાં જોવા મળતા પટારા કે મજૂસની ડામચિયા જેવી ઘર વપરાશની ચીજો માટીમાંથી જ બનાવવામાં આવે છે. સફેદ માટીની મજૂસ પર ઝળહળ થતા આભલા અને ચતુષ્કોણો તથા બીજી ડિઝાઈન એટલી બેનમૂન લાગે છે કે જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય. માત્ર પેટી-પટારા જ નહિ, પરંતુ કમાલનું કામ તો બન્નીના ભૂંગાની દીવાલો પર થતુ માટીકામ છે.[૪૬]

આજે પણ ગ્રામ્યજીવનમાં માટીના વાસણો બનાવવા આવે છે. લાકડાના ચાકડાને ફેરવી તેના પર રાખેલ. માટીના પીંડને આંગલીની કરામતથી મનપસંદ ઘાટ ઉટતારવાની કળામાં કચ્છ-બન્નીના કારીગરો કુશળ છે. સૌ પ્રથમ માટીને ખુંદીને તરલ બનાવવામાં આવે છે. આ કામ કુંભારની સ્ત્રીઓ કરે છે. ત્યારપછી આકાર આપી નીભાડામાં પકવવામાં આવે છે. જેમાં માટલા, કુંડી, રમકડા, કોડિયા, ગરબા, ફૂલદાની, દોણી વગેરે વાસણો તૈયાર કરી બજારમાં વેચાય છે. પકવેલ વાસણ પર ગેરુ તથા કાળી માટીથી રંગકામ થાય છે. કચ્છના ભૂજ, ભુજોડી, બન્ની, જાંબુડા, અંજાર, ખાવડા, વગેરે ગામો માટી કામ માટે પ્રખ્યાત છે. કચ્છના આંસુભાઈને માટીકળા માટે રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો. ઘરની દીવાલો પર જુદા-જુદા ભૌમિતિક આકૃતિ તથા ફૂલવેલ અને આભલાની મદદથી આકૃતિ ઉપસાવીને કરાતી માટીકલા એટલી પ્રખ્યાત છે કે બન્નીના કારીગરોને આલિશાન હોટલો અને ધનવાનોના બંગલા કામ કરવા આમંત્રણ મળે છે. દીવાલો પર મોર, પોપટ, હાથી સમૃદ્ધિના પ્રતિક તરીકે ઉપસાવવામાં આવે છે. આમ, માટીકામ બન્નીની કલા-કારીગીરી અને સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે તેમ કહી શકાય.

## (૩) કાષ્ઠ કલા :-

બન્નીના લુડિયા તથા ડુમાડા ગામના હરિજનો અને કચ્છના વાઢાકોમના કારીગરો નિરોણા કાષ્ઠકલામાં નિપુણ છે. કચ્છની આ કલા એક જમાનામાં ફૂલફાલી હતી. આજે નષ્ટ થવાને આરે છે. કચ્છના ગુર્જર સુથારો લાકડા પર બારીક કોતર કામ કરે છે. મકાનના બારી, દરવાજા, કોઠલા, પેટી,

બારસાખ વગેરેમાં બારીક કોતરકામ કરી ફૂલવેલ કે પશુ, પક્ષીઓ કોતરતા ઘરના મુખ્ય દરવાજાની બારસાખમાં ગણેશ સાથે રિદ્ધિસિદ્ધિની મૂર્તિઓ પણ કોતરવામાં આવતી પ્રાચીન સમયમાં સીસમના લાકડા પર કોતરકામ થતું હાલમાં બાવળનું લાકડુ વપરાય કે ફૂલવેલની ડિઝાઈનો તથા ભૌમિતિક આકૃતિઓ કારીગરો પોતાની કલ્પનાશક્તિથી લાકડા પર ઉતારે છે. તેઓ પોતાની કલાકૃતિને લાલ, પીળા અને કાળા રંગોથી રંગી સુંદર રૂપ આપે છે. લીલા લાકડાને વત્તા ઓછા દબાણથી આકૃતિ બનાવી તેમાં રંગ પૂરે છે. કાષ્ઠકલા વિશે હરેશ ધાળકિયા નોંધે છે. લીલો, પીળો, કાળો, લાલ, પોપટી રૂપેરી વગેરે રંગોને અદભૂત રંગમેળ સાધી તે તૈયાર વસ્તુને રંગીન કરે છે. જોનારને તો એવો આભાસ થાય કે જાણે લાકડા પર બાંધણીકામ છે. [૪૬]

કચ્છના માંડવી, મુન્દ્રા, ખાખર, ભુજનો દરબારગઢ વગેરેમાં કચ્છી કાષ્ઠકલાના ઉત્કૃષ્ટ નમૂના જોવા મળે છે. બન્નીના હરિજન કારીગરોમાં કમાલનો કસબ જોવા મળે છે. પંખાથી લઈ પલંગની દાંડી, વીઝણાની દાંડી, હિંચકો, ઘોડીયું, ઉપરાંત ગૃહ વપરાશની વસ્તુઓ જેવી કે પાટલા, ઢીંચણીયા, ડાબલા તવેથા, ઢોલિયાના પાયા વગેરેને નકશીકામ કરી સંધાડે ચડાવીને અનેરુરૂપ આ કારીગરો આપે છે.

## (૪) મીનાકામ તથા ચાંદીકામ :-

### મીનાકામ :-

કચ્છમાં એ સમયે ઉચ્ચકોટિનું મીનાકામ હતું. જેની ખ્યાતિ દેશ-પરદેશ સુધી પહોંચી હતી. કચ્છમાં મીનાકામ કંસારા તથા સોની બન્ને જાતિના લોકો આ વ્યવસાયમાં જોડાયેલા હતા. એ સમયમાં મીનો લંડનથી મંગાવવામાં આવતો. જેનાથી મીનાકામના બટન, વીંટીઓ, હાર, લોકેટ વગેરે દાગીના બનાવવામાં આવતા હતા. આ મીના પર ચિત્રકામ પણ થતું હતું. તેમા કચ્છી કારીગરો માહિર હતા. ભુજની હુન્નર શાળામાં કારીગરોને કલા શીખવવાનું શરૂ કરેલું હતુ. જે કલા પરદેશમાં 'કચ્છવર્ક' નામે પ્રખ્યાત થઈ હતી.

### ચાંદી કામ :-

કચ્છમાં ભુજ, માંડવી, અંજાર, રાપર જેવા શહેરમાં ચાંદીકામ કરનારા મરાઠી કારીગરો વર્ષોથી વસવાટ કરે છે. ચાંદીના તાર કાઢવાના ભુજમાં દસ મશીનો છે. ચાંદીકામ કચ્છનું વખણાય છે. ડૉ. ભરત પંડયા લખે છે. 'કચ્છમાં બનતી ચાંદી એવી રીતે ઘડવામાં આવે છે કે તે કાળી પડતી નથી. અન્ય કયાંય પણ આ રીતે ઘરેણા બનાવવામાં ન આવતા હોવાથી કચ્છીઓ વતનમાં આવે ત્યારે અચૂક ચાંદીના ઘરેણા ખરીદે છે. અન્ય જગ્યાએ ચાંદીના ઘરેણા બનાવતી વખતે તાંબાનું ઉમેરણ કરવામાં આવે છે. જે ખારુ પાણી પરસેવા આદિથી કાળુ પડી જાય છે. જ્યારે કચ્છી ચાંદી જસત ઉમેરવામાં આવે છે. 'જસ્તી' તરીકે

ઓળખાતા આ ઘરેણામાં જેટલા ટચના દાગીના બનાવવાના હોય તે મુજબ જસતની મેળવણી કરવામાં આવે છે. અઢારમી સદીના રાવ લખપતસિંહજીના પ્રોત્સાહનના કારણે ચાંદીકામ એક હુન્નર તરીકે વિકસાવવામાં આવ્યુ હતુ. તે સમયથી જ ચાંદીના થાળી, વાટકા, કાંટા ચમચી, ડબરા, અત્તરદાની, તલવારની મ્યાન, ફોટાફ્રેમ, ટી સેટ જેવી કલાત્મક વસ્તુઓ બનાવવામાં આવતી હતી. વળી પરંપરાગત રીતે કચ્છી રબારી, ભરવાડ, પાટીદાર, હરિજન, સોઢા, સિંધી, જત લોકો જે ઘરેણા પહેરે છે. તે મુખ્યત્વે ચાંદીમાંથી જ બનાવવામાં આવે છે. વળી આ ઘરેણાના ઘાટ પણ મોટેભાગે યથાતથ રાખવામાં આવે છે. જેને કારણે પરંપરાગત ઘરેણાની પુષ્કળ માંગે અહીના ચાંદી ઉદ્યોગને સતત વિકસતો રાખ્યો છે. પરંપરાગત ઘરેણાઓમાં ચેનવાળા હાર, ઝરમર, કડલા, વીટીં, પાટલા, બંગડી, માછલી, નથ, ઝાંઝર આજે પણ એટલા જ લોકપ્રિય છે. સાથોસાથ હાંસડી, ચોટલા, ઝૂડા, બાજુબંધ પણ નવા નવા ઘાટે બનાવવામાં આવે છે. પૂજાની મૂર્તિ તથા પૂજાના સામાનમાં પણ ચાંદીકામમાં ભારે ખપત છે. લોકો પરંપરાગત ચાંદીના ઘરેણા પહેરે છે. ફેશન આવવા-જતા છતાં ચાંદીના પરંપરાગત ઘાટ-આકાર અને ઘરેણાની માંગ યથાવત રહી છે. ભૂજ ચાંદીકામ માટેનું મુખ્ય મથક છે. બન્નીની સ્ત્રીઓ ચાંદીના ઘરેણા રોજિંદા વપરાશમાં પહેરે છે.'[૪૮]

## (૫) વણાટકામ :-

કચ્છમાં હાથ વણાટનું કામ મોટેભાગે વણકર લોકો કરે છે. પ્રાચીનમાં સમયમાં હાથવણાટનું કપડું દરેક કોમના લોકો ઉપયોગ કરતા. દેશી કાપડને પીજીં તેને પૂણીને કાંતીને સુતરના તાર બનાવતા. જેમાંથી સુતરાઉ કાપડનું વણાટ થતુ. મહાત્માં ગાંધી પણ આ કામના આગ્રહી હતા. હાથવણાટની હસ્તકલા સાથે કચ્છમાં પાંચ હજારથી વધુ વણકરો જોડાયેલા છે. જેઓ ગરમ શાલની સાથે સાથે સુંદર શેતરંજી ગાલીચા, ધાબળા, ચાદર, પડદાના કાપડ, આસનિયા, બગલથેલા, ફાઈલ કવર, વગેરે વણાટકામથી તૈયાર કરે છે. કચ્છમાં ભુજોડી આ હસ્તકલા માટે સૌથી મોખરે છે. જે કારણે કચ્છી ગરમ શાલ ગમે તે ગામડામાં તૈયાર થઈ હોય તો પણ તેની ઓળખ 'ભુજોડીની શાલ' તરીકે થાય છે. વણાટકામની આ હસ્તકલામાં ભુજોડી ઉપરાંત કુકમા, મોટા બંદરા, સરલી, જામઘડા, વડનોરા વગેરે ગામના વણકરો જોડાયેલા છે. સાંપ્રત સમયમાં મીલના કાપડની શરૂઆત થતા. સુતર વણાટ ઓછુ થવા લાગ્યુ. રબારી, ભરવાડ, આયર, જેથી માલધારી પ્રજા મીલના કાપડ પ્રત્યે આકર્ષાઈ અને કિંમતમાં સસ્તુ મળતા હાથશાળ કોટનની માંગ ઓછી થવા લાગી. હવે માત્ર માંડવી અને આજુબાજુના ગામો, સલાયા, ગોધરા, મઉ, મેરાઉમાં હરિજન વણકરો આ વણાટ કરે છે.

## (૬) ભરત કામ :-

કચ્છ-બન્ની પ્રદેશનું ભરતકામ દુનિયાભરમાં મશહૂર છે. બન્નીની મુસ્લિમ સ્ત્રીઓ આ કળામાં કુશળ છે. ગોરેવાળી, હોડકો, લુડિયા, ભીરંડિયારો, રાપર, દેવડી, સુમરાસર અને ધોળાવીરા એ ભરતકામના મુખ્ય કેન્દ્રો છે. કચ્છી સ્ત્રીએ રંગબેરંગી વસ્ત્રો અને ગૃહ વપરાશની વસ્તુઓ બનાવવામાં પારંગત છે. ઊંટ પાછળ દોડતી રબારણ હોય કે ભૂંગામાં વાર્તાલાપ કરતી સ્ત્રી હોય કે પછી વનવગડામાં ઘેટા-બકરા ચરાવતી બન્નીની નાની બાળા હોય તે ભરતકામ સહજતાથી કરતી હોય છે. હાથની આંગળીઓ વડે હીરના દોરે ગુંથાતુ આ ભરતકામ દેશ અને દુનિયામાં વિખ્યાત બન્યુ છે. કચ્છ-બન્નીના ભરતકામ વિશે જોરાવરસિંહ જાદવ નોંધે છે. કચ્છનું એવું એક બીજુ જાણીતું ભરત છે. ભરતકામની પરંપરાઓમાં 'બન્ની ભરત' શિરમોર સમુ બની રહે છે. કચ્છની લોકનારીઓએ ભરતકામના આ કસબને લાલિત્યપૂર્ણ રીતે વિકસાવ્યો છે. આ ભરતની સફાઈ, આકૃતિઓની સપ્રમાણતા પ્રાણવાન રંગોની આકર્ષક મેળવણી એ એની આગવી વિશેષતા છે.[૪૯]

કચ્છ બન્નીમાં ભરતકામ સાત પ્રકારે થાય છે. જેને પાકો, કાચો, નીરણ, ખારેક, ચોપડ મુકુઓ અને ટાંકા ભરત તરીકે ઓળખવામાં આવે છે. અહીં ભરતકામમાં મુખ્યત્વે લાલ રંગનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે. તેની પાછળ એવું કારણ રહ્યું હોવાનું કહેવાય છે કે લાલ રંગ ભડકીલો હોઈ લોકો વધુ પ્રમાણમાં પસંદ કરે છે. બન્નીની હરિજન અને મુસ્લિમ સ્ત્રીઓનું ભરતકામ તો ચિત્રમાં હોય તેવું છાપેલું અને એકસમાન હોય તેવું લાગે છે. ભરવાડ, આહીર, રબારી, કણબી, વગેરેનું ભરતકામ તેમના આગવા રૂપરંગ સાથે જોવા મળે છે. પ્રત્યેક નારીની ઓળખ તેની સર્જનાત્મક કૃતિ આપે છે. બન્ની લોક સંસ્કૃતિ તેના રીત-રિવાજો તેમની વિવિધતા અને જેતે ભૂમિ પ્રદેશની આગવી ખાસિયતો તેના ભરતકામમાં જોવા મળે છે. રોજબરોજની જીવન ઉપયોગી વસ્તુઓ જેવી કે ઓઢણી, કમખા, ઘાઘરા, ઝૂલ, ચાકળા, ચંદરવા, ઝભલા, ટોપી, ટોડલિયા, બટવા વગેરે પર ભરતકામ કરવામાં આવે છે. ભરતકામમાં વપરાયેલા જુદી-જુદી જાતના દોરાનું મિશ્રણ જે તે જ્ઞાતિની વર્ષો જુની સંસ્કૃતિને જાળવી રાખી છે. બન્નીની બહેનોના ભરતકામને બિરદાવતા ડૉ. ભરત પંડયા લખે છે. ''ભરતકામમાં રાતા, કસુંબી, કેસરી, ધોળા પર ઉપર લીલા, જાંબલી, રાતા, કેસરી, સફેદ જેવા રંગોની પુરવણી કરવામાં આવે છે. મોટેભાગે વિરોધી ગણાતા રંગોની પુરવણી કરવામાં આવે છે. છતાં કયારેય તદ્દન સરખા ગણાતા રંગોને ગૂંથીને પણ બહેનો પોતાની કલ્પનાત્મકતાનો પરિચય આપે છે.''[૫૦]

ભરતકામ કરેલા બેનમૂન નમુનાઓ લોકનારી પોતાના માટે બનાવે તેથી તે સ્વાભાવિક રીતે ખૂબસૂરત હોય. પરંતુ આજે જમાનો બદલાયો છે. હાલમાં બન્નીયરોનું ગુજરાન, હસ્તકલા, દ્વારા તૈયાર થતા નમૂનાઓ પર જ નિર્ભર છે.

## (૭) ભરતગૂંથણમાં વિવિધ જાતિનું પ્રદાન :-

કચ્છ-બન્ની પ્રદેશનું ભરતકામ વિવિધ કોમના આધારે પણ ઓળખવામાં આવે છે. જેમ કે આહીર ભરત, રબારી ભરત, બન્ની ભરત, મોચી ભરત, મુતવા ભરત, જત ભરત, કણબી ભરત, સૂફ ભરત વગેરે વિવિધ જાતિના લોકોના રીતરિવાજો, સંસ્કૃતિ, લોકજીવનની વિભિન્નતા તેના ભરતકામમાં પ્રગટ થાય છે.

## (૧) બન્ની ભરત

કચ્છની ઉત્તર દિશામાં આવેલ વિસ્તાર બન્ની તથા પરછમ તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં મોટેભાગે મુસ્લિમ માલધારીઓ વર્ષોથી વસવાટ કરે છે. ભુજની ઉત્તરબાજુ અઢાર કિ.મી. ચાલતા લોરીયા ગામ પછી ખાવડા સુધીનો વિસ્તાર બન્ની તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં રહેતા લોકોમાં મુતવા, રાયસીપોત્રા, જત, રાયમા, સમા, હાલેપોત્રા, બંભા વગેરે મુસ્લિમ માલધારીઓ છે. અહીંના લોકોએ પોતાની વેરાન જિંદગીમાં હસ્તકળાના કામ દ્વારા વિવિધ રંગો પૂરી જિંદગી રંગીન બનાવેલ છે. ભરતકામ આકર્ષક અને કલાત્મક હોય છે. આ હસ્તકલાનો વારસો પરંપરાગત વડીલો દ્વારા મળેલ છે. દીકરી પાંચ-સાત વર્ષની થાય ત્યારથી જ તેની મા તેને ભરત ગૂંથણનું કામ શીખવે છે. લગ્ન થવાની ઉંમર થાય ત્યાં સુધીમાં તેણીએ પોતાના કરિયાવર માટે ભરત ભરેલી ચણિયા ચોળી, કાપડા, ઓઢણી, ઘાઘરા, કંજરી, ઘડકી, થેલા, તોરણ, ઓશિકાના કવર વગેરે તૈયાર કરી લીધા હોય છે. બન્ની ભારતમાં રાતો અને કાળો રંગ વધારે જોવા મળે છે. બન્ની ભરત વિશે ડૉ.ભરત પંડયા લખે છે. ''રાતા રંગનો સવિશેષ વિનિયોગ બન્નીની સ્ત્રીઓ જાણે છે. કારણ કે લાલ રંગનું હૃદયનું દબાણ, શ્વાસોશ્વાસ અને ઉત્તેજના વધારે છે. જીવનમાં જોમ પૂરવાનું કામ કરે છે. તેથી રાતા રંગનો ભરતકામમાં છૂટથી ઉપયોગ કરવામાં આવે છે.''[૫૧]

## (૨) આહીર ભરત

ભારતમાં અઢાર કરોડની વસ્તી આહીરોની છે. તેમાંથી ત્રણથી ચાર લાખ જેટલા આહીરો કચ્છના જુદા-જુદા વિસ્તારમાં વસે છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય પશુ પાલન અને ખેતી છે. આહીરો શ્રીકૃષ્ણના વંશજો મનાય છે. લગ્નપ્રસંગ, સગાઈ જેવા પ્રસંગોમાં અપાતા વસ્ત્રોમાં કટારિયાનો ઘાઘરો, કમખો, ખોભાની ચુંદડી, ઓઢણી, વગરે કન્યાને અપાય છે. આયરાણીઓ તેમાં ઉત્તમ પ્રકારનું ભરતકામ કરે છે. મંદિરો માટે તોરણ, ઉલેચ, ચાકળા, ચંદરવા, બાળકના નતિયા, સૂડો, પોપટ, બળદ, હાથી અને ઘોડાના શણગાર વગેરે પોતાની આગવી સૂજથી અનોખુ ભરતકામ કરે છે. આ ભરતકામમાં આંભલાંનો વિશેષ ઉપયોગ થાય છે.

## (૩) રબારી ભરત

કચ્છ-બન્ની વિસ્તારમાં ત્રણ પ્રકારના રબારીઓ રહે છે. ઢોલરિયા, વણડિયા અને દેશી (કચ્છી) લોકો. આ ત્રણેય પ્રકારની સ્ત્રીઓના પહેરવેશમાં તફાવત જોવા મળે છે. ઘરનો વ્યવહાર સ્ત્રીના હાથમાં હોય છે. આ પ્રજામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછુ પણ ભરતકામમાં દરેક સ્ત્રી નિપુણ છે. ભરતગૂંથણનું કામ રબારણોના જીવના તાણાપાણા સાથે જોડાયલુ છે. કાપડા અને ઘેરદાર ચણિયામાં ભરચક ભરતકામ રબારી સ્ત્રીઓ કરે છે. પરણિત સ્ત્રીઓ સાંધાવાળા કપડા પહેરે છે. જ્યારે કુંવારી કન્યાઓ સાંધા વિનાના કપડા પહેરેલી જોવા મળે છે. રબારી સ્ત્રીઓ ઊંટનો શણગાર, તોરણ, થેલા, ગોદડી, ચણિયા ચોળી વગેરે વસ્ત્રોમાં સુંદર ભરતકામ કરે છે.

## (૪) સૂફ ભરત

ભારત-પાકિસ્તાનનું યુધ્ધ થયુ ત્યાર પછી ઘણાં હિન્દુ પરિવારો કચ્છમાં આવીને વસ્યા છે. જેમા હરિજનો અને સોઢા રાજપૂતોને સરકારે જમીન આપી તેથી આ લોકોએ અહીં વસવાનું નક્કી કર્યું. આ લોકો દ્વારા થતી  પારંપરિક હસ્તકલાને 'સૂફ ભરત' તરીકે ઓળખવામાં આવે છે. કપડાના તાંતણાને ચોક્કસ ગણતરી કરી પાછળની બાજુએથી ભરત ખૂબ જ ચોક્કસાઈ અને સૂફાયવાળુ થાય છે. આ ભરતમાં ભૌમિતિક ડિઝાઈનનો ઉપયોગ થાય છે. કંજરી, રૂમાલ, સાડીની બોર્ડર, ભીંત પર ટાંકવાના ચાકળા વગેરે પર આ ભરતકામ થાય છે. સોઢાં રાજપૂતોની બહેનો જે પ્રકારના ભરતકામ કરેલા કપડાં ધારણ કરે છે તે તેમની લગ્નવિષયક સ્થિતિનો પણ અંદજ આપી દે છે. પરણિત સ્ત્રીઓ ભરત ભરેલા ચોળી અને જાકીટ પહેરે છે. જ્યારે વિધવા સ્ત્રીઓ ઘાટા અને સાદા રંગના કપડા પહેરે છે.

## (૫) નેરાણ ભરત

'નેણ' એટલે આંખની ઉપર આવેલી ભ્રમરના અર્થ પરથી નેરાણ ભરતકામ આવ્યું છે. કચ્છ-બન્નીમાં આ કામ સોઢા રાજપૂત અને મેઘવાળ હરિજન જાતિના લોકો કરે છે. ભારતમાં આ વર્ષો જુની કલા ગણાય છે. માતાથી દીકરી એમ કેટલીય પેઢીઓથી આ પરંપરાનું વહન થતું આવ્યું છે. આ ભરતકામની આકૃતિ નેણ જેવા આકારની હોય છે. તેથી નેરાણ ભરત નામ પડયું હશે તેવી માન્યતા છે.

## (૬) મુતવા ભરત ગૂંથણ

મુતવા જાતિની મુસ્લિમ માલધારી સ્ત્રીઓ બન્નીમાં ભરતગૂંથણમાં લોકપ્રિય છે. તેમના ભરતકામમાં વનવેલીના બુટા જ ભરવામાં આવે છે. તેઓ સજીવ પશુપંખી કે મનુષ્ય આકૃતિનો ઉપયોગ કરતા નથી. ભરતગૂંથણમાં વચ્ચે-વચ્ચે નાના-નાના આભલાંની સજાવટ ખૂબ જ ઝીણવટથી કરી હોય છે. નાનેરા આભલાને રંગોની સુંદર રંગોળી મુતવા સ્ત્રીઓના આંગળાનો જ નહી, અંદર તેમણે રેડેલા જીવનો પણ પ્રભાવ પાડે છે. વનવેલી નાજુક કમનીય વળાંકો અને ઝીણી આકૃતિની દોરાથી અસર ઉપજાવવી એ અઘરુ કામ છે. તો પણ મુતવા બહેનો ખૂબજ ધીરજ અને ચોક્કસાઈથી આ કામ પાર પાડે છે.

## (૭) જત ભરત

ભરતગૂંથણમાં કચ્છી બહેનોનો જોટો જડે તેમ નથી. કચ્છી-બન્નીની જત કોમની બહેનો ભરતગૂંથણમાં ખૂબ જ આગવી સિદ્ધિ મેળવેલ છે. જત ભરત વિશે ડૉ. ભરત પંડયા લખે છે કે, ''જત લોકો પોતાની જાતિગત ઓળખ માટે ખૂબ જ સભાન હોય છે. તેથી તેમણે કરેલા ભરતગૂંથણની બાબતે તેમને ગર્વ હોય છે. ખરેખર જત ભરતગૂંથણ અતિશય મહેનત માંગી લે તેવું હોય છે. આખાય કપડામાં ગીચોગીચ ભરેલા નજીક-નજીકના ટાંકા લેવામાં આવ્યા હોય છે. આ ભરતની રેખાઓના ટાંકા બહારની બાજુ ગૂંથેલા હોય છે.''[૫૩] ભરત ગૂંથણની આકૃતિ પાછળ પણ ચોક્કસ અર્થો રહેલા હોય છે. જાણકાર લોકો તેને પારખી શકે છે. જ્યારે અજાણ્યા લોકો તો પ્રતીકો સમજી તેનો ઉકેલ આપી શકતા નથી. બન્નીની જત જાતિની સ્ત્રીઓ પોતાની આગવી સૂઝ પ્રમાણે આકૃતિ અને રંગોનું મિશ્રણ કરી સર્જનાત્મકતાનો ખ્યાલ આપે છે. બન્નીની આ કળાની પ્રશંસા કળા નરેન્દ્ર કુમાર જોષી લખે છે "બન્ની પ્રદેશ જોવા લાયક છે. તેમાં વસતો બન્નીયાર જોવાલાયક છે. તેના ગોધણ જોવાલાયક છે. તેના ભૂંગો જોવા લાયક છે અને બન્નીયર બહેનોના ભરતગૂંથણ જોવા લાયક છે.''[૫૪]

## ૮. કચ્છની ઘડકી :-

ગોદડીને કચ્છીમાં 'ઘડકી' તરીકે જાણવામાં આવે છે. આ ગોદડીમાં પણ કચ્છી સ્ત્રીઓના હાથનો જાદુ છુપાયેલો છે. વિવિધરંગી ગોદડા બનાવવાની કલાને ઘડકીકામ તરીકે ઓળખવામાં આવે છે. ઘડકીનો ઉપયોગ લોકો ઓઢવા કે પાથરવા માટે કરતા હોય છે. પરંતુ કચ્છ-બન્નીમાં ઘડકી સાથે સામાજિક મૂલ્યો અને પ્રેમની અભિવ્યક્તિ જોડાયેલ છે. કચ્છના અન્ય વિસ્તાર કરતા બન્નીની ઘડકી જુદી તરી આવે છે. બન્નીના માલધારીઓ દીકરીને લગ્નપ્રસંગે કરિયાવરમાં ઘરેણા, નાણાં વગેરે આપતા

નથી. પરંતુ ધડકી અવશ્ય આપે છે. ધડકી દીકરી માટે માતા-પિતાએ આપેલી પ્રેમની અભિવ્યક્તિ બની રહે છે. ધડકી માલધારી સ્ત્રીઓ નવરાશના સમયે જાતે જ તૈયાર કરે છે. ધડકી વિશે હરેશ ધોળકીયા લખે છે. ''ધડકી આમ તો સમગ્ર કચ્છમાં તૈયાર થાય છે. પણ મુખ્યત્વે 'બન્ની'માં થાય છે. ત્યાં ઘાસિયા, આકાશી અને કયારેક પાણીના રંગો સિવાય અન્ય રંગોનો અભાવ છે, ત્યારે આ ધડકીઓ રંગબેરંગી સાથિયા બની જીવનને રંગીન અને જીવંત બનાવે છે.''[૫૫] આમ, માત્ર ઉપયોગની દૃષ્ટિએ જ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના સ્વરૂપ લેખે પણ ધડકી મહત્ત્વની બની રહે છે.

ધડકીની રચના વિશે ડૉ. ભરત પંડયા લખે છે. ''ધડકી નવા વસ્ત્રોમાંથી નથી બનાવાતી. ઘરમાં પડેલા વસ્ત્રોના વ્યવસ્થિત ટુકડા કરી તેને ગોઠવવામાં આવે છે. પછી ગોઠવેલા ટુકડાને ટાંકાથી સીવવામાં આવે છે. બે મોટા ટુકડાની અંદર નાના-નાના ટુકડાઓથી પેચવર્ક દ્વારા જુદી-જુદી આકૃતિઓ બનાવવામાં આવે છે. પછી તેને અલગ-અલગ પ્રકારના ટાંકાઓમાં ગૂંથવામાં આવે છે. ટાંકા ઝીણા તેમજ મોટા બન્ને પ્રકારના હોય છે. પછી ધડકીને રંગવામાં આવે છે. આ રંગ પણ બન્નીની બહેનો જાતે જ તૈયાર કરે છે. ધડકીની ડિઝાઈન, સાધનો, સજાવટ કાર્ય વગેરે તેના કર્તાની ઉંમર જ્ઞાતિ અને આર્થિક સ્થિતિને પ્રગટ કરે છે.''[૫૬]

હરિજન, મુસ્લિમ, માલધારીઓ તથા રબારી ધડકી બનાવે છે. દરેક કોમની ધડકીઓ પણ વિવિધ ખાસિયત ધરાવે છે. ધડકીમાં મોટેભાગે લાલ અને કાળા દોરા વપરાય છે. ધડકીમાં અવનવી ડિઝાઈન કે ચતુષ્કોણો બનાવવાનું કામ અઘરુ છે. જે અનુભવી સ્ત્રીઓ જ કરી શકે છે.ધડકી મોટેભાગે બે-ત્રણ સ્ત્રીઓ સાથે મળીને તૈયાર કરે છે. હરિજન સ્ત્રીઓ ધડકીમાં કપાસનો ઉપયોગ કરે છે. જ્યારે મુતવા કોમની સ્ત્રીઓ ધડકીમાં ખૂબજ ઝીણા ટાંકા લે છે અને તેમા ઝીણવટથી ડિઝાઈન કરેલી હોય છે. તેથી તેની ધડકીની બજારકિંમત બીજી ધડકી કરતા કાયમ ઊંચી રહે છે. મુસ્લિમ સ્ત્રીઓની ધડકીમાં માત્ર ભૌમિતિક આકૃતિ જ નજરે જોવા મળે છે. વળી બન્નીની રબારણોની ધડકીમાં મોર, પોપટ, કૃષ્ણ, વૃક્ષ, ફૂલવેલ જેવી આકૃતિઓ કાપીને લગાડેલી જોવા મળે છે. ધડકીમાં ભરતકામ અને છેડામાં આકર્ષક રંગગૂંથણીથી પ્રથમ દૃષ્ટિએ જ ગમી જાય તેવી ધડકી તૈયાર કરે છે. લુણા કોમની ધડકીમાં ટાંકા મોટા મોટા લીધેલા જોવા મળે છે. ધડકીનો પાછળનો ભાગ કાળા, લીલા કે રાખોડી રંગનો રાખવામાં આવે છે. પઠાણ કોમની ધડકીમાં ચતુષ્કોણો વિશેષ પ્રમાણમાં હોય છે. તેમજ ધડકી લીલા-પીળા રંગની વધારે જોવા મળે છે. બન્નીના હોડકાના ભૂસર ભૂરા. ધોરડોના ગુલબગ વગેરે ધડકીના જાણીતા કારીગરો છે. બન્નીની બેનમૂન હસ્તકલાના ચુનંદા કારીગરોને જેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય એવોર્ડ મલ્યા છે, એટલા બીજા કોઈ પ્રદેશને ભાગ્યે જ મળ્યા હશે. આમ બન્નીની ધડકીમાં ભૌમિતિક આકૃતિઓ દેવ દેવીઓની આકૃતિઓ, પશુ-પંખી અને કુદરતી દૃશ્યો દ્વારા નવી ભાત નિખરી આવે છે. ધડકીની ડિઝાઈનને 'પેચર્વક' 'કબીરાવર્ક' અને 'સેવપુરી' તરીકે ઓળખવામાં આવે છે.

## ૯. લીપંણકળા :-

દીવાલ પર માટી વડે થતું લીંપણકામ અને તેમાં કરવામાં આવતી અવનવી ડિઝાઈનની કલા પણ કચ્છની જાણીતી કલા છે. રબારી અને બન્નીના મુસ્લિમ પરિવારો આ કલા માટે મશહૂર છે. કચ્છ-બન્નીની બહેનોએ પોતાના રહેવા માટેના 'ભૂંગા'માં કલાત્મક લીંપણકામ કરી તેમાં આભલાના ઉપયોગ કરી દેશ-વિદેશના પ્રવાસીઓને ઘેલા કર્યા છે. રબારી, આહીર, મેર, મેઘવાળ તથા બન્નીની મુસ્લિમ કોમની સ્ત્રીઓ ઘરના દરવાજાથી લઈ ગોખ, પાણીયાળુ, પેટી, પટારો, મજૂસ, ડામડિયો, કોઠલો કે ઘંટીના થાળા વગેરેને કલાત્મક લીંપણથી ચિતરે છે.

લીંપણકળા વિશે ડૉ. જોરાવરસિંહ જાદવ નોંધે છે કે બહારથી અત્યંત સાદા દેખાતા ખોરડાને ભૂંગામાં ચતુર લોકનારીઓના ટેરવાએ આવી મનોહર લીંપણકળા દ્વારા આગવી કલાસૃષ્ટિનું સર્જન કર્યું હશે. એવો ભાગ્યે જ ખ્યાલ આવે છે. ખોરડામાં પગ મૂકતા જ લીંપણકળાથી શોભતા સાદગી મઢયા ઉજળા ઓરડા જોઈને આપણું અંતર કોળી ઊઠે છે''[૫૬] બહારથી અત્યંત સાદા દેખાતા 'ભૂંગા'માં ચતુર લોકનારીઓએ મનોહર લીંપણકળા દ્વારા આગવી સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. લીંપણકળા કરે છે. મેર અને બારોટ લોકોની સ્ત્રીઓ પણ હરે છે. પણ કચ્છ-બન્નીની તોલે આવી શકે નહી. બન્નીની મુસ્લિમ બહેનોને લીંપણકળામાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. ઐટલે જ જોરાવરસિંહ આગળ નોંધતાં લખે છે કે ''કચ્છની રબારણોના બળુકા હાથની માવજત પામીને ખીલેલી લીંપણકળા આજે પણ બેનમૂન રહી છે.''[૫૭]

### પ્રક્રિયા :-

લીંપણ માટે સામાન્ય રીતે સફેદ, લાલ કે પીળી માટી પસંદ કરવામાં આવે છે. તેમાં ગાય, ઘોડા કે ઊંટના છાણને પાણી સાથે મિશ્રણ કરવામાં આવે છે. આમ માટી, છાણ અને પાણીનું મિશ્રણ ત્રણ-ચાર દિવસ પલાળી રાખવામાં આવે છે. તેને 'ગારીયુ' પણ કહે છે. ત્યારબાદ લોકનારી મિશ્રણ કરેલી માટીને હાથમાં ઉપાડી ભીંત પર થપેડી હળવા હાથ વડે જાતજાતની ડિઝાઈન બનાવે છે. ખજૂરી, ખારેક, ફૂલવેલ, ફૂવારો, મોર, પોપટ, ઊંટ, પનિહારી જેવી ડિઝાઈન આંગળીની કરામત દ્વારા કરાતી હોય છે. લીંપણકળાએ તો શ્રીમંત લોકોના બંગલાઓ અને મોટી-મોટી હોટલ અને ભવનોને શણગાર્યા છે.

બન્નીના ભૂગામાં લોકનારીઓ વિવિધ પ્રતીકો આલેખ છે. મોરનું પ્રતીક સુખ સમૃદ્ધિરૂપે આલેખે છે. આ પ્રતીક લોકજીવનનું જાણીતું હોવાથી રબારી નારી લીંપણકામમાં છૂટથી વપરાય છે. ઊંટ એ રણનું વહાણ ગણાય છે. ઊંટ પર સવારી કરતો રબારી લીંપણકળામાં વધારે જોવા મળે છે. રણપ્રદેશમાં ઊંટને દેવીપ્રતિક માનવામાં આવે છે. કચ્છ-બન્ની પ્રદેશમાં વરસાદનું પ્રમાણ નહિવત હોવાથી પાણી લાવનારી

પનિહારીનું ચિત્ર સ્ત્રીની આદરભાવના સાથે લીંપણકળામાં ઉપસાવવામાં આવે છે. યોગ તથા માનસિક સંચલનોના પ્રતીક તરીકે સાપ અને વીંછી પણ રબારી લીંપણકળામાં જોવા મળે છે. મુસ્લિમ માલધારી સ્ત્રીઓની લીંપણકળામાં ભૌમિતિક આકૃતિ અને વચ્ચે-વચ્ચે આભલાં મૂકેલા જોવા મળે છે. જ્યારે રબારી સ્ત્રીઓની લીંપણકળામાં જીવનને પ્રભાવક લાગતા પ્રતીકો જોવા મળે છે. લીંપણકળા વિશે ડૉ. ભરત પંડયા લખે છે. ''દીવાલો, ગોખલાં અનાજની કોઠીઓ, ડામચિયા પર થતું લીંપણ સૌંદર્યની દષ્ટિએ તો જોનારને મંત્રમુગ્ધ કરી દે તેવું મનોરમ્ય હોય છે. સાથોસાથ તેનાથી ઉનાળામાં ઠંડક રહે છે. તેમજ વસ્તુ બગડતી નથી. એ વ્યવહારું ઉપયોગ કળામાં ઉતારી બન્નીનાં ભૂંગામાં થતું લીંપણ લોકકલાનું મહત્ત્વનું પાસુ બની રહે છે. લીંપણ પર થતો સફેદ રંગ પણ ઉજાસ અને ઠંડક ફેલાવે છે. ભૂંગામાં વીંઝણાની વિવિધ ભાતનો ઉપયોગ પણ વ્યાપક પ્રમાણમાં થતો જોવા મળે છે.''[૫૮]

## ૧૦. ભીંતચિંત્રો :-

કચ્છ-બન્નીમાં વસતા સિંધિ લોકો ધાર્મિક તહેવારોનાં ભીંતચિત્રોમાં આગળ માટીની હટડી ઊભી કરી પૂજા કરે છે. તેને 'પોટડા' નામે ઓળખવામાં આવે છે. બન્નીમાં ભીંતો પર ચિત્રો દોરવાની પ્રથા રાજાશાહી વખતથી ચાલી આવી છે બન્નીમાં ભીતચિત્રોમાં આલેખન શુભ અને સમૃદ્ધિદાયક ગણાતું ભીંતચિત્રોમાં પશુ-પંખી, ફૂલવેલીઓ વગેરે ચિત્રોનું આલેખન કરવામાં આવતું. બન્નીમાં રહેતા સિંધિ કુટુંબો દર વર્ષે નવા વર્ષની ઉજવણીરૂપે દીવાલ પર ચિત્ર બનાવે છે. તેને 'રાજા બહડ' તરીકે ઓળખે છે. તેની પૂજા-અર્ચના કરી ભોગ ધરાવાય છે. આમ, ભીંતચિત્રોનું તેમને માટે ધાર્મિક મહત્ત્વ અદકેરું છે. બન્નીમાં વસતા માલધારીઓ પોતાના રહેઠાણ માટે 'ભૂંગા'ને ધાર્મિક તહેવારોમાં સજાવટ કરે છે. વર્ષમાં એકવાર ભૂંગાની દીવાલ પર છાણ-માટીનું લીંપણ કરે છે. આ લીંપણમાં કલાત્મક ઓપ આપતા હતા. વેલવેટાની ડિઝાઈન બનાવી તેમાં રંગબેરંગી રંગો પૂરીને ભૂંગાને આકર્ષક બનાવી નવો જ પ્રાણ પૂરતા.

વર્તમાન સમયમાં આ કલા લુપ્ત થતી જાય છે. વીજળી આવવાની સાથે બન્નીનો વિકાસ થયો. લોકોના જીવનધોરણમાં સુધારો થયો. આજે કાચી માટીના 'ભૂંગા'ને બદલે બન્નીમાં પાકા મકાનો. બની ગયા છે. કાચી માટી સાથેનો ભાવાત્મક સંબંધ મૃતઃપ્રાય બની ગયો. હાલમાં 'ભૂંગા'માં એ.સી. ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, અટેચ બાથરૂમ જેવી સુખ સગવડતા નિહાળવા મળે છે.

બન્નીની એક આગવી ઓળખ હસ્તકલાએ ઊભી કરી છે. દરેક હસ્તકલાએ કુદરત અને સમાજને તેમજ લોકોની પોતાની ઓળખ ઊભી કરી છે. કચ્છ-બન્નીના લોકો ભુતકાળથી રીતિ પ્રમાણે અલગ-અલગ હસ્તકલા સાથે જોડાયેલા છે અને વિવિધ હસ્તકલાઓ એક શોખ અને ત્યારબાદ આજીવિકાના સાધન તરીકે વિકાસ પામી છે. ગૃહવપરાશની વસ્તુઓ, રોજિંદા વપરાશની વસ્તુઓ, વસ્ત્રો, અલંકાર, વગેરેમાં બન્નીયરોની લોકસંસ્કૃતિ આવડત અને લોકકળાના દર્શન થયા વિના રહે

નહી. હાલમાં વર્તમાન પ્રવાહમાં અલગ-અલગ વ્યક્તિઓ, સંસ્થાઓ કે સરકાર વગેરેએ રસ લઈ અને હસ્તક લાનો વિકાસ સાધ્યો અને માત્ર કચ્છ-બન્ની પૂરતો સિમિત નથી. પરંતુ દેશ-વિદેશમાં નામના અને ખ્યાતી મળે તેવા સરકારના પ્રયત્નો રહ્યા છે.

## કચ્છ-બન્નીનું લોક સાહિત્ય :-

દરેક પ્રદેશને આગવું વિશિષ્ટ એવું લોકસાહિત્ય હોય છે. કોઈપણ પ્રજા તેના લોકસાહિત્ય વગરની હોતી નથી. એ ન્યાયે કચ્છી લોક-સાહિત્યમાં કચ્છી પ્રજાનો ધબકાર ઝીલાયેલો છે. કચ્છ-બન્નીના લોક-સાહિત્ય વિશે હરેશ ધોળકિયા નોંધે છે. 'કચ્છમાં બહારની પ્રજાઓનું આગમન સતત થઈ રહ્યું. કચ્છ પર તેની પુષ્કળ અસર પડી છે. કચ્છમાં વિવિધ સમયે જુદા-જુદા કબીલાઓ આવતા રહ્યા. જળ કે સ્થળ માંગે તેઓ આવ્યા અને સ્થિર થયા. કેન્દ્રીય સ્તરે રાજકીય રીતે કોઈ શક્તિશાળી એકમ ન હોવાથી કચ્છ વેરવિખેર અને અસ્થિર હતું. આવનાર કબીલા અલગ-અલગ હોવા છતા મિશ્ર સંસ્કૃતિ અને ભાષાને કારણે જોડાયેલા હતા. આ સંસ્કૃતિ પુરુષ પ્રધાન, સાહસ પ્રધાન, શૂરવીર પ્રધાન હતી. વફાદારી, પડકારોનો સામનો, આત્મ સન્માન, ધૈર્ય, સમૂહ માટે ત્યાગ, સમર્પણની ભાવના વગેરે ગુણોને માન આપવામાં આવતું હતુ. બધા જ પાસાઓને અહીંના લોકસાહિત્યે ઝીલ્યા છે.'[૫૯]

લોક સાહિત્યએ જીવનનું સાહિત્ય છે. જેને જેને લોક સાહિત્ય સમજાયુ છે તે દરેકે તેનું મૂલ્ય આંક્યું છે, અને શ્રદ્ધાથી જોયુ છે. લોકસાહિત્યને ઓળખવા માટે એક અલગ જ જીવનદષ્ટિ જોઈએ તોજ તેને પામી શકાય. આ સાહિત્ય વિશે ઘણા વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. જેમાં જયમલ્લ પરમારે નોંધ્યું છે. ''લોક સાહિત્ય માત્ર રસદર્શનથી પ્રથમ તો જીવનદર્શન છે. આજ સુધી આપણી સામે એનું રસદર્શન જ થતુ રહ્યુ છે. તેથી જીવનદર્શન ભૂલાયું છે. લોકસાહિત્ય અને મનોવ્યાપારનું સાહિત્ય નથી પણ મન સાથેના જીવનનું એટલે કે જીવન નિષ્ઠ સાહિત્ય છે. લોક સાહિત્ય પુસ્તકોમાં નથી, ફિલ્મો કે રેકોર્ડમાં નથી. એના ગીત-સંગીત કે મનોરંજનમાં એ તો લોકજીવનમાં છે. લોકજીવનનો જેટલો અનુભવ એટલુ લોકસાહિત્ય સમજાય. પુસ્તકો સમજવામાં તે આપણને મદદ કરે છે. પશ્ચિમના પુસ્તકો વાંચીને તેને આધારે આપણા લોકસાહિત્યની મૂળવણી કરવી એમા નથી તર્ક કે નથી વિજ્ઞાન. એના અભ્યાસ સિવાય જીવનદષ્ટિ ખૂલ્યા સિવાય લોકસાહિત્ય પમાતુ નથી. લોકસાહિત્યની જીવનદષ્ટિ એટલે લોકજીવનના વિજ્ઞાનનો માર્મિક અભ્યાસ. એકવાર એ દષ્ટિ ખુલ્લી જતાં લોકજીવન જેના વડે પુષ્ટ થયેલું છે તેવા પ્રકૃતિના કુદરતના તમામ રહસ્યો ખુલતા આવશે. લોકસાહિત્ય માત્ર દૂહા, છંદ, ગીત કે વાર્તામાં જ પરિસમાપ્ત થતું નથી. જેટલું જીવન વ્યાપક છે તેટલું જ લોકસાહિત્ય વિશાળ છે.''[૬૦]

કચ્છ-બન્ની વિસ્તારમાં મુખ્યત્વે હિન્દુ અને મુસ્લિમ માલધારી પ્રજા વર્ષોથી રહે છે. હિન્દુ કરતા મુસ્લિમ માલધારી પ્રજા વધારે છે તેમની પાસેથી લોકગીતો, લગ્નગીતો, હાલરડાં, લોકકથા, કહેવતો, ઉખાણા, દુહા વગેરે મળે છે. બન્ની પ્રદેશનું લોકસાહિત્ય અલ્પ પ્રમાણમાં છે. કારણ કે અહીંની પ્રજા દુષ્કાળના સમયે સ્થળાંતર કરતી રહે છે. પરિણામે લોક સાહિત્યના વાહકો મળવા મુશ્કેલ છે. લોકગાયકોના વ્યવસાય પૂરતું લોકસાહિત્ય મર્યાદિત બન્યુ છે.

### કચ્છ-બન્નીના લોકગીતો :-

વર્ષો પહેલા કચ્છ-બન્ની પ્રદેશમાં પાણીની તંગી હતી. ગામની સ્ત્રીઓ પાણી ભરવા કૂવે જતી. ત્યારે પનિહારી કૂવે પાણી ભરવા જાઉ ત્યાં પવન લાગે, માથાની વેણી વીંખાઈ જાય, ફૂલડાં કરમાઈ જાય, મેંદીનો રંગ કરમાઈ જાય અને મારી કમર લચકાઈ જાય તેવી ફરિયાદ નીચેના લોકગીતમાં નાયિકા કરે છે.

કૂવે પાણી કાં કી વિઝાં ! પવન તો લગે
પવન તો લગે રે નજર તી લગે, કૂવે
મુંજી વેણી વીંખાજે, પવન તો લાગે,
મુંજી ફૂલડાં કરમાજે, નજર તી લગે કૂવે
મુંજી મેદી ઝંખાજે, પવન તો લગે,
રતો રંગ રજોટાજે, નજર તી લગે-કૂવે
મુંજે ચેલ લચકાજે, પવન તો લગે,
મુંજી હેલ કી ભરાજે, નજર તી લગે-કૂવે. [૬૧]

બન્ની પ્રદેશના લકજીવનની ખાસિયતો દર્શાવતા કેટલાક લોકગીતો મળે છે. આપણને જ્યારે હેડકી આવે ત્યારે આપણે એવુ માની લઈએ કે આપણને કોઈક યાદ કરે પરંતુ બન્નીમાં આ બાબતને બાજરા સાથે સરખાવે. કારણકે બન્ની પ્રદેશનો બાજરો અન્ય પ્રદેશ કરતા જુદો પાકે છે. તેથી બન્નીનાં બાજરાના રોટલા ખૂબ જ મીઠા લાગે છે. તેવું વર્ણન લોકગીતમાં મળે છે.

બાંજરજી માની મૂકેતી મીઠી લગેતી
પડે જે યાદ કરે હકીરી લગેતી
મામા મામીયું યાદ કરે હેડકી લગેતી
બાંજરજી માની...
ચાચા ચાચીયું યાદ કરી હેડકી લગેતી
બાંજરજી માની...
નાના-નાની યાદ કરે હેડકી લગેતી,
બાંજરજી માની...

કચ્છ-બન્નીની સંસ્કૃતિમાં સમુદ્ર અને પક્ષીઓ પણ લોકગીતોમાં વણાઈ ગઈ છે. સાગર, કૃષિ અને પશુપાલક સંસ્કૃતિથી ઓપતા લોકગીતોમાં પશુ-પક્ષીઓ વનસ્પતિ પણ હીર ભરેલ ભરત પેઠે વણાઈ ગયા છે.

'કૂંજ વિઠી આય ધરીયા જે બોતે ને
ચુણ મે નાંય પાર
કુંજલ મ મારા વીરા કુંજલ મ માર
હી રે કુંજલ વેંધી ધરિયાપાર'[૬૨]

બન્નીનું ભરતકામ જગમશહૂર છે. બન્નીની બાલિકા નાની હોય ત્યારથી ભરતકામ શીખી જાય છે. જો ભરતકામ ન આવડે તો સાસરિયા મહેણા મારે છે. આ પ્રકારની મૂંઝવણ વ્યક્ત કરતું લોકગીત મળે છે. જેમા એક બાલિકાને ઝીણો ટાંકો લેતાં આવડતુ નથી. તેની કાકી સાચા મોતી લઈ આવે છે. પરંતુ ભરત ભરતા આવડતુ ન હોવાથી તે ખૂબ પસ્તાય છે. સાસરિયામાં કેવી મૂંઝવણ થશે તે ગીત દ્વારા પ્રગટ કરે છે.

આઉ મલીર વિના અચ્છા મોતી
સનુ સેંભો નથી જાણાં સિંધીયાણી,
મૂંજા બાપા વોરાયો મૂકે ભલે ભાતે
સનુ સેંભો નથી જાણા સિંધીયાણી,
મૂંજી માડી ગિની ડિને મૂંકે સની સૂઈ
સનુ સેંભો નથી જાણા સિંધીયાણી,
મૂંજી મામી ગિની ડિને સચ્ચા મોતી
સનુ સેંભો નથી જાણા સિંધીયાણી,
મૂંજા કાકા વોરાયો મૂકે ભલે ભાંતી
સનુ સેંભો નથી જાણા સિંધીયાણી,

બન્નીમાં બાજરો પાક્યો છેક ટીંડોળા અને વાગડમાં મગ પાક્યા છે, અને વરસાદના નવા નીર ધરતી પર ફરી વળ્યા છે. આવા સમયે બહેનોના ભાઈઓ મળ્યા છે. આ પ્રકૃતિને યાદ કરીને આ ભાવ વ્યક્ત કરતું લોકગીત મળે છે.

ગોલાડો મિઠો ગોલોકે જવું પડયુ ગોલારો મિઠો,
ગોલાડો મિઠો બન્ની મે તા બાજર પકી ગોલારો મિઠો,
ગોલાડો મિઠો વાગડ મે તાં મુંગ પકયા ગોલારો મિઠો,
ગોલાડો મિઠો પાલર પાણી ફરી વર્યા ગોલારો મિઠો,
ગોલાડો મિઠો સિંધ જો તા ચોખા પકયા ગોલારો મિઠો,
ગોલાડો મિઠો ભેણંજા તા ભાવર મલ્યા ગોલારો મિઠો,
ગોલાડો મિઠો ગોલારે જવું ગોલું પકયું ગોલારો મિઠો.[૬૪]

કચ્છ-બન્ની પ્રદેશમાં ગાયોની રક્ષા માટે ઘણા સપૂતો એ પ્રાણોની આહુતિ આપી છે તેમાના એક હાજીપીરે પણ બલિદાન આપ્યુ છે. હાજીપીરને હિન્દુ-મુસ્લિમ ધર્મના લોકો પીરની જેમ પૂજે છે. કચ્છમાં દર વર્ષે ચૈત્ર સુદ બીજના દિવસે હાજીપીરનો મેળો ભરાય છે. લોકો હાજીપીરની માનતા પૂર્ણ કરવા પગે ચાલીને આવે છે. વાંઝિયાને પુત્ર, આંધળાને આંખ અને અપંગને પગ આપે છે. લોકોની તેમના પ્રત્યેની અખૂટ શ્રધ્ધા અને ભક્તિભાવ રૂપે તેનું એક ગીત બળે છે.

હાજીપીર વલી અલ્લા મનજી ઉમેધું પુરીયું કરીજા,
અંધલે કે અખીયું ડયોરે વલી ડાતાર
વાંજીયે કે તાડયોને વીયા ડાતાર
મનજી ઉમેધું પુરીયું કરીજા,
લંગડે કે તા પગ કયો તા વલી અલા,
લખુંની માડૂતા અચં તા વલી ડાતાર
મનજી ઉમેધું પુરીયું કરીજા,
કોડાલા અચતા ખીર આંજી દરગાહતે,
કોડી લેજ્યું કોડુ પુરીયું કરીજા ડાતાર,
મનજયું ઉમેધું પુરીયું કરીજા,
હાજીપીર વલી અલા મનજી ઉમેધું પુરીયું કરીજા...[૬૫]

બન્નીના લોકો વ્યવસાય અર્થે વતન છોડી લાંબી મુસાફરી કરતા. કમાવા જતા લોકો પોતાના પરિવાર કે સગા સબંધીઓ પાસે વિદાય માંગતી વખતે કહે છે કે વતનમાં પાછો જીવતો આવું કે ન આવું એમ કહીને વિદાય લે છે એ સમયનું આ લોકગીત છે.

ડૂરતી વેના, પરદેશી વેના
મૂંજો લમું સફર સીંધ જો આઉ ડૂરતી વેના,
માના મોકલાયો, વરી અચાં ન અચાં, મૂજો...
ચાચા મોકલાયો, વરી અચાં ન અચાં, મૂજો...
ભેણું મોકલાયો, વરી અચાં ન અચાં, મૂજો...[૬૬]

કોઈપણ સમાજનું સાચુ સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીતો જોવા પડે છે. એટલે આપણે કહી શકીએ કે લોકજીવન સાથે વણાઈ ગયેલા લોકગીતનું મહત્વ માત્ર ગેયતા, લય કે કાવ્ય સૌંદર્ય પૂરતુ નથી. લોકગીત જે તે માનવસમાજની ઊર્મિઓનું લોકભાષામાં થયેલું અર્થઘટન છે. ભારત જેવા વિશાળ દેશમાં અનેક જ્ઞાતિ, જાતિના લોકો વર્ષોથી ભાઈચારાની ભાવનાથી વસવાટ કરે છે. એટલે જ ભારતમાં વિવિધતામાં એકતા રહેલી છે. જેની અનુભૂતિ ભારતના જુદા-જુદા પ્રદેશોમાંથી મળી આવતા લોકગીતો

કરાવે છે. લોકજીવનની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનું આલેખન તેના લોકગીતોમાં જોવા મળે છે. લોકગીતોમાં જન્મથી લઈને મૃત્યુ સુધીની તમામ પ્રવૃત્તિઓનું આલેખન જોવા મળે છે. પ્રણ્ય, શૃંગાર, વિરહ વગેરે ભાવોનું ચિત્રણ લોકગીતમાં આલેખાયેલુ જોવા મળે છે.

## બન્ની પ્રદેશના લગ્નગીતો :-

લગ્નમાં વિધિવિધાનનું ખાસ્સુ મહત્ત્વ છે. જો કે દેશના તમામ પ્રદેશોમાં એ જોવા મળે છે. એમાંય કચ્છ-બન્નીમાં વસતી વિવિધ જ્ઞાતિઓમાં લગ્નવિધિની એક વિશિષ્ટ છાપ અંકિત થયેલી જોવા મળે છે. લગ્ન પ્રસંગમાં વિવિધ વિધિઓને અનુરૂપ લગ્નગીતો ગવાતા હોય છે. લગ્નગીતો પ્રદેશ-પ્રદેશે વધતે-ઓછે અંશે જુદા જુદા હોય છે. લગ્નગીતો વિના લગ્નની વિધિ અધૂરી ગણાય છે. પ્રત્યેક વિધિ વખતે ગવાતા લગ્નગીતોથી લગ્નનો સંસ્કાર ખૂબ મંગલમય બની રહે છે. સોળ સંસ્કારોનાં કર્મકાડમાં વિવાહ-સંસ્કાર દ્વારા પતિ-પત્નીબનતા યુગલની સાક્ષી પૂરવા માટે સૂર્ય-ચંદ્ર સાથે તેત્રીસ કરોડ દેવતાઓ આશીર્વાદ વરસાવે અને સગા-સબંધીઓ સૌ હરખે ભેગા થઈને એ મહોત્સવને મનાવવા અંતર મઢયા ભાવોને વાણી દ્વારા વ્યક્ત કરે ને એમ કરીને આનંદ માણે એ વ્યક્ત વાણીમાંથી સર્જાયા આપણા લગ્નગીતો.

બન્નીમાં વસતા મુસ્લિમ માલધારીઓની લગ્નવિધિ કચ્છી-સિંધી બોલીમાં રીતરિવાજ અનુસાર પેઢી દર પેઢી ઉતરી આવી છે. જેમાં સગાઈ, સોનીરાત, નિકાહ વગેરે લોકવિધિ પરંપરા મુજબ કરાય છે. જત કોમની મુસ્લિમની દીકરીને તેની માતા આભૂષણ પહેરવાનું કહે છે. ત્યારે તે દીકરી માતાને કહે છે. આ મારા ઘરેણા અત્યારે પેટીમાં રાખી દે. મારી ઉંમરની છોકરીઓ આભૂષણો પહેરે ત્યારે મને યાદ કરજે તેનું ગીત આ પ્રમાણે ગવાય છે.

''જીંજલ મુંજા કઢલા પેટી મે રખી ડે,<br>
જડે મુસરીતી પહેરીયે, તકે મુખે યાદ કિંજરે,<br>
હાલારજી જતણ, જતણ જા સાવરા વાગડ દેશ મે,<br>
જીંજલ મૂંજો વારલો પેટીમેં રખી ડે<br>
જડે મુસરીતી પહેરીયે, તડે મુખ યાદ કિંજરે''[૬૭]

લગ્નગીતોમાં જુદા-જુદા શહેરોનો પણ સમાવેશ કયો છે. બન્ની પ્રદેશના વરરાજાને સારી કન્યા મળી અને વરની ખ્યાતી ચોતરફ ફેલાય તે માટે કચ્છના જુદા-જુદા મુખ્ય શહેરોમાંથી મીઠાઈ મંગાવીને વરરાજાને ખવડાવવામાં આવે છે. તેનું ગીત આ પ્રમાણે ગવાય છે.

''હે મૂંજા ભલા લાડા છલ રાજમાણી ઘે,
રાજમાણી હો સુણી કુંવાર આણી ઘે,
ભોજ જે શહેરમાં હલવો ગોરાઈયા,
થઈ જે લાડલ કી હથ સે ખારાયાં
અંતર શહેરમાં બધામ ગોરાઈયાં,
થઈ જે લાડલ કી હથ સે ખારાયા"[૬૮]

લગ્ન પ્રસંગે વર-કન્યાને લગ્નની આગળની રાત્રિએ પીઠી ચોળવામાં આવે છે ત્યારે કપડાં, વીંટી, ઘડિયાળ વગેરે લાવવામાં આવે છે. તેના ઉલ્લેખો પીઠી ચોળવાના ગીતમાં મળે છે.

''હથ હેડી કર ભાવ મેહદે તોખી લાયાં,
મહેદે તોખે લાયા પલ્લું ડિયે પરણાયા,
શેરા હઘલ જા મા લાખો ગોરાઈયાં
ઘડિયાળ ભાવર જો લાબો ગોરાઈયાં
વીંટી ભાવર જો લાબો ગોરાઈયાં
કપડા ભાવર જો લાબો ગોરાઈયા''[૭૧]

કચ્છ-બન્નીના મુસ્લિમોમાં લગ્ન પ્રસંગે મહેફીલની રાત્રિએ ઢોલ સાથે સ્ત્રીઓ અભિનયથી ગીત ગાય છે. જેમાં વિવિધ આભૂષણો કડલા, ગુજરી, બંગડી, મૂડિપો, વારલો વગેરે પહેરેલા હોવા છતાં હાથમાં પથ્થરો ઉપાડે છે. આ ગીત કચ્છ-બન્નીના મુસ્લિમોમાં પ્રચલિત છે.

''ગજીયો મૂંજો જોર જલાણો ગજીયો મૂંજો જોર જલાણો
જલાણોતી જોરીયા ભેણ ગજીયોતી ગાઈયા
સવાતસોજા કડલા મૂંજા સવાતસોજા કડલાં મૂંજા
પગ મેતી પાઈયા ભેણ ગજીયોતી ગાઈયા
ગજીયો મૂંજો જોર જલાણો જલાણેતી જોરીયા,
ભેણ ગજીયોતી ગાઈયાં,
સવાતસોજી વારલો મૂંજો ડોક મેં તી પાઈયાં,
ભેણ ગજીયોતી ગાઇયા ગજીયો...
સવાતસોજી ફૂલડી મૂંજી સવાતસોજી ટીલડી મૂંજી,
નક મેં તી પાઈયા ભેણ ગજીયોતી ગા ગાઈયાં,
સવાતસોજી ગુજરી મૂંજી હથ મેંતી પાઈયા,
ભેણ ગજીયોતી ગાઇયા ગજીયો...
સવાતસોજી બંગલી મૂંજી સવાતસોજી મૂઠીઓ મૂંજો,
હથમેંતી પાઈયાં ભેણ ગજીયોતી ગાઈયા ગજીયો...
પાકિસ્તાન જા વેઘંલ માડૂં ઈન્ડિયા જાતા જીંઘળ માડું,
લીયાં પોઢી જાતાં ભેણ ગજીયોતી ગાઈયાં.''[૭૦]

લગ્ન મંડપમાં વર- કન્યાની પરણવાની વિધિ ચાલતી હોય ત્યારે કન્યાપક્ષની બહેનો કન્યાના વખાણ કરીને વરરાજાને સંબોધીને કહે છે કે તારા લગ્ન જેની સાથે રહ્યા છે તે સ્વર્ગની પરી સમાન છે તેવા ભાવ નીચેના ગીતમાં જોવા મળે છે.

''અધલ તોખે પરણાયા
તાંખે મા હૂર પરણાયા
બોધણ ગુરાયા
લાડલ તાખે પરણાયાં
મા જા ડે પિયારા
તોખે મા હૂર પરણાયા.
ખોલાં ગુરાયા
જોડેલ તોખે પરણાયાં
ઝેવર જોડાયાં
મીરલ તોખે પરણાયા''[૭૧]

વરપક્ષની બહેનો વરરાજાને સંબોધીને કહે છે તારા એ જગ્યાએ લગ્ન કરી રહ્યા છીએ જ્યાં લગ્નમંડપમાં ચારેય બાજુ સુગંધિત વાતાવરણ જોવા મળે છે.

''ગુલ ભૂભક ભાગ મે, ગુલ સેણન સાં,
મૂંજા ઉમર વૈયલ રાજ
ગૂલ ભૂભક ભાગમે, ગુલ સેણન સાં
મૂંજા જોડલ વૈયલરાજ
ગૂલ ભૂભક ભાગમે, ગુલ સેણન સાં
મૂંજા અધલ વૈયલરાજ''[૭૨]

કન્યા સાસરે ગયા પછી તેના માતા-પિતા, ભાઈ, કાકા, મામા તેને મળવા આવે છે. થોડો સમય રોકાયને પાછા જતા રહે છે. ત્યારે કન્યાને પિયરિયાની યાદ આવે છે, તેનો અફસોસ ગીત દ્વારા વ્યક્ત થાય છે.

''પંખી ઘલ કરેવ્યા, રસ્તા રેલ હલ્યા વ્યા
મૂંજા જોગીડા અભાણાં, પંખી ઘલ કરેવ્યા,
બાઈ જા બાવા આયા વા, રાતો રાત હલ્યા વ્યા
મૂંજા જોગીડા અભાણા, પંખી ઘલ કરેવ્યા,
બાઈ જા કાકા આયા વા, રાતો રાત હલ્યા વ્યા
મૂંજા જોગીડા અભાણા, પંખી ઘલ કરેવ્યા,
બાઈ જા વીરા આયા વા, રાતો રાત હલ્યા વ્યા
મૂંજા જોગીડા અભાણા, પંખી ઘલ કરેવ્યા.''[૭૩]

ઈ.સ.૧૯૭૧ સુધી બન્ની અને પાકિસ્તાનના લોકો વચ્ચે સામાજિક સંબંધો સારા હતા. બન્ને પ્રદેશો વચ્ચે લગ્ન માટે એકબીજા સંબંધો કરતા હતા. પરંતુ ત્યારબાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સંબંધ બગડયા. પરિણામે સરહદ પાર જવું મુશ્કેલ હતું. ત્યારે કચ્છ-બન્નીની દીકરીનું સાસરિયું પાકિસ્તાન હોય, પિયર તરફના વ્યવહાર બંધ થતા દીકરી માતા-પિતા, કાકા, ભાઈ-બહેન વગેરેને યાદ કરી પત્ર લખીને પોતાની વ્યથા વ્યક્ત કરે છે. કારણ કે કચ્છ-બન્નીમાં તો આવી શકાતું નથી. કાગળ લખીને જ મન મનાવવું પડે તેની વ્યથા આ ગીતમાં રજુ થઈ છે.

બાવા મુતે કાગળ લખજા , કાગ રે તે મન વારીઆં,
માહીતર કરછડો યાદ કરીઆ
વીઢી અહીંયા પાકિસ્તાન મે, મૂંજા બાવા હિન્દુસ્તાન
માહીતર કચ્છડો યાદ કરીઆ
કાકા મુતે કાગળ લખજા, કાગ રે તે મન વારીઆં,
માહીતર કચ્છડો યાદ કરીઆ
દાદા મુતે કાગળ લખજા, કાગ રે તે મન વારીઆં,
માહીતર કચ્છડો યાદ કરીઆ
વીરા મુતે કાગળ લખજા, કાગ રે તે મન વારીઆં,
માહીતર કચ્છડો યાદ કરીઆ.[૭૪]

લગ્ન પૂરા થયા પછી કન્યાને માતા-પિતા વિદાય આપે છે. સગા-સંબંધી તેમજ પરિવાર માટે દીકરીની વિદાય વસમી હોય છે છતાં પથ્થર દિલ બની માતા-પિતાના મુખે દીકરીને વિદાય આપી અને જરૂરી સલાહ-સૂચન કરે છે. તે ગીત દ્વારા વ્યક્ત કરાઈ છે.

''ઘરજી ગાલ્યુ ઘરમે રખજા
કઢીજા ન કિતે બાર
તાળાકુંજી હથમે રખજા''[૭૫]

## બન્ની પ્રદેશના હાલરડાંમાંથી નીતરતું વાત્સલ્ય :-

કચ્છ-બન્ની પ્રદેશમાં હાલરડાં માતા કે દાદીમાં કે પછી મોટી બહેન બાળકને પારણામાં હિચોળતી વખતે ગાય છે. પછી તે માલલધારી સ્ત્રી હોય કે રાજમહેલની મહારાણી હોય પોતાના સંતાન પ્રત્યેની ભાવનામાં કોઈ ફેર પડતો નથી. હાલરડાંનો દોર બાળક જ્યાં સુધી ન ઊંઘે ત્યાં સુધી ચાલુ જ રહેતો હોય છે. હાલરડામાં કુટુંબીજનો, પરીઓ, દેવ-દેવીઓ આવતા હોય છે. આપણે ત્યાં હિન્દુ ધર્મ અનુસાર દરેક માતા પોતાના બાળકને પારણામાં ઝૂલાવતી વખતે જશોદા માતાનું સ્વરૂપ ધારણ કરે છે અને બાળક કાનુડો બની જાય. જગતભરના લોકસાહિત્યમાં હાલરડાંના સ્વરૂપમાં ઘણું સામ્ય જોવા મળે

છે. ભારત દેશના હાલરડામાં ભગવાન શ્રીકૃષ્ણનું બાળપણ છૂટથી નિરૂપાયુ જોવા મળે છે. ઘણીવાર માતા બાળકને કૂતરો, બાવો, બિલાડો આવ્યાની બીક બતાવી સુવડાવે છે''. હા...

મૂંજો ચાગલો પુત્તર સમે રહે,
કૂતી તુ ભજે વજે વંજ નંઢડો પુત્તર.[૭૬]

બાળક મોટુ થાય ત્યારે માતા હાલરડા દ્વારા પોતાનું વાત્સલ્ય વ્યક્ત કરવાથી માંડીને સંસ્કારપ્રદાન સુધીની જવાબદારી વણી લેતી હોય છે બાળકને સુવડાવવા માટે ગાઈ ઉઠે છે.

''હિન રે કુંજલ કે કઢલા રે સુણધા
કાંભી વારો હિલો ડે રે વણાતલ કુંજલ
હિન રે કંજલ કે નથડી જો સુણધો
ટિલડીયો રોહિલો ડે વણતાલ કુંજલ''[૭૭]

બન્ની પ્રદેશમાં પાણીની અછત હતી ત્યારે માતા હાલરડામાં એ વ્યથા નાની બાળાને સુવડાવતી વખતે કહે છે. દીકરી નાની હોય ત્યારથી જ પાણી ભરવાના કામમાં લાગી જવુ પડતુ. તેથી માતા ગાઈ ઉઠે રે.

''કાંભિયે સે લોડ
પચણી ભર રે છોરી
ડાહ્યલી''[૮૦]

****

''કડલે એ લોડ
પાણી ભર રે છોરી ડાહ્યલી
હિકડો ઠલો અને
બ્યો પણ ઠલો ગાગર સે લાડે
પાણી ભર રે છોરી ડાહ્મલી !''[૭૮]

માતા-પિતા જે ઈશ્વર-અલ્લાહને માનતા હોય તેને હંમેશા પોતાના સંતાનની રક્ષા કરે તેવી પ્રાર્થના. બંદગી કરતા હોય છે અને પોતાના સંતાનો પોતાની પરંપરા જાળવી રાખે તેવો ભાવ પણ હાલરડામાં વ્યક્ત થાય છે.

''અલ્લા મંણ અલ્લાહુ અલ્લાલ
મૂંજે બચ્ચે મ અલ્લા લાયલા ઈલ્લા,
મૂંજે ફકીરેજા અલ્લા''[૭૯]

## કચ્છ-બન્ની પ્રદેશની કહેવતો :-

લોકજીવનમાં કહેવતો નીતિશાસ્ત્રનો દરજ્જો ધરાવે છે. તેમાં લોકજીવનના રીત-રિવાજ, કુટુંબ જીવન, વહેમો, તહેવારો અને ઐતિહાસિક બાબતો વણાયેલી હોય છે. કચ્છી લોકસાહિત્યમાં કહેવતોનો વિપુલ ભંડાર ભર્યો છે. દુલેરાય કારાણી કહેવતો વિશે ટાંકતા લખે છે, ''કહેવતોની રચના માટે કોઈ કવિની જરૂર નથી. એની રચના તો સ્વયં થઈ જાય છે. દેશના ડાહ્યા લોકોના ડહાપણમાંથી કહેવતો ઘડાઈ જાય છે. કહેવતોમાં ડહાપણ હોય છે, શિખામણ હોય છે, અનુભવ હોય છે, રમૂજ હોય છે અને એવું ઘણું ઘણું હોય છે. કહેવત ટૂંકી હોય છે. છતાં સચોટ હોય છે. લોકબોલીની ચાળણીમાંથી ચળાઈ-ચળાઈને કહેવત બહાર આવે છે અને ઘાટ ઘડાય છે. જે ભાષા વધુ ખેડાયેલી હોય છે તેમા કહેવતો વિપુલ પ્રમાણમાં હોય છે''[૮૦] ક્ચ્છ બન્નીની કેટલીક મહત્ત્વની કહેવતો તેના અર્વાચીન અને ગુજરાતી અર્થ સાથે અવલોકીએ.

(૧) ચોને આઉ ત પોતે પાઉ = અહંભાવ રાખીશ તો પાછો પડીશ.

(૨) વક ન્યારીને વારીજે ને તક ન્યારીને તાકીજે = તક જોઈને જેટલો જેનામાં કસ હોય તેટલું કામ કરી લેવું.

(૩) રિઢ રખઈ ઉનલાને ચરી વઈ કયા = ઘેંટું ઉન લેવા રાખ્યું અને કપાસ ચરી ગયું.

(૪) ભલીયું તેજ્યુ ઠલીયું, ને ઠલીયું તેજ્યું ભલીયું, ભલી તેની ઠાલી અને ઠાલી તેની ભલી (બન્નીના માલધારીઓ ગાય-ભેંસની સારી ઓલાદના અર્થમાં આ કહેવત બોલે છે.)

(૫) ખીલો ખીડ ડે તમે કેર ધારે ? = જો ખીલો દૂધ દેતો હોય તો ભેંસ કોણ રાખે.

(૬) કારી તે કે નિત ડયારી = જે ને ત્યાં દૂજણી કાળી ભેંસ છે તેને દરરોજ દિવાળી છે.

(ઉપરોક્ત બન્ને કહેવતો બન્નીના માલધારીઓ બોલે છે.)

(૭) આંજી બન્ની ને આંજો બિજ્જ = તમારી બન્નીને તમારૂ બી અમે તો છોડયું.

(૮) પાડો કુડે ખીલે તો = પાડો ખીલાના જોરે કૂદો.

(૯) મથો વઢે એ માલ કઢે = મહેનત કરે તે ફાવે

(૧૦) ખેતર ને વેતર તે તેડો ડીયે = ખેતર અને પશુ ખાય તેવું આપે

(૧૧) ખીર મે ખન ને છાય મે મીઠો = દૂધમાં સાકર અને છાશમાં મીઠુ

(૧૨) અક્કરમી કે ઉઠ તે કુતા વિણે = અક્કરમી હોય તેને ઊંટ પર બેઠાબેઠા પણ કૂતરા કરડે.

(૧૩) આણી તેડી ચાડી નિતડિયાણી સુમરા = સુમરા જેટલું કમાય તેટલું ખાઈ જાય.

(૧૪) ઉઠ મરે તોય મારવાડ કુરા મો કરે = ઊંટ મરેતો ય મોઢુ મારવાડ તરફ રાખે.

(૧૫) એઠી છાય ઉકરડે પય = એઠી છાશ ઉકરડે પડે.

(૧૬) કાઠી-કાઠી જે ભાર સે ઝૂરી પોધી = લાકડુ લાકડાના ભારે જ ભાંગી પડશે.

(૧૭) કાગડે જે ચે સે ગોયુ ન મરે = કાગડાના હોવાથી ગાયો ન મરે

(૧૮) ખરચી ખૂટી ત માયા પણ તૂટી = પૈસા ખૂટતા માયા પણ તૂટી.

(૧૯) ગોઈયે જા મઈયે હેઠ ને મઈયે જા ગોઈયે હેઠ = ઘેટાનું ટોળુ ત્યાં ન્હારનું રહેઠાણ.

(૨૦) મિયા વઠા ભણ = વરસાદ વરસે એ સારું

(૨૧) ગજે તિત ગરાસને વસે તિત વાસ = મેહૂલો ગાજે અને વરસે ત્યાં જ ગરાસ અને વસવાટ.

(૨૨) ઘોડે તે ઘર અન ઉઠે તે ઓતારા = ઘોડા ઉપર ઘર અને ઊંટો ઉપર ઉતારા.

(૨૩) ગજ જી ઘોડી ને સવા ગજ જો ભઠો = ગજની ઘોડી અને સવા ગજનું ભાઠું

(૨૪) કવલી તે કાંઠો ન હોય = ગાય ઉપર પલાણ ન હોય

(૨૫) ડુકાર સોય વરે ભુછડો = દુષ્કાળ સો વરસે પણ ભૂંડો

(૨૬) ખરી ખોટી ખુદા જાણે, મફત જો ભાર મુલ્લા તાણે = (સાચી ખોટી ખુદા જાણે મફતનો ભાર મુલ્લાં તાણે,)

(૨૭) તકદીર વટે તદબીર નતી હલે = તકદીર સાથે તદબીર ચાલતી નથી

(૨૮) બારે મૈણ ખટયો, રમઝાન મે ચટયો = બાર મહિનાનું કમાયેલું રમઝાનમાં ચાટી ગયા.

(૨૯) સાંઠીયે આડા ઝાંખરા = જેવા સાથે તેવા.

(૩૦) સેડે સવાડ વે, સે દોણે નવ = સેડ કઢા દૂધમાં જે સ્વાદ હોય તે આખા દોણામાં ન હોય.

(૩૧) અલા વડો ઓલિયો, ઉતારે પતા ને પેરાય મોલિયો = ઈશ્વર મહાન છે. પાઘડી ઉતારશે, તો રેશમી પટકો પહેરાવશો.

(૩૨) આપ ગંધી આપ સી, નાય ગંધી નાયં સી = કપડા છે તો ટાઢ છે, કપડાં નથી તો ટાઢ પણ નથી.

(૩૩) અક્કરજી કાઠી ને રાવરી આણ = આંકડાની નબળી લાકડી પણ રાજસત્તાના જોર વડે સબળ બને.

(૩૪) કુંભાર ઘરવારી તે તપે તડે ગડોંડી જા કાન મોડે = (કુંભાર ઘરવાળી પર ખીજાય ત્યારે ગધેડીના કાન મરડે)

(૩૫) ઘર મંઝે તે કે ગામ મંઝે = ઘર માને તેને આખુ ગામ માને

(૩૬) કાઠ જી કુની હિકડે ફેરે ચડે = લાકડાની હાંડલી એકજવાર ચૂલે ચડે

(૩૭) કાગડે રંગણું ન પય = કાગડાને રંગવો પડે નહી

(૩૮) મેડે ઘોડે ગામતરા કડા = માગેલ ઘોડે મુસાફરી કેવી

(૩૯) ઊંઠને વરી ઉકડે ચડયો = ઊંટ ને વરી ઉકરડે ચડયો.

(૪૦) ખીર-પુત્રે જો ધણી ઐયે, ખોટો મ કુછ જ = જુઠુ બોલતાં નહી દૂધ-દીકરાના માલિક છો.

(૪૧) ગો ગિત જે વોડી ને મે ગિન જે છોડી = ગાય લેવી વોડકી અને ભેંસ લેવી પાકટ

(૪૨) આમધે ટોપી મામધે મથે અને મામધે જી આમધે મથે = (આમદાની ટોપી મામદા માથે મામદાની આમદા માથે)

(૪૩) આઈ રુવે અટે કે ને ધી રુવે ઢીંગલે કે = દાદીમાં લોટ માટે રડે અને દીકરી પૈસા માટે

(૪૪) ઉથ નાણા, વે નાણા, નાણે વોણાં તર નિમાણા = ઉઠતા કે બેસતા પૈસો, પૈસો અને પૈસો, પૈસા વગર માનવી લાચાર છે.

(૪૫) પુંને પાપ ઠીલાજે = પુણ્યે પાપ ઠેલાય.

(૪૬) જેજી લઠ તેજી મે = જેની લાઠી એની ભેંસ.

(૪૭) કચ્છી ભા કોડ ડીં પાછો ન પે = કચ્છી માણસ કદી પાછો ન પડે.

(૪૮) ચ્યો કુંભાર ગધેડે ન ચડે = કોઈના કહેવાથી કુંભાર ગધેડા પર ન ચડે

(૪૯) હિકડીવસ ને સૉ રસ = એક વરસાદ અને સો રસ.

(૫૦) કુતે જો સંઘ કાશી પુજે = કૂતરાનો સંઘ કાશી પહોચે ?

(૫૧) હુવે ત ઈધ ન હુવે ત રોજો ! = હોય તો ઈદ અને ન હોય તો રોજો !

## કચ્છી પિરોલી (ઉખાણાં) :-

પિરોલી એ કચ્છી ભાષાનો શબ્દ છે. એનો અર્થ થાય છે ઉખાણું. ગુજરાતી ભાષામાં તેને સમસ્યા કહે છે. ઉખાણું કહે છે અને પ્રહેલિકા પણ કહે છે. કચ્છમાં પિરોલીઓનો અખૂટ ભંડાર છે. સમય-સમય પર ધરતી પર અવતરતા લોક કવિઓ આવા લોકસાહિત્યની નવી-નવી રચના કરતા રહે છે. બન્નીના માલધારીઓ રાત્રે વાળુ-પાણી કરી એકબીજાને ઉખાણાં પૂછતા હોય છે. પોતાના પશુઓ સાથે આખો દિવસ વનવગડામાં ભટકતો માલધારી મનોરંજન માટે ઉખાણાનો સહારો લેતો હોય છે. જેથી બુદ્ધિચાતુર્યની સાથે સમય પણ પસાર થાય છે. પિરોલી એ જ્ઞાનવર્ધનનું એક મહત્વનું સાધન છે. બાળકો માટે એ જ્ઞાન શાળા છે, યુવકો માટે આનંદશાળા તો વૃદ્ધો માટે એમનો અનુભવ વ્યક્ત કરવાનું સ્થાન છે. આમ, પિરોલી આબાલવૃદ્ધ સૌને પ્રિય છે. તેનાથી બુદ્ધિ શક્તિ અને તર્ક શક્તિનો વિકાસ થાય છે. પિરોલીએ સાક્ષરોની સંપત્તિ નહિ. પણ નિરક્ષરોનું નાણું છે. કચ્છ-બન્નીની પિરોલીમાં રામાયણ, મહાભારત અને ઈસ્લામનું અસ્તિત્વ પણ છે. પિરોલી વિશે દુલેરાય કારાણી નોંધે છે ''પિરોલીમાં ઈતિહાસ છે, ભૂગોળ છે, ધાર્મિક અને સામાજિક તત્ત્વોનું પણ તેમા અસ્તિત્વ હોય છે. પિરોલી અનેક વિષયોને અને અનેક દિશાઓને આવરી લે છે. ઐટલે જ તે શિક્ષણનું એક સાધન બની જાય છે.''[૮૧]

કચ્છ- બન્ની પ્રદેશમાં ઉખાણા દ્વારા સહજ શિક્ષણ પામી શકાય છે. બાળ-પિરોલીઓ બાલમાનસને જ્ઞાનસમૃદ્ધ બનાવે છે. બન્નીમાં પિરોલી જાણકાર વૃદ્ધ માલધારીને બાળકો ઘેરી વળે છે અને પિરોલી કહેવાનો આગ્રહ કરે છે. અભણ માલધારી બાળકોની શિક્ષણ તૃપ્ત કરવા એક પિરોલી પૂછે છે.

(૧) મડધ મિટ્ટીને, કંધ કૃપા જો
જડો લગોવા, તેડો નિકરી વેઓસા = દીવો

(૨) નિંઢડે ઘરમે રતનબાઈ રમે = જીભ

(૩) હિકડી ડાબલી મે બત્રી બાવા = દાંત

(૪) કચ્ચા હી અચ્છા લગે, અધપક મીઠા હોય,
એક ફલ ઐસા હે સખી, પાકે કડુઆ હોય = માનવશરીર

(૫) જલ તારણ ને કૃતા માટણ, અંધે જો આધાર
કથડી તું કિતી ભૂલે ? હકલ જો હથિયાર = લાઠી

(૬) કારી કુકડી ઢકે અને ધોરો કુકટ ઉપરે = રાત અને દિવસ

(૭) સાંજી જનમઈ
રાત પઈ ત પેણઈ
ડી ઊગો તો હલઈ વઈ = હોળી

(૮) કારો આય પણ કોયલો નાંય
સૂરે તો પણ સપ નાંય
તેલ ચડે હડમાન નાંય
ફૂલ ચડે પણ માદેવ નાંય = સ્ત્રીનો ચોટલો

(૯) મો વગર જી માંટલી છિલાછિલ ભરેલ = ઈંડુ

(૧૦) ઉપની નીચે કુર મિંજા, પિંઢ જો મુકો પે
તે સેંતી પૈણી ગિને, સાલખ તો સમજે = છાસ

(૧૧) સિરો તોજો સિંધ મે
તું હિતે હારઈયે કી ?
સમે તે સાથ મે
આઉ હિતે હારાણીસ હી = સિંધી ચોખા

(૧૨) બિજ વગર જો ફર
તેજોનાળો ફરઈ = કેળું

(૧૩) ચાર પગો ને ચોસલો
ધરતી માથે ધામ
થકે પકે જો થંભ મે
વડે જો વિસરામ = ખાટલો

(૧૪) રતી માટલી કાટી ઢકણી = ચણોઠી

(૧૫) વનવગડે મે નીલી જાજમ = લીંલુ ઘાસ

(૧૬) નર મિંજા નારી થઈ, નારી મિંજાનું નર
નરકે લગી નજર તડે, પેધા થ્યો પુતર = દૂધ, છાશ, માખણ

(૧૭) મોતી ઝલે મોં, ભુલ જ મતુ ભા
પડેલે કે પુછી ગિન, જાુરેઓ સજો ન થીએ = રોજો

(૧૮) નિંઠડી હિકડી જિરકલી, ફેરા ફિરે ફિરકલી
કડેક હિતે કડેક હુતે, કડેક અભ્ભ મથે = આંખ

(૧૯) કારી કુકડી અને ધોરો કુકટ ઉપરે
કાળી કૂકડી ઢકે અને ધોળો કૂકડો ઉઘાડે = રાત અને દિવસ

(૨૦) કમ કરેતી કલર મે, વિછાય વિઠીવાર
જુવાન ઝલીધો જીંથે સે, મોકમ ડીંધો માર
પોય ડીંધો પલી તો, ધુકા ડીંધો સે ધાર
ઈ પિરોલી ઈસો ચે, વીર વિચારે ન્યાર = બીડ નામનું ઘાસ

(૨૧) ત્રે અમૃત ને ચોથો પન
જગ મે જો જો મેળ
ઘર ઘર મે સાદર થીએ
સમજે તે કે સેલ = ચા

(૨૨) વડે વડે ઝાડ મયે
વિઠો ચડીને ઠેઠ
પાંખી ન કી પરંધો
પાણી ભરેલ પેટ = નાળિયેર

(૨૩) વિંગો ચુંગો બાવરીઓ, મથે વિઠો હોલો
ઈ પિરોલી  ન લેજે, ગમાર કાં ગોલો = ઊંટ

(૨૪) 'વાચા વગરજી બોલે ખરી
પગે વગરજી હલે ખરી
મથે આય પણ મેડી નાંય
બ કંઢા પણ બેરી નાંય' = ઘડિયાળ

(૨૫) હિકડો પગને ચાર સિઙ
ગાલ અચી ક ડીંગે ડીંગ ? = લંવિગ

(૨૬) ડી જો ભેરો
રાત જો ધાર = પડછાયો

(૨૭) ધીંગો ધભલો સીધી  બાના
તે મથ્થે રાજા જો તાજ = રીંગણું

(૨૮) લવલવે પણ ચોર નાંય
ચાર પગો પણ ઢોર નાંય
કલંગી આય પણ મોર નાંય = કાકીડો

(૨૯) જોગી હિન જહાનમે હા જભરો ને જાડો
પઝે ખઢે મે પધરો, કર અઠોરી પાડો
તપસી પેઓ તપમે, લિખ્યો ન હો લાડો
સુતો કી ન સંધાર ચે ઈ કંધ કને આડો = ધોરમનાય

**દુહા :-**

કચ્છી લોકસાહિત્યનાં વિવિધ પદ્યસ્વરૂપોમાં દુહા-સોરઠા-બેતોનું સાહિત્ય ઠીક-ઠીક સમૃદ્ધ છે. તેઓ સ્વતંત્ર કૃતિઓ તરીકે પ્રચલિત છે. કચ્છ-બન્નીના ઘણા દુહા પ્રચલિત છે. તેમના દુહાઓમાં માત્ર લોકકથાઓ જ ગૂંથાયેલી નથી.એમા લોકહૃદયનો ધબકાર પણ સંભળાય છે. કચ્છીવાણી કેટલી બધી ઓજસ્વી, સત્યશાળી અને જોમવાળી છે તેનો પણ આ દુહાઓમા સાક્ષાત્કાર અનુભવાય છે. કચ્છનો સૌથી લોકપ્રિય દુહો નીચે મુજબ છે.

(૧) "શિયાળે સોરઠભલો, ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ."

(૨) "ભલ ઘોડા ગુણિયલ ત્રીયાં, વઠે કચ્છ વર્ણા
ઈની ત્રી થોકા, અઘ્રાપો વેને હીય."

(૩) "કરાયલ કે ન મારજે, જેની રતા નેણ,
તડ વિઠો ટૌકા કરે, નિત સંભારે સેંણ"

(૪) "વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીએ વચ્છ
વંકા કુંવર તો થિયે જ પિયે પાણી કચ્છ"

(૫) "કચ્છડો ખેલે ખલકમે, જી મહાસાગરમે મચ્છ
જિત હિડકો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ"

(૬) "કચ્છ કમાડ આશાપુરા, મુલક આઈ જો કચ્છ
મોડ મેકણ, જેસલ તર્યા, સાય ખેંગાર કેસય"

(૭) "વડા પરચા પીરજા જેની અંત ન પાર
અબડાણી આધાર કરમી જાગ્યો કચ્છમે"

(૮) "કીરા તું અઈયે નીરો, ઊભે બન્નીય બોક
ડઈ હીયે યે ખોટ, કેરે કાછો છડેઓ"

(૯) "પરછમ બની, પાવર આડા અચીંધા
ઝણે બધજા ભઠે, હાણે જુરંધા જાડેજા"

(૧૦) "ખીર પકાઈ જતન સે, સરખા દિયા જલા
આયા કુત્તા ખા ગયા, તૂ બૈઠી ઢોલ બજા"

(૧૧) "ધનવાડી ધન વંગ ધ્રો, ધન ધન મોડ મુછાર
ધન કૂબો કોટ અહી, ધન કચ્છડો આધાર"

(૧૨) "વંકો જુવાન વાગડ જા, પૂંજે સોઢાયા
પિંજી એ મિંજા પનરો, પૂજે પુજાપા."

(૧૩) "તરુવર વનફૂલ ના ચખે, નદી ન પીવે નીર
પરમારથ કે કારણ, સંત ન ધરા શરીર."

(૧૪) "કીરા તું અઈયે નીરો, ઊભે બન્નીય બોક
ડઈ હીયે મે ખોટ, કે રે કાછો છડેઓ"

(૧૫) "રીઝે તેને દે રાજ, ખીજે તેને જાય ખાઈ
જેવી જેની કમાઈ, ઈ ખબરવારી માઈ"

(૧૬) "ખોય ખોભેજો રંગ, ચઈ ડિયંજો ચટકો
તેજા કેડો સંગ, જુકો ધુતે ઘોરો થિયે"

**લોકકથાઓ :-**

લોકજીવન એ લોકકથાઓના તાણાવાણાથી વણાયેલું હોય છે. લોકકથામાં મુખ્યત્વે ભૂતકાળમાં થઈ ગયેલા શૂરવીરો, સાહસિક, પરોપકારી, સ્વાર્પણશીલ, પ્રેમી, સંત, સતી તેમજ સમાજના નીમ્ન સ્તરના ગુણવાન મુઠ્ઠી ઉચેરા માનવીઓની કથા રજૂ થતી હોય છે. સૌરાષ્ટ્રની લોકકથાની જેમ કચ્છની પણ ઘણી બધી લોકકથાઓ પ્રચલિત છે. કચ્છના લોક કવિઓ એ પોતાની આગવી શૈલીમાં લોકકથાઓ વર્ણવી છે.

કચ્છ-બન્ની પ્રદેશમાં રાવળ, ચારણ, તૂરી, ભાટ વગેરે નામના લોકો લોકકથા રજૂ કરતા. કચ્છ-બન્નીની લોકકથાઓનો વ્યાપ વધારવા કચ્છની લોકજાતિઓના પરિભ્રમણે મુખ્ય ભાગ ભજવ્યો. કેટલીક લોકજાતિઓએ દુષ્કાળ કે કુદરતી આફત વખતે સ્થળાંતર કર્યુ. તો કેટલીક લોકજાતિ કચ્છ-બન્નીમાં આવીને ઠરીઠામ થઈ પરિણામે જુદી-જુદી લોકકથાનું આદાન-પ્રદાન થયુ. કચ્છ-બન્ની પ્રદેશમાં દરવર્ષે ઉજવાતા ઉત્સવો, મેળાઓએ પણ લોકકથાના પ્રસારમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. કચ્છ-બન્નીમાં નવરાત્રિએ મા આશાપુરા, હાજીપીર, દરિયાપીર, રામાપીર, વરુણદેવ, નાગપંચમી વગેરે મેળાઓ ભરાય છે. આ મેળાઓ દરમ્યાન રાત્રે લોકકથાઓ મંડાય છે. કચ્છ-બન્નીના અમરપાત્રો 'જેસલ-તોરલ', હોથલ-પદ્મણી, 'લીલા-ચનેસર', વગેરેની પ્રેમ કથા તેમજ ગાયોની રક્ષા કે ધર્મની રક્ષા માટે જેણે પોતાના પ્રાણની આહૂતિ આપી તેવા શૂરવીરોની લોકકથાઓ કચ્છ-બન્ની પ્રદેશમાં પ્રચલિત છે.

## ૧. ઉમર મારુઈ :

બન્નીનું દૂર દૂર સુધી ફેલાયેલું રણ. એ રણ વિસ્તાર સુમરા રાજ્યની હદમાં આવે. તેમા મલીર નામનું નાનકડુ ગામડું આ ગામમાં મારુઈ નામની સુંદર યુવતી રહે. મારુઈ રૂપ-રૂપની અંબાર સમી હતી. જેમ-જેમ મારુઈ મોટી થતી ગઈ તેમ તેમ તેનુ યૌવન ખીલતુ જાય. તેને મેળવવા કંઈ કેટલાય યુવાનો તલપાપડ હતા. પરંતુ મારુઈના ઘરમાં ફાગ નામનો યુવક ખેતમજૂરીનું કામ કરતો હતો. તેને મનોમન મારુઈ ખૂબ ગમતી. ફાગ મારુઈ સાથે લગ્ન કરી તેને પોતાની રાણી બનાવવા માગતો હતો. પરંતુ મારુઈના પિતાએ તેના એક સંબંધીના છોકરા સાથે મારુઈની સગાઈ કરી નાખી. ફાગને આ ન ગમ્યુ. તેણે બદલો લેવાની તજવીજ શરૂ કરી દીધી. આ બાજુ સુમરા રાજ્યમાં ઉમર સુમરા નામનો રાજા રાજ કરતો હતો. તેનો મહેલ ઉમરકોટમાં હતો. ફોગે ઉમરાને કાન ભંભેરણી કરી કે ‘આખાય બન્ની પ્રદેશમાં મારુઈ જેવી રૂપવંતી કન્યા કોઈ છે જ નહી. તમને મારુઈને મહારાણી બનાવવાનું મન નથી થતુ. તમારા ઉમરકોટની શોભા વધારે તેવી અપ્સરા છે’. મારુઈનાં રૂપના ફાગે સુમરા આગળ ખૂબ વખાણ કર્યા. એટલે ઉંમર સુમરાને તે યુવતી મેળવવાની તલપ લાગી. તેણે વેશપલટો કરી બન્નીમાં પ્રવેશ કર્યો. ઉમર અને ફોગ બન્ને બન્ની પ્રદેશમાં આવે છે.

આ તરફ બન્નીના મલીર ગામમાં રૂપસુંદરી મારુઈ તેની સખી સાથે કૂવાકાંઠે પાણી ભરવા આવે છે. ઉમંર તો મારુઈ ને જોઈ આભો જ બની ગયો. સ્વર્ગની અપ્સરા જેવી કન્યાને જોઈને પાણી પીવા કૂવાકાંઠે પહોંચ્યો. ઉમર સુમરાએ મારુઈને પાણી પીવાનું કહ્યું. ગામડાની ભલીભોળી મારુઈએ તરસ્યા મુસાફર જાણીને ઘડૂલીમાંથી પાણી પીવડાવવા લાગી. ઉંમરે લાગ જોઈને મારુઈને ઉંટ પર બેસાડીને નીકળી પડયો. મારુઈ તો સિંહના પંજામાં ફસાયેલી હરણીની માફક તડફડવા લાગી. ચીસાચીસથી આખો કૂવાકાંઠો હેબતાઈ ગયો. પણ તેને કોઈ બચાવી શકયુ નહી. ઉંમર તો મારુઈને ઉમરકોટના મહેલમાં લાવ્યો અને તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મારુઈ તને હું સોનાથી મઢી દઈશ, કીંમતી વસ્ત્રો અપાવીશ અને મહેલની પટ્ટરાણી બનાવીશ. નોકર-ચાકર તારા હુકમનું પાલન કરશે. બસ એકવાર તુ મારી સાથે લગ્ન કરી લે.

પણ મારુઈ તો એકના બે ન થઈ. ઉમરે આવી ઘણી લાલચો આપીને અંતે થાક્યો. છેવટે મારુઈને તેણે ઉમરકોટમાં બંધ કરી દીધી. પણ તેનું મન તો તેના માણીગર ખેત માટે ઝૂરતું હતુ. હવે મલીરના લોકોએ એવુ માની લીધુ કે મારુઈ હવે વટલાઈ ગઈ તેના નામનું જાણે નાહી લીધુ. જ્યારે મારુઈ તો તેના ગામને તેની સખીઓને અને પોતાના મનના માનેલા પતિ ખેતને યાદ કરી કરીને આક્રંદ કરતી હતી. ઉમરકોટમાં તે ખૂબ રડે છે. દિનરાત ખાધાપીધા વિના તેને વતનની યાદ સતાવે છે. રડી

રડીને આંસુ લૂંછતા માથાની ચુંદડી પણ ચીંથરા જેવી બની ગઈ હતી. વિરહની આગમાં તેનુ શરીર સાવ સુકાઈ ગયુ હતું.

ઉમર તેને રોજ વિનવની કરે છે પણ મારુઈને તેનું વતન, વાડી, પશુ અને હરિયાળો બન્ની પ્રદેશ સતત યાદ આવે છે. મારુઈ વ્યાકુળ થઈને ઉમરને ખુદાની કસમ આપે છે અને કહે છે કે તેના ગુનાઓની તેને કેવી-કેવી સજા ભોગવવી પડશે તે વારંવાર સંભળાવે છે. આખરે મારુઈના મનની દઢતા જોઈ ઉમર સુમરા હાર્યો અને કહ્યુ આજથી તું આઝાદ છે. હું બન્નીમાં સંદેશો મોકલુછુ તને આવીને લઈ જાય. મારુઈએ સતીત્વથી ઉમરનું હૃદય પીગળાવ્યુ.

મારુઈ જ્યારે બન્ની પહોંચી ત્યારે ખેતસેને તેના પર શંકા કરી. તેની સાથે લગ્ન કરવાની ના પાડી દીધી. પણ મારુઈ તો સતી હતી. રણની સીતા જ હતી. એણે તો અગ્નિપરીક્ષા આપી ગરમ સળિયા હાથમાં ઝાલ્યા. મારુઈને કશું ન થયુ. તેના સતીત્વ આગળ ખેતસેન પણ ઝૂક્યો અને અંતમાં ખેતસેન સાથે મારુઈના લગ્ન થયા અને સુખશાંતિથી બન્ને જીવન પસાર કરવા લગ્યા.

### ૨. સસઈ-પુન્હુ :

સિંધમાં રાજા દલુરાયના જમાનામાં કરાંચી જિલ્લાના ભાભરવાહ ગામે નાઉમલ નામે એક બ્રાહ્મણ પરિવાર રહેતું હતું. સંતોના આશીર્વાદથી તેને ત્યાં એક દીકરીનો જન્મ થયો. દીકરી ખૂબ જ સ્વરૂપવાન અને શાણી હતી. જન્મ કુંડળી પરથી જણાયું કે તેના લગ્ન કોઈ વિધર્મી સાથે- મુસલમાન સાથે બંધાશે આથી તેના પિતાને આઘાત લાગ્યો અને તેણે પુત્રીને એક પેટીમાં નાખી પાણીમાં તરતી મૂકી દીધી. પેટી તરતી-તરતી ભંભોર ગામે પહોંચી ત્યાં મહમદ નામના ધોબીને આ પેટી મળે છે. તે નિઃસંતાન હતો તે બાળકીને ખુદાની પ્રસાદી સમજી ઉછેરે છે. પતિ-પત્નિએ માની લીધુ કે આ પોતાની પુત્રી છે. તેનુ નામ રાખ્યુ સસઈ અર્થાત્ સુંદરી. સસઈ ખૂબ લાડ થી ઉછરવા લાગી. મોટી થતા ગામેગામ તેના વખાણ થતા. કેરા મકરાનના હાકેમ જામ આરીના પુત્ર પુન્હુએ પણ તે વખાણ સાંભળ્યા. તે એક સોદાગરનો વેશ ધારણ કરી ભંભોર ગામે આવી પહોંચ્યો.

સસઈ અને તેની સખીઓ એકવાર પુન્હુના પડાવ પર અત્તર અને સૌંદર્યપ્રસાધનો ખરીદવા ગઈ. પ્રથમ દષ્ટિએ જ પુન્હુ અને સસઈ પરસ્પર મોહી પડયા. બન્નેની ગુપ્ત મુલાકાતો થઈ અને લગ્ન પણ થયા. હવે પ્રિયતમા છોડીને પોતાને વતન જવાની પુન્હુની ઈચ્છા ન હોતી. તે ભંભોરમાં રહી ધોબીનો ધંધો કરવા લાગ્યો. પણ પુન્હુની સાથે આવેલા તેના નાના ભાઈનેઆ વાત ન ગમી. તેણે લગ્ન પછી વતનમાં જવાનું કહ્યું પણ પુન્હુ માન્યો નહીં. આથી તે ત્યાંથી ચાલ્યો ગયો અને તેના પિતા તથા પરિવારને પુન્હુની સઘળી કથા કહી. પુત્ર વિયોગથી જામ પથારીવશ થઈ ગયો. પિતાની આ સ્થિતિ જોઈ પુન્હુના ભાઈઓ ભંભોર પુન્હુને લેવા આવ્યા. ભંભોરમાં સસઈ-પુન્હુ પરિવારનું સ્વાગત કરે છે.

ભાઈઓ પુન્હુએ વતનમાં આવવા સમજાવે છે. પણ પુન્હુ માનતો નથી. એટલે ભાઈઓએ એક ષડ્યંત્ર રચ્યુ અને લગ્નની ભવ્ય ઉજવણી કરવાનું નક્કી કર્યુ અને તે ઉજવણીમાં તેના ભાઈઓએ પુન્હુને ખૂબ દારૂ પીવડાવી દીધો આથી પુન્હુ બેભાન થઈ ગયો અને તેને ઊંટ પર બેસાડીને કેચ મકરાન તરફ ચાલી નીકળ્યા.

ઘરે સસઈ આખી રાત પુન્હુની વાટ જોતી જાગતી રહી. સવારે ખબર પડી કે પુન્હુ પોતાને છોડીને ભાઈઓ સાથે જતો રહ્યો છે. તે એકલી જ ઊંટના પગેરા લેતી ચાલી નીકળી. ભંભોરથી ચાલીસ ગાઉ દૂર એક મોટા પહાડ પાસે પહોચી ત્યાં નદી હતી. ઊંટના પગેરા દેખાતા ન હોતા, ત્યાં સસઈ એક ભરવાડને પૂછે છે. ભરવાડની રણમાં આ રૂપસુંદરી જોઈને દાનત બગડી. સસઈ ખૂબ રડે છે. તેણે આખી કથા કહી તે ખૂબ થાકેલી હતી. ભૂખી-તરસી છે અને કોઈકની પત્ની છે. તેના પ્રિયતમને શોધવા નીકળી છે. આજીજી છતાં ભરવાડનું હ્રદય પીગળ્યુ નહી. તે ભરવાડને કહે છે મને થોડુ દૂધ આપો ત્યારે ખુશ થઈ ભરવાડ દૂધ લેવા જાય છે અને સસઈ ખુદાની બંદગી કરે છે.

સિતર કર સિતાર
આઉ ઉઘાડી આહિયા
ઢંકી ટકણહાર
ડઈ પાંદ પનાહ જો

હે ખુદા મારી લાજ જોખમમાં છે. હે ઉઘાડાને ઢાંકનારા મને તારા આશરે લઈ લે પ્રાર્થનાના પ્રતાપે ડુંગર ફાટી ગયો. સસઈ તેમાં સમાઈ ગઈ. પરંતુ સસઈની ચુંદડીનો છેડો બહાર રહી ગયો ભરવાડ દૂધ લઈને પાછો આવ્યો. સસઈ ક્યાંય દેખાઈ નહી. પણ ચુંદડીનો છેડો જોઈને આભો બની ગયો પ્રભુ પાસે માફી માંગી. ચુંદડીના છેડા પર કબર બાંધી તે ડુંગરનું નામ ‘સસઈ વારો વટો’.

જ્યારે પુન્હુ ભાનમાં આવ્યો ત્યારે ભાઈઓ સાથે ઝઘડો કર્યો. ખાવા પિવાનું છોડી દીધુ. પુત્રને પ્રિયતમાની વિરહમાં ગળતો જોઈ પિતાએ પુન્હુને ભંભોર જઈ સસઈને મકરાન તેડી લાવવા મંજૂરી આપી. પુન્હુ ઊંટ પર સવાર થઈને નીકળે છે. રસ્તામાં પેલા ડુંગર પાસેથી પસાર થયો ત્યાં તાજેતરમાં બનેલી કબર જોઈ નવાઈ લાગી. કબરના ભરવાડ મુંજાવરને પૃચ્છા કરી. ભરવાડે બધી વાત કરી. પુન્હુ તે કબર પાસે જ બેસી ગયો અને પ્રભુને પ્રાર્થના કરી. પ્રિયતમા સાથે મેલાપ કરવા વિનંતી કરી. પુનઃ પહાડ ફાટયો અને પુન્હુ પણ તેમા સમાઈ ગયો બન્ને વિરહી વિખૂટા પડેલા પ્રેમીઓ આંલિગનબદ્ધ થઈ ગયા.

### ૩. સુંહિની-મેહાર :

સિંધની સિંધુ નદીના કિનારે સુંહિણીના પિતા એક ગામમાં રહેતા હતા. સુંહિણી એક કુંભારની કન્યા હતી. તે મૂળ કચ્છના હતા. પણ દુષ્કાળ પડવાથી ભેંસો લઈને સિંધમાં આવી વસ્યા હતા. સુંહિણી તેમની એકની એક લાડકી પુત્રી હતી. તે ખૂબ જ રૂપસુંદરી હતી. ઈઝઝતબેગ એક ધનાઢ્ય મોગલ સરદારનો યુવાન પુત્ર હતો. સુહિંણીના રૂપ સૌંદર્યથી તે આકર્ષાયો. એટલે રોજ તેનુ મોઢુ જોવા માટે ત્યાં વાસણ ખરીદવા આવતો. એક માટીના વાસણના બદલામાં તે સોનુ, રૂપુ, હીરા, મોતી જે કાંઈ હાથમાં આવે તે આપી દેતો. આમને આમ તે પાયમાલ થઈ ગયો. છેવટે સુંહિણીના પિતાની ભેંસો ચરાવવા તે નોકરીએ રહી ગયો. તેથી લોકો તેને 'મેહાર' ભેંસોના ગોવાળ તરીકે ઓળખતા. સુહિંણી અને મેહાર એકમેકને ખૂબ પ્રેમ કરતા. આ વાતની તેના પિતાને જાણ થતા. સુંહિણીના લગ્ન ડમ નામના યુવાન સાથે કરાવી દીધા. પરંતુ પ્રેમને કોણ રોકી શકે. તે ન્યાયે રોજ રાત્રે સુંહિણી એક માટીનો ઘડો લઈ પોતાના પ્રિયપાત્રને મળવા મહેરામણમાં ઝૂકાવી દેતી. ગમે તેવી સ્થિતિ હોય પરંતુ રોજ રાત્રે મળતા હતા.

ઘણા સમય પછી તેના પિતાને ખબર પડી આથી સુંહિણીને મારી નાખવા તેણે એક વિચાર અજમાવ્યો. સુહિંણી જે ઘડો લઈને સિંધુ નદીમાં જતી ત્યાં તેમણે એક કાચો ઘડો મૂકી દીધો. સુંહિણી તો નિત્યક્રમ પ્રમાણે ઘડો લઇને રાત્રે પાણીમાં તરવા જતી હતી. આજે પાકા ઘડાને બદલે કાચો ઘડો હાથમાં આવી પડયો. કાચો ઘડો પાણીમાં ઓગળવા લાગ્યો. થોડા સમયમાં ઘડો તો હતો ન હતો થઈ ગયો. સુંહિણી નિરાધાર થઈ ગઈ. સુંહિણી લાચાર બનીને મેહારને પોકારવા લાગી અને પાણીમાં ડૂબવા લાગી. મેહારે સુંહિણીનો પોકાર સાંભળ્યો. ભેંસોની વચ્ચેથી છલાંગ મારીને તેણે દોટ મૂકી અને નદીમાં કૂદી પડયો. પરંતુ સુંહિણી પાસે પહોંચે તે પહેલા વિધાતા એ પોતાનું કાર્ય પુરુ કરી દીધુ હતુ. મેહારના હાથમાં સુંહિણી નહીં પરંતુ તેનુ શબ જ હાથમાં આવ્યુ.

સુંહિણી મૃત્યુ પામી તેનો આઘાર મેહારને ખૂબ લાગ્યો. દરરોજ એક જ સપાટે સિંધુના નીર તરીને આવતી સુંહિણી આજ એકા-એક સિંધુને ખોળે કેમ પોઢી ગઈ તેનું કોઈ કારણ તેને મળ્યુ નહી. તે હારી ગયો. સુંહિણીના કાચા ઘડાની જેમ તેનું શરીર પણ ભાંગી પડયું. સુંહિણીને બચાવવા આવેલા મેહારને બચાવનાર હવે કોઈ રહ્યુ ન હોતું. એ પણ પોતાની વહાલી સખીના મૃત શરીરને ભાવપૂર્વક ભેટતો સિંધુ નદીના પ્રવાહમાં પોઢી ગયો.

આમ, ઉભય પ્રેમીઓના મૃતદેહને મીઠા મહેરામણે મૃત્યુ સમયે એક કર્યા અને કાયમને માટે તેની શીતળ ગોદમાં સમાવી લીધા.

## ૪. મુમલ રાણો :

સિંધના થરપારકર જિલ્લાના મીરપુર માથે લો ક્ષેત્રના શાસક હતા રાજાનંદ. તેને નવકુંવરીઓ હતી. તેમા મૂમલ સ્વરૂપવાન હતી અને સૂમલ ચતુર અને જાદુકળામાં નિષ્ણાંત હતી. ઉંમર થતા બન્ને કુંવરીઓએ યોગ્ય વર શોધવા યુક્તિ કરી તે માટે તે જેસલમેરના લોડાણા ગામે ગઈ. કાક નદીના કિનારે એક મહેલ બનાવ્યો. ત્યાં એક સુંદર બગીચો તૈયાર કર્યો. તેમા વિવિધ ફૂલો ઉગાડયા. બગીચામાં ભૂલભૂલામણીની કેડીઓ બનાવી. બગીચાની બાજુમાં એક કાચનું કૃત્રિમ તળાવ તૈયાર કર્યુ. ચારેબાજુ હિંસક પ્રાણીઓના પૂતળા ગોઠવ્યા. આંગણામાં સાત ખાટલા ગોઠવ્યા છે. ખાટલા નીચે કૂવા ખોદાવ્યા. માથે મખમલી પથારી પાથરી દીધી. પછી એવી જાહેરાત કરી કે કોઈ પુરુષ મહેલ સુધી સલામત આપી પહોંચે તેની સાથે મૂમલ લગ્ન કરશે. ઘણા રાજકુમારોએ પોતાનુ નસીબ અજમાવ્યુ પણ નિષ્ફળ ગયા.

થરપારકરનો હાકેમ હતો હમીર અને તેના ત્રણ મંત્રીઓ આ ચારેયે મૂમલને હાંસલ કરવાનું બીડુ ઝડપ્યુ અને તેઓ સિંધમાંથી લોડાણા આવી પહોંચ્યાં. હમીર અને તેના બે મંત્રીઓમાંથી એકેય મહેલ સુધી પહોચી શક્યા નહી. છેલ્લે મેધંરો જાય છે. દાસી તેને આવકારે છે. અંધારામાં લઈ જઈ છટકી જવાનો પ્રયત્ન કરે છે પણ મેંધરાએ તેનો ચોટલો પકડી ઝાલી રાખી ભૂલભુલામણી પસાર કરી મહેલ પાસે પહોચ્યાં તો હિંસક પ્રાણીની ત્રાડ સંભળાઈ પણ મેધરાએ ખિસ્સામાંથી સોપારી કાઢી તળાવમાં સરકાવી જોઈ તેથી ખ્યાલ આવ્યો કે આ બનાવટી કાચનું તળાવ છે. આગળ જતા દાસીએ કહ્યુ તમે થાકી ગયા હશો હવે આરામ કરો. સાત પથારી એક સરખી જોઈ મેંધરાને તેમાં પણ કંઈ ભેદ હોય તેમ લાગ્યું. તેણે દરેક પથારી પર લાકડી પછાડી એટલે છ પથારી નીચે કૂવા હતા. એક પથારી સલામત હતી તેના પર મેંઘરો બેસી ગયો. આ રીતે સૂમલની બધી યોજનામાંથી તે પાર પડયો. આથી મૂમલ ત્યાં પ્રગટ થઈ અને મેઘંરાને મહેલમાં લઈ ગઈ. હવે બન્ને પતિ-પત્ની બની ચૂક્યા હતા. રાત્રે મહેલમાં બંને એ સહશયન કર્યું.

સવારે મેંધરાએ સાથીઓને જાણ કરવા જવાની રજા માગી. મૂમલે રજા આપી. મેંધરાએ ગઢ જીત્યાને વાત કરી. આથી હમીર સુમરાને ઈર્ષ્યા થઈ. મેધંરાને ભગાડીને તેને અમરકોટ લઈ ગયા. બાદમાં સમજાવટથી જેલમુકત કર્યો પણ શરત પ્રમાણે મૂમલ પાસે જઈ શકશે નહી. પરંતુ મેંધરો મૂમલના પ્રેમમાં રંગાઈ ગયો હતો. આથી રાત્રે એક ઝડપી સાંઢણી ઉપર બેસીને તે મૂમલને મળવા જતો પરોઢિયે પાછો આવી જતો. પરંતુ આ રહસ્ય. થોડા દિવસમાં છતુ થઈ ગયુ.

મેંધરો પરિણિત હતો તેની પત્નીએ સાસુને વાત કરી આ વાત શાસક હમીર સુધી પહોંચી. ફરી કેદ કર્યા પણ તેની બહેને પતિ હમીરને કહીને તેને માફી અપાવી. આ સમયે મૂમલ પતિ વિરહમાં ઝૂરતી એટલે તેની બહેન સૂમલ પુરુષ વેશે તેની સાથે સૂઈ રહેતી. જેલમાંથી છૂટીને એકવાર મેંધરો મૂમલના

મહેલે પહોંચી ગયો. જોયુ તો કોઈ પુરુષ સાથે મૂમલ આલિગંન બધ્ધ સૂતી હતી. તેને મૂમલને મારી નાખવાનો વિચાર આવ્યો. પણ વિચાર બદલતા તેની નિશાનીરૂપ પોતાની લાકડી મૂકીને જતો રહ્યો.

સવારમાં લાકડી જોઈને મૂમલ બધુ સમજી ગઈ મેંધરાને સમજાવવા તથા ગેરસમજ દૂર કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ કંઈ ન વળ્યુ. પછી તે વણઝારાનો વેશ ધરીને તે અમરકોટમાં આવીને રાણાની સામે મહેલ બનાવે છે. તેની સાથે મિત્રતા બાંધી. એકવાર ચોપટ રમતા-રમતા મૂમલના હાથે કપડું બાંધેલુ જોઈ તેને ખબર પડી કે આ તો મૂમલનો હાથ છે. મૂમલે તેને સઘળી હકીકત જણાવી. તેને પામવા આવુ કઠિન તપ કર્યુ. પરંતુ મેંધરો માન્યો નહી. મૂમલ હવે નિરાશ થઈ ગઈ. તેને હવે મેંધરો મળશે નહી. આથી તેણે કાકમહેલમાં ચિતા ખડકાવી મૂમલ સતી થયાનું જાણીને મેંધરો હેબતાઈ ગયો તેને પોતાની ભૂલ સમજાણી વાસ્તવમાં તે મૂમલ માટે ઝટી રહ્યો હતો. સાંઢણી પર બેસીને મેંધરો લોડાણા તરફ ભાગ્યો મહેલમાં પહોંચતા તે પણ ચિતામાં પ્રવેશ્યો. પ્રિયતમા મૂમલની સાથે તે પણ એકાકાર બની ગયો.

## ૫. લીલા અને ચનેસર :

ધોમધખતા તાપમાં કચ્છના રણને કાઠે જામ ચનેસર પોતાનો તંબુ નાખીને પડયો હતો. ત્યાં એક ઘોડેસવાર આવે છે. ઘોડેસવાર જુવાનને જોઈ જામ ચનેસરના માણસો તેને લૂંટી લેવાનો વિચાર કરે છે. ભૂખ લાગી હોવાથી અહીં આવ્યો છુ અને હું પણ લોડાઉ રાજપૂત છુ એમ કહીને આગના ભાઠ્ઠામાં શેકાતા શિકાર પર ધનુષ્યબાણ છોડીને શિકારનો એક કટકો પોતાના હાથમાં લઈ લીધો. જામ ચનેસર આ જોઈને તંબુમાંથી બહાર આવ્યો. ચનેસર તેને તંબુમાં લઈ જઈ નામ પૂછે છે. ત્યારે નવજુવાન કહે છે કે મારુ નામ લીલાજી છે. ચનેસર કહે છે હાલમાં દુષ્કાળ છે. એટલે સિંધની સાંઢણીઓ વાળી લાવવા આવ્યા છીએ. ત્યારે લીલાજી કહે મારુ પણ એ જ ધ્યેય છે. સાથે મળીને કાર્ય કરીએ પણ એક શરત જે માલ મેળવીએ તેમા અર્ધો ભાગ આપનો અને અર્ધોભાગ મારા એકલાનો શરત મંજૂર થઈ.

બીજે દિવસે બાંભણાસરની હદમાં આવી પહોંચ્યા ત્યાં સાંઢણીઓ જોઈ. લીલાજીએ બધા રબારીઓને બાંધીને પાદશાહને સમાચાર પહોચાડયા. લીલાજીએ સાંઢણીઓ વાળી જામ ચનેસરને રવાના કર્યા. પોતે પાદશાહનો સામને કરશે. જામ ચનેસર થોડે દૂર જઈ પોતાના માણસો સાથે સાંઢણી રવાના કરી. પોતે ત્યાં સંતાઈ ગયો. પાદશાહની ફોજ આવે છે. લીલાજીએ એક બાણ પર ચીઠ્ઠી લખીને છોડયુ તે પાદશાહના ખોળામાં જઈને પડયુ. તેમાં લખ્યુ હતું. ''બાભણસરના પાદશાહ જેટલો વખત તારા મસ્તક પરના રાજમુકુટને ઊડી જતા લગ્યો. તેટલો જ વખતમાં તારુ માથુ ઊડી જતા લાગશે માટે તારો જીવ વહાલો હોય તો અહીથી ભાગી જા''. રણ સંગ્રામમાંથી પાદશાહ સાંઢણીઓ લીધા વગર

ભાગી ગયો. એટલામાં જામ ચનેસર ત્યાં આવી પહોચ્યો લીલાજીએ પૂછયું આથો કયાં ગઈ ? તમે કેમ રોકાયા ? ત્યારે જામ ચનેસરે કહ્યું હું આપની મદદ માટે રોકાયો હતો. પણ તમારું યુદ્ધ કૌશલ્ય જોઈ હું ખુશ થયો જામ ચનેસરે સાંઢણીઓના ભાગ પાડવાનું કહ્યું ત્યારે લીલાજીએ કહ્યું. મારી મૈત્રીના હિસ્સાની નિશાનીરૂપે આપને મારો ભાગ અર્પણ કરુ છુ. લીલાજીએ જામ ચનેસર પાસે સ્મૃતિ ચિહ્ન તરીકે તેની મુદ્રિકા લીધી. અને પોતાની મુદ્રિકા તેને આપીને વિદાય થયા.

જામ ચનેસરનુંસગપણ થરપ્રદેશની લીલાદેવી સાથે થયુ હતુ. પુત્રી ઉંમરલાયક થતા પિતાએ લગ્ન માટે કહેણ મોકલ્યુ. પરંતુ જામ ચનેસરના ભાઈઓએ તેની પાસે ભાગ માગ્યો. આથી જામે થોડોક ભાગ રાખી બાકીનો તમામ હિસ્સો તેના ભાઈઓને આપી દીધો. એટલે તે મુશ્કેલીમાં આવી ગયો. આથી તે મોટી ધાડ પાડવા નીકળી પડયો. લીલાદેવીને આ વાતની ખબર પડતા પુરુષવેશ ધારણ કરી તેને મદદ કરવા નીકળી પડે છે. કચ્છના રણ કિનારે બન્નેનો અચાનક ભેટો થઈ ગયો.

આ સમયે કચ્છના ડોણ ગામે વીરમ ચાવડાનો અમલ હતો. તેને એક પુત્રી કોરૂકુમારી હતી. તે કાંતવાની કળામાં નિપુણ હતી. તેના માંગા ઘણી જગ્યાએથી આવતા પણ તેના પિતા દીકરીની જ્યાં ઈચ્છા હોય ત્યાં પરણાવવા માંગતા હતા. એકવાર કોર રેટીયો ચલાવતી હતી તેણે જોયુ કે જામ ચનેસર કચ્છમાં તેના સગાને ત્યાં લગ્નમાં જાય છે. કોરૂ ઉતાવળે ઉભી થવા જાય છે ત્યારે તેની ઓઢણીનો એક છેડો પિત્રાઈ ભાભીની સ્ત્રીના રેટિંયાની ત્રાંકમાં ભરાયો અને ત્રાંક તૂટી ગઈ. આથી તે સ્ત્રીએ મહેણું માર્યુ. 'તુ તો આટલી બધી ઉતાવલી ઉઠી તે તને કંઈ ચનેસર દાસડો તો વરવાનો નથી.' ત્યારે કોરૂ પ્રતીજ્ઞા કરે છે, કાં તો જામચનેસરને વરુ કા જીવન કૌમાર્યવ્રતમાં વ્યતીત કરું. આ પ્રતીજ્ઞાની જાણ તેના માતા-પિતાને થઈ. કોરૂને મનાવવા લાગ્યા પણ કોરૂ ડગી નહી.

આ બાજુ જામ ચનેસર અને લીલાવતી સાથે સ્નેહની અતૂટ ગાંઠ બંધાઈ ગઈ હતી. જ્યારે તેને જાણ થઈ કે સગાઈ લીલાજીના સ્વાંગમાં તેને સહાય કરનાર લીલાદેવી પોતે જ હતી ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. વીરમચાવડાએ પુત્રી કોરૂકુમારીનું માંગુ લઈને ગોર મહારાજને મોકલ્યા પણ જામ ચનેસરે તેનો અસ્વીકાર કર્યો. વીરમ ચાવડાનો વજીર પરબત બુદ્ધિશાળી હતો. તેણે આ કામ કરવાનું માથે લીધું તેણે ઘણી યુક્તિ કરી પણ સફળતા ન મળી. પછી તેમણે બીજી યુક્તિકરી તેણે કોરૂકુમારી તથા તેની માતાને જનાનખાનાની નોકરી માટે લીલાદેવી પાસે મોકલ્યા લીલાવતીએ કોરૂની કાંતવાની કળાથી ખુશ થઈ તેને નોકરીમાં રાખી લીધી. થોડા દિવસમાં જ કોરૂએ લીલાદેવીનું મન જીતી લીધુ.

એકવાર કોરૂ જામ ચનેસરના શયનગૃહમાં દીવો સંકોરવા ગઈ અને તેની નિષ્ફળતા અંગે આંખમાં આંસુ આવી ગયા. લીલાદેવી તેને પૂછે કેમ આંખમાં આંસુ આવી ગયા. ત્યારે તે કહે છે અમારે ત્યાં આવા દીવા નથી બાળવામાં આવતા પોતાની પાસે રેહલો મણી બતાવે છે. બધા દીવા બુઝાવી દે છે

તો પણ મણીના દિવ્ય પ્રકાશથી રોશની પથરાઈ જાય છે. લીલાદેવીને આ મણિ પોતાના હારમાં મૂકવાની ઈચ્છા થાય છે. તે વેચાતો માંગે છે. ત્યારે કોરૂ કહે છે 'હું માંગુ છુ જામ ચનેસરની સેવામાં માત્ર એક જ રાત્રિ' લીલાદેવી પ્રથમ ગુસ્સે થયા. પછી માંગણી સ્વીકારાય છે.

વર્ષોથી કોરૂકુમારી રાહ જોઈને બેઠી હતી તે દિવસ આજે આવી ગયો. આ તરફ લીલાદેવી પોતાના ષડયંત્રની રચવામાં મશગૂલ હતી. આજે તેને જામ ચનેસરને ખૂબ દારૂ પીવડાવ્યો એટલે તે પલંગમાં ઢળી પડયો. કોરૂ તેની જાગૃત થવાની રાહમાં નિરાશ થઈ બેસી રહી. સવાર થવામાં વાર હતી ત્યારે જામ ચનેસર જાગ્યો પણ તેને વમનની શરૂઆત થઈ. થોડીવાર પછી જામે પૂછ્યુ 'દેવી ક્યાં છે !' ત્યારે કોરૂએ કહ્યું 'મહારાજ આજની આપની રાત્રિ મારા માટે મે ખરીદી લીધી છે. જામને આખી ઘટના કહે છે' એક હીરાની ખાતર પોતાની પત્નીએ પોતાને વેચી નાખ્યો તે માટે લીલાદેવી પર ગુસ્સે થયા.

કોરૂકુમારીને ફસાવવા માટે તૈયાર કરેલી જાળમાં લીલાદેવી પોતે જ ફસાઈગઈ. જામ ચનેસર કોરૂકુમારી સાથે લગ્ન કરી આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યા. લીલાદેવી હવે જામચનસરનું મોઢુ પણ જોઈ શકતી નથી. લીલાદેવીનું દુઃખ જોઈને કોરૂકુમારીને દયાની લાગણી ઉભરાઈ તેણે જામ ચનેસરને અરજ કરી. આથી જામ ચનેસર ભૂતકાળની વાતો ભૂલી જઈને લીલાદેવીનો ગુનો માફ કર્યો.

આમ, જામ ચનેસર, રાણી કોરૂકુમારી અને રાણી લીલાદેવીની ત્રિપુટીએ પોતાના જીવનનો શેષ ભાગ અત્યંત સુખ શાંતિથી પસાર કર્યો જામના જનાનખાનામાં ફરી એકવાર આનંદ અને ઉત્સાહની છોળો ઉછળી રહી.

## ૬. રાય દિયાસ :

ગિરનાર ગઢની બુરજ પરથી રાજા રાયદિયાસ નગરની સુંદરતા નીરખી રહ્યા હતા. ત્યારે રાજમાર્ગે કોઈની જાન જઈ રહી હતી. રાજાએ અનુસરને પૂછ્યુ કોના લગ્ન છે ? મહારાજ ! સેવકે કહ્યુ, રતનકુંભારની દીકરી સોરઠના લગ્ન રાજા અનિરાયના ખાંડા સાથે લેવાયા છે. રાજાને ગુસ્સો આવ્યો મારો શત્રુ મારા રાજ્યમાંથી પરણે ! રાજાની આજ્ઞા થઈ. રતનકુંભાર અને સોરઠ રાજા સામે આવીને ઊભા. સોરઠની સુંદરતાથી રાજમહેલ દીપી ઉઠયો. સોરઠના લગ્ન રાજા રાય દિયાસ સાથે લેવાયા પરણિામે અનિરાયના મનમાં વેરાગ્નિ ભડકી ઉઠયો. તેણે યેનકેન પ્રકારે રાયદિયાસનો વધ કરવાનું વિચાર્યુ. પોતાના રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો. 'જે કોઈ રાય દિયાસનુ માથું લાવી આપશે તેને અર્ધુ રાજ્ય આપવામાં આવે છે.'

રોહિણી બીજલ ચારણની પત્ની હતી. ગરીબીથી કંટાળી ગઈ હતી. રાયદિયાસ સંગીતનો શોખીન હતો. આથી પતિની ગેરહાજરીમાં રાજા અનિરાયની સુવર્ણ ભરેલી થાળી સ્વીકારી લીધી. પતિ બીજલનો કંઠ મધુર હતો. પણ તેના જન્મ વિશે કોઈને જાણ નહોતી. વાસ્તવમાં તે રાયદિયાસનનો ભાણેજ હતો. રાજાની બહેનને સંતાન નહોતુ પણ એક સન્યાસીના વરદાનથી પુત્ર પ્રાપ્ત થયો અને આશિષ આપવાની સાથે ભવિષ્યના રહસ્યની વાત પણ કરી દીધી કે તારો પુત્ર મોટો થઈને તારા ભાઈનો સંહારક બનશે. માટે પુત્ર જન્મ થતા જ તેને લાકડાની પેટીમાં મૂકી નદીમાં વહાવી દીધો. તે પેટી રાજા રાયદિયાસના રાજ્યના કિનારે આવી પહોંચી અને એક નિઃસંતાન ચારણના હાથમાં આવી. તેણે આ બાળકનો ઉછેર કર્યો અને નામ પાડયુ બીજલ.

બીજલને ચારણનો ગાયન વાદ્ય કળાનો વારસે મળ્યો. બીજલને એકવાર જંગલમાંથી હરણના આંતરડા મળી આવ્યા. તેણે જંતર પર ગોઠવીને તેનુ ચંગવાદ્ય બનાવ્યુ. તે યંત્ર વગાડતો ત્યારે સૌ મંત્રમુગ્ધ બની જતા. રાજા અનિરાયને સાઠ દીકરીઓ હતી. એકસઠમી પુત્રી અવતરતા રાજા ધૈર્ય ખોઈ બેઠો અને બાળકીને પેટીમાં મૂકીને નદીમાં તરતી મૂકી. આ પેટી ગિરનારમાં આવી અને તે રતનકુંભારને મળી. તેણે બાળકીનો ઉછેર કર્યો અને તેનુ નામ પાડયુ.- સોરઠ. વિધિ વક્રતા જુઓ એક દિવસ રાજા અનિરાય પોતાની પુત્રી સાથે લગ્ન કરવા જતો હતો પરંતુ વચ્ચે રાય દિયાસ સોરઠને પરણી ગયો. બીજલને રાજા રાય દિયાસ પ્રત્યે ખૂબ માન હતુ. પરંતુ પત્નીએ સ્વીકારેલ બીડું જો પાછુ કાઢે તો રાજા અનિરાય ગુસ્સે થાય તેવો ડર હતો. આથી પોતાનું ચંગ વાદ્ય લઈ ગિરનાર પહોચ્યાં ગઢની તળેટીમાં સંગીતના સૂરો રેલાવ્યા. રાજા સંગીતપ્રેમી હતો. આવુ અલૌકિક સંગીત સાંભળીને રાજાએ બીજલને બોલાવ્યો અને કહ્યુ 'માગો ચારણ જે ચાહો તે માંગી લો' ત્યારે બીજલે કહ્યુ હું કંઈ સાધારણ ચારણ નથી. હીરા ઝવેરાત નથી જોઈતા. હું તો તમારું શિર લેવા આવ્યો છું. તે લીધા વિના જવાનો નથી. પછી ભલેને જુનાગઢની નાબૂદી થતી. બીજલની માંગણીથી રાણી સોરઠ ગભરાઈ ગઈ પણ તેણે કાળજા પર પથ્થર મૂકીને પતિને કહ્યું. વચનના, પાલનમાં વિલંબ ન કરો. હું આપની દાસી આપની સાથે જ સ્વર્ગલોકમાં ચાલવા તૈયાર છુ. રાજા રાય દિયાસે પોતાની તલવાર ઉપાડીને એક ઝાટકાથી પોતાનું શિર કાપીને બીજલ સમક્ષ ધરી દીધુ.

રાય દિયાસનું મૃત્યુ થતા. આખાય પંથકમાં હાહાકાર વ્યાપી ગયો. શિર લઈને બીજલ અનિરાય સમક્ષ ઉપસ્થિત થયો તેને પણ સખત આઘાત લાગ્યો. કહ્યું કે ધનની લાલચે તે આવા વીરપુરુષનું માથુ વાઢી લીધુ. તારા પર વિશ્વાસ ન રખાય. તેણે બીજલને દેશનિકાલ કર્યો. માથુ લઈને બીજલ પાછો ગિરનાર આવ્યો ત્યારે સોરઠ સતી બની ચૂકી હતી. બીજલ પશ્ચાતાપ વ્યક્ત કરી ક્ષમા પણ માગી શકયો નહી. આથી જે ગતિથી તે ગઢમાં પ્રવેશ્યો હતો તેજ ગતિથી ભડકતી અગ્નિમાં રાયદિયાસના માથાની સાથે તેણે પ્રવેશ કર્યો. રાય દિયાસ, સોરઠ અને બીજલ સૌ એકાકાર બની ગયા.

## ૭. નૂર જામ તમાસી :

સિંધમાં સમાવશનું એક રાજ્ય હતુ. સમાના રાજા તમાસીએ રણની વાંઢની નજીક એક મહેલ બનાવ્યો. રણમાં જ્યારે ગરમી પવન વાય ત્યારે જામ તમાચી મહેલમાં રહેતો. ત્યાં એક તળેટીમાં જ કીંજર નામની ઝીલ/વાંઢ હતી. ચારેબાજુ વનરાજિ ને વહેતુ પાણી રણમાં સ્વર્ગ જેવું આ સ્થળ. ત્યાં ઘણા માછીમારો માછલી પકડવા આવતા. માછલી પકડે અને પછી માછી સ્ત્રીઓ ટોપલામાં માછલીઓ ભરીને બજારમાં વેચવા નીકળે. આ બધી સ્ત્રીઓ કાળી અને કલૂટી પણ બધી સ્ત્રીઓમાં એક નૂર અલગ હતી. કુદરતે તેને પોતાનુ સઘળુ નૂર તેને આપ્યુ હોય તેવી નૂર તેજનો અંબાર હતી. તેથી તેનુ નામ નૂરી રાખ્યુ હતુ. એકવાર રાજા ગરમીથી બચવા હોડીમાં બેસી કીંજરના પાણીમાં ફરવા નીકળ્યો. તેમની નજર અચાનક નૂરી પર પડી. નૂરીને જોઈને રાજા તો અંજાઇ ગયો. રાજા તમાચીએ તો ઘણી સુંદર કન્યાઓને જોઈ હતી. પણ નૂરીની સુંદરતા પાસે તો બધા પાણી ભરે.

નૂરી માછીમારની યુવતી હતી. રાજા તમાચી તો નૂરીના ઘરે પહોચ્યો અને માછીમાર સમક્ષ નૂરીનો હાથ માગ્યો. રાજાની વાત સાંભળી બધા માછીમારોને નવાઈ લાગી કયાં રાજા અને કયા માછીમારની છોકરી ! નૂરી તો રાજાની વાત સાંભળીને પાણી-પાણી થઈ ગઈ. તેણીએ કહ્યું તમે તો આખાય સિંધના ઘણી છો અને હું સાવ ગરીબ માછીમાર કન્યા. પણ રાજાએ કહ્યુ હું તને ઠાઠમાઠથી રાખીશ. જેમ બીજી રાણીઓ રહે તેમ જ તું રહીશ. નૂરીએ તો રાજાને હા ભણી દીધી.

રાજાની બધી રાણીઓને ખબર પડી કે રાજાનું મન એક માછીમારની કન્યાએ જીતી લીધુ છે તેમનુ અભિમાન તો ચૂર-ચૂર થઈ ગયુ. નૂરી તો હતી જ સ્વરૂપવાન તેની આગળ બધી રાણીઓ ફીક્કી લાગે. નૂરી અને જામ તમાચીના લગ્ન થયા. પહેલા જે રાણી પોતાના સૌંદર્યના અભિમાનમાં હવામાં ઊડતી હતી તે બધી નૂરીના અતિ સૌંદર્યને જોઈને ઝંખવાઈ જવા લાગી અને નૂરીને પોતાના સૌંદર્યનું લગીરેય અભિમાન નહોતુ. તે પહેલા જેવી હતી તેવી જ વિનમ્ર હતી. તેથી જ રાજા તમાચીએ નૂરીના સાચા નૂરને ઓળખ્યુ તેના કાંડા પર લગ્નનું મીંઢળ બંધાયુ અને હાથમાં કંકણ-ચૂડલા પહેરાવાયા.

## ૮. મોઈડો (મિયાણો) :

જાતે મિયાણો કરાંચીમાં રહે. એક દિવસ મિયાણો માછીમારી કરવા ગયો ને વહાણ ફસાઈ ગયુ. બાજુના ગામમાં સાત ભાઈઓ રહેતા હતા. જે મિયાણા હતા. તેમની પાસે જઈને વાત કરી કે અમારુ વહાણ ફસાઈ ગયુ છે. નીકળતું નથી. તમે હાલો તો કાઢી શકાય. નાનો ભાઈ ગયો. ઊંડા પાણીમાં જતાં તેને મગરમચ્છ ખાઈ ગયો. એમ એક પછી એક છ ભાઈને ખાઈ ગયો. મોટો ભાઈ માંયડો પગથી લંગડો

હતો તેને વાત કરી કે તમારા છ ભાઈઓ અમારી મદદે ફસાઈ ગયેલા વહાણને કાઢવા માટે આવ્યા હતા. તે દરિયામાં છે હજુ બહાર આવ્યા નથી. આથી મોયડો આવ્યો દરિયામાં પડયો. ઊંડા પાણીમાં જઈને પોકારતો ગયો. અમારો શું ગુનો અમારા છ ભાઈઓને ખાઈ ગયો. આ સાંભળી દરિયો કહે, વહાણમાં મોટો મગરમચ્છ બેઠો છે. તે તારા ભાઈને ખાઈ ગયો છે. આ સાંભળી મોઈડો વહાણ પાસે જાય છે બધાને બહારથી બોલાવ્યા. દોરડા બાંધીને વહાણને બહાર ખેચાવ્યું. વહાણ સાથે મગરમચ્છ પણ બહાર આવ્યો. મોઈડા એ છરાથી મગરને ઊભો ચીરી નાખ્યો અને પોતાના જીવતા છ ભાઈઓને બહાર કાઢયા.

## ૯. બાનડીની કુરબાનીએ લાખો ફૂલાણી મળ્યો :

કચ્છના જામ સાડે ઈ.સ. ૮૪૩માં કેથરોટનો કિલ્લો બંધાવ્યો. તેની સત્તા અને જાહોજલાલીથી ધરણ વાઘેલાને ઈર્ષા થવા લાગી. વાઘેલા જામ સાડનો બનેવી થતો હતો. એકવાર ધરણ વાઘેલાને મિજબાનીમાં બોલાવી તેને મારી નાખ્યો. તને એક ફૂલકુમાર નામે દીકરો હતો તે નાનો હતો એટલે પોતાના ભાણેજનું પણ કાટલું કાઢી સમગ્ર રાજ્યનો હિસ્સો તેનો થઈ જાય અને ભવિષ્યમાં પણ કોઈ દાવેદાર ન રહે. આ સમયે નગરમાં હાહાકાર મચી ગયો. રાણીવાસમાં ફારક નામની દાસીએ પોતાના પુત્ર તથા ફૂલકુમારને લઈ કચ્છના રણમાં ભાગી ગઈ પણ થોડીવારમાં વાઘેલાના માણસો તેનો પીછો કરે છે. દાસીએ રસ્તામાં રાજકુમારને પોતાના બાળકના કપડા અને પોતાના પુત્રને રાજકુમારના કપડા પહેરાવી દીધા એટલે અસલી રાજકુમારની ખબર ન પડે. રસ્તામાં ફારક પકડાઈ જતા રજવાડી પોશાક પહેરેલા બાળકને રાજાના માણસોએ મારી નાખ્યો પોતાના પુત્રનું નજર સામે મૃત્યુ થતા હિંમત રાખીને તે ફૂલકુમારને સહી સલામત સિંધમાં આવી પહોંચી. સિંધના બાંભણાસરમાં અજો અને અણગોર નામના શ્રીમંતોને ત્યાં દાસી તરીકે આશરો લીધો. ત્યાં દલુરાય રાજાનું શાસન હતુ. બાંભણાસરમાં સિંધમાં બ્રાહ્મણાવાદ નામે પ્રચલિત હતુ. ત્યાં ફૂલકુમાર દશ વર્ષનો થયો ત્યારે શાહુકારોના વાછરડા ચરાવવા લાગ્યો. તેની ઓળખ દાસી પુત્ર તરીકેની હતી. તે નિશાનબાજ શીખવા લાગ્યો. મૂળ સંસ્કારો ક્ષત્રિયના આપમેળે જાગ્રત થયા અને શસ્ત્રવિદ્યામાં પાવરધો બની ગયો. તે વિસ્તારમામં એક સિંહનો ત્રાસ વધવા લાગ્યો. આથી રાજા દલુરાય સિંહનો શિકાર કરવા જંગલમાં જાય છે. સિંહને ગુફામાંથી બહાર કાઢવા શિકારી મંડળીએ યુક્તિ કરી પણ સિંહ જ્યારે બહાર નીકળ્યો ત્યારે તેની ત્રાડથી શિકારીઓના ઘોડા ડરી ગયા અને ભાગી છૂટયા. સિંહે દલુરાય જે હાથી પર બેઠો હતો તેના પર તરાપ મારી ત્યારે જંગલમાં ફૂલકુમાર આ ઘટના જોઈ રહ્યો હતો અને તેણે જ ઉછળીને તલવારના એક ઝાટકાથી સિંહને મારી નાખ્યો. રાજાની જાન બચાવીને તે ચાલી નીકળ્યો. ત્યારબાદ રાજાએ આ ગોવાળિયાની શોધ કરી. દલુરાયના માણસો ફારક દાસી અને ફૂલકુમારને રાજા પાસે લાવે છે. દલુરાયે યુવાનનો પરિચય માગ્યો

ત્યારે ફારકે કહ્યું એ મારો પુત્ર છે. હું કચ્છ દેશની એક બાનડી છુ. પેટ વાસ્તે અહીં દાસી તરીકે કામ કરુ છુ. ત્યારે દલુરાયે કહ્યું 'સાચે સાચુ કહી દે. આ છોકરો કાં તો તારો પુત્ર નથી કાં તો તું બાનડી નથી. કંઈક ભેદ છે. તેથી સાચી હકીકત કહી દે. એટલે ફારેકે સઘળી ઘટના સંભળાવી. ત્યારે રાજા દલુરાયે પોતાની દીકરીના લગ્ન ફૂલ કુમાર સાથે કરાવ્યા અને આનંદથી સૌ મહેલમાં રહેવા લાગ્યા. એકવાર ફૂલકુમારને ફારેકે ટકોર કરી તારા પિતાનો બદલો લેવા તથા રાજપાટ લેવા કહ્યુ. ફૂલકુમારે આ વાત દલુરાયને કરી. ત્યારે રાજાએ તેને લશ્કર આપ્યુ અને અજો અને અણગોર જેવા શાહકારો પણ સાથે લઈ જવા સંમતિ આપી. ફૂલકુમાર બન્નીમાં આવી પહોચ્યો. ત્યાં એક કિલ્લો બંધાવ્યો ફારક દાસીએ સિંધમાં પોતાનું નામ ઝીકડી રાખ્યુ તેની સ્મૃતિમાં બન્નીમાં આ નામે ગામ વસાવ્યુ અને પછી કંથરોટમાં ધરણ વાઘેલાને યુધ્ધ કરવા સંદેશો મોકલ્યો. સિંધમાં ફૂલકુમાર જીવતો હોવાનું જાણી ધરણ વાઘેલો ડરી ગયો. તેને યુધ્ધ કર્યા વગર કિલ્લો ફૂલકુમારને સોંપી દીધો અને પોતાની પુત્રી ફૂલકુમાર સાથે પરણાવી પણ પછીથી ધરણ વાઘેલાની ફૂલકુમારે હત્યા કરાવી નાખી. આ રીતે પિતાનો બદલો લીધો.'

જામ ફૂલને પાંચ રાણીઓ હતી. સિંધની દલુરાયની પુત્રી, ધરણ વાઘેલાની પુત્રી, ચાવડા તથા સોઢા વંશની પુત્રીઓ અને રબારી કન્યા સોનલ. સોનલરાણીથી તેને લાખો કુમાર થયો. જન્મ થયો તે ફૂલનો પુત્ર હોવાથી ફૂલાણી કહેવાયો. કચ્છના ઈતિહાસમાં અમર બની ગયેલો તે જે પરાક્રમી રાજવી લાખોફૂલાણી.

## ૧૦. હોથલ પદ્મણી :

કચ્છના ગોયાલગઢમાં જામ મનાઈના સૌથી નાના કુમાર ઓઢાના લગ્ન વાગડના વીશળદેવ વાઘેલાની કુંવરી રૂપાવતી સાથે થવાના હતા. સામૈયાની તૈયારીઓ ચાલી રહી હતી. આ સમયે સિંધના શાસક દલુરાયના સરદારો આથોનું હરણ કરી ગયા. આથી બે જામ ભાઈઓ હોઈ અને મોડ આથોને વાળવા રવાના થયા. ઓઢોકુમાર ખૂબ જ સ્વરૂપવાન હતો. મોટાભાઇ હોથીની રાણી મીણાવતી તેના પર મુગ્ધ હતી. લગ્નવિધિ પત્યા પછી ઓઠો જામ ભાભીના આશીર્વાદ માગવા ગયો ત્યારે મીણાવતીએ તેને પલંગ પર બેસવા કહ્યુ પણ ઓઢો માન્યો નહી. તમે માતા સમાન છો આથી મીણાવતીએ બદલો લેવાનું નક્કી કર્યુ. તેનો પતિ જામ પાછો આવ્યો ત્યારે મીણાવતી ખૂણામાં પડી રહી. આથી હોથીએ કારણ પૂછ્યુ તો દાસીઓને મીણાવતીને પહેલાથી પઢાવેલી તેણીએ કહ્યુ કે ઓઢો દારૂના નશામાં મહેલમાં ઘૂસી આવ્યો. રાણીની બેઈજ્જતીને કારણે રાણીબા રડે છે. આથી જામે કંઈ જાણ્યા વિના ઓઢાને દેશનિકાલ કર્યો. ઓઢો કચ્છનો ત્યાગ કરે છે. પાછળથી ઓઢાને મનાવવા તેના ભાઈઓ અને ખુદ મીણાવતી પણ ગઈ, પરંતુ ઓઢો માન્યો નહી ઓઢાએ તો તમામ પશુધન દાનમાં આપી દીધુ.

કચ્છમાંથી ઓઢો જામ પ્રથમ બાંભણાસર અને પછી પોતાના સસરા વીશળદેવ વાઘેલા પાસે ગેડી ગામે ગયો. એ સમયે સિંધનાં રાજવી દલુરાયએ તેની આથો હરી લીધી હતી. આથી વૃધ્ધ વાઘેલા ચિંતિત હતા. ઓઢાને આ વાતની જાણ થતા તેણે દલુરાય પાસેથી બદલો લેવાનો નિર્ધાર કર્યો અને તે સિંધ તરફ ઉપડી ગયો.

## બીજી તર્ફે પદ્મણીની કથા :-

કચ્છના રજપૂત સરદાર સાંગણ નિસામરોને એક દિવસે જંગલમાંથી એક બાળકી મળી આવી. તે નિઃસંતાન હતો. તેથી તેને આનંદ થયો. બાળકીને પુત્રી પેઠે ઉછેરી. તે સ્વરૂપવાન હોવાને કારણે તેનું નામ હોથલ પાડયુ. હોથલ એટલી સુંદર કે મોટી થઈ ત્યારે લોકો તેને હોથલ પદ્મણીના નામે ઓળખવા લાગ્યા. તે ઘોડે સવારી અને ધનુર્વિદ્યામાં નિપુણ હતી. સાંગણ નિસામરો વૃધ્ધ થયો. દલુરાયે તેની આથો વાળી હતી. તેનો બદલો લઈ શકયા નહી. આથી પાલક પિતાની અકળામણ જોઈને હોથલે વેર વાળવાનું વચન આપ્યુ.

પિતાના મૃત્યુબાદ હોથલ પુરુષવેશ ધારણ કરી બાંભણાસર આવી. જ્યાં તેણે ઓાઢો જામ મળે છે. પરિચય થયો. હોથલે પોતાનો પરિચય 'હોથી' તરીકે આપ્યો. તેની તીરંદાજીથી ઓઢો પણ આકર્ષાયો. અહીં આવવાનું કારણ પુછયુ. હોથલે કહ્યું તે દલુરાયનું વેર લેવા નીકળી પડયો છે. ઓઢાની પણ એ જ નેમ હતી. તેથી સાથે આવવા જણાવ્યુ. હોથલે શરત મુકી લૂંટનો અર્ધો ભાગ તેને આપવો પડશે. સિંધમાં ગયા અને રબારીઓને કેદ કરી બધી આથો પાછી વાળી લીધી. લૂંટના બે સરખા ભાગ પાડયા. પણ હોથીએ પોતાના ભાગની સાંઢણીઓ મિત્રતાની નિશાનીરૂપે ઓઢાને આપી અને ત્યાંથી વિદાય લેતા કહ્યું કયારેક મને યાદ કરશોને ?

ઓઢાને શંકા જતા હોથીને શોધવા પાછળ પડયો. રસ્તામાં એક તળાવ આવ્યુ ત્યાં તેણે હોથીનો ઘોડો જોયો. તળાવમાં એક યુવતી વાળ છૂટા મૂકીને સ્નાન કરતી હતી. ઓઢાને ખાત્રી થઈ કે તે નવયુવાનવેશે તે સ્ત્રી હતી. ઓઢો અને હોથલ ત્યાંથી હોથલપરાના ડુંગરા પાસે પહોંચ્યાં ત્યાં બન્નેએ ગંધર્વ લગ્ન કર્યા તેમને જખરો અને જસંગ નામે બે પુત્રો થયા. વર્ષો પછી ઓઢાને પોતાનું વતન યાદ આવ્યુ અને હોથલે એક શરતે તેની સાથે આવવાની મંજૂરી આપી. હોથલ પદ્મણી છે, મૂળ અપ્સરા છે એ વાત જાહેર થવી જોઈએ નહી. ઓઢો જામ પરિવાર સાથે ગોયાલગઢ આવતા આનંદ વ્યાપી ગયો. હોથલ અહીં ગુપ્તવેશે રહેવા લાગી. લોકો અને તેના મિત્રો ઓઢાની પત્નીને જાણવા આતુર હતા. એકવાર ઓઢાના મિત્રોએ તેને ખૂબ દારૂ પાઈને કહ્યું કે લોકો એવી ચર્ચા કરે છે કે 'તું કોઈડાકણને પરણ્યો છે તેથી તે છુપાતી રહે છે.' આ સાંભળી આવેશમાં ઓઢાએ કહી દીધુ. મારી હોથલ પદ્મણી છે. ભેદ

ખુલી જતાં હોથલ ત્યાંથી રવાના થઈ ગઈ અને એક ચિઠ્ઠી લખતી ગઈ કે આપણા રાજકુમારોના લગ્ન પ્રસંગે પોંખવા અવશ્ય આવીશ.

ઓઢો હોથલના વિરહમાં ઝૂરવા લાગ્યો અને તેણે તાત્કાલિક બન્ને દીકરાના સગપણ સોઢા રાજપૂતોમાં કરવામાં આવ્યા. લગ્નને દિવસે કુમારોને પોંખવા વચન પ્રમાણે હોથલ આવી પહોંચી. ઓઢાએ બન્ને વહુને અગાઉ પઢાવી રાખી કે હોથલ આશીર્વાદ માંગવાનું કહે તો. અહીં, રોકાઈ જવાનું વચન લઇ લેજો. બન્ને રાજકુમારોને પોંખીને હોથલે પુત્રવધૂઓને કંઈક માંગવા કહ્યું. મોટી વહુ હોથલના ગળાનો હાર જોઈને લલચાઈ ગઈ તેણે તે હાર માગ્યો નાની વહુ ચતુર હતી તેણે સાસુ પાસે પહેલા વચન માગ્યુ. વચન મળ્યા પછી અહીં જ રોકાઈ જવાની માંગણી કરી. હોથલને વહુની ચતુરાઈ જોઈને આનંદ થયો. ઓઢાજામનો સંસાર પુનઃ ચમકી ઉઠયો.[૮૧]

**- કચ્છ બન્નીનો લોકસાંસ્કૃતિક**
**ડૉ. ભરત પંડયા. (પૃ.૧૨૯-૧૬૨)**

## પાદટીપ

(૧) કંચન પ્રસાદ છાયા, ઈતિહાસની આરસીમાં કચ્છ, પૃ.૧૪
(૨) મુનિરાજ વિદ્યા વિજયજી, મારી કચ્છયાત્રા, પૃ.૧૯
(૩) રામસિંહજી રાઠોડ, કચ્છનું સાંસ્કૃતિક દર્શન, પૃ.૧
(૪) દુલેરાય કારાણી, કચ્છ કલાધર, પૃ.૨૩
(૫) એલ. એફ. રશબુક વિલિયમ્સ, કારાડુંગર કચ્છની, પૃ.૯
(૬) દુલેરાય કારાણી- કચ્છ કલાધર, પૃ.૨૨
(૭) જોરાવરસિંહજી જાદવ, લોકજીવનના મોની, પૃ.૨૧૫
(૮) નરેન્દ્રકુમાર જોષી, ભાતીગળ ભોમકા કચ્છ, પૃ.૨૨૪
(૯) રામસિંહજી રાઠોડ, કચ્છનું સંસ્કૃતિ દર્શન, પૃ. ૨૪૦
(૧૦) પ્રમોદ જેઠી, કચ્છ કચ્છી અને કલા, પૃ.૭૦
(૧૧) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોકસાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૮
(૧૨) રાજેન્દ્રસિંહ રાઠોડ કચ્છ મિત્ર અસ્મિતા એક ૧૯૯૬ (લેખ-બેનમૂન બન્ની અને પેચીદો પહાડ પરછમ), પૃ.૩૮
(૧૩) ભગવતસિંહજી, ભગવદગોમંડળ ભાગ, પૃ.૨૦૦૨
(૧૪) નરેન્દ્રકુમાર જોષી, ભાગીગળ ભોમકા કચ્છ, પૃ.૭૬
(૧૫) ડૉ. ભરત પંડયા, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૮૦
(૧૬) ડૉ. ભરત પંડયા, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૮૧
(૧૭) ડૉ. ભરત પંડયા, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૮૨
(૧૮) ડૉ. ભરત પંડયા, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૮
(૧૯) નરેન્દ્રકુમાર જોષી- ભાતીગળ ભોમકા કચ્છ, પૃ.૨૬૨
(૨૦) એજન, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૬૫
(૨૧) એજન, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૨૭૮
(૨૨) જોરાવરસિંહ જાદવ, રવિપૂર્તિ લેખ- ગુજરાત સમાચાર, લોકજીવનના મોતી
(૨૩) ખોડીદાસ પરમાર, લોકભરતની સરજન, પૃ.૧૨૭
(૨૪) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૧૧૮
(૨૫) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૧૩૦
(૨૬) નરેન્દ્રકુમાર જોષી, ભાતીગળ ભોમકા કચ્છ, પૃ.૨૩૯
(૨૭) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૧૧૩

(૨૮) ડૉ. ભરત પંડયા, કચ્છ- બન્નીનો લોક સાંસ્કૃતિ સંદર્ભ, પૃ.૨૧૩

(૨૯) નરેન્દ્રકુમાર જોષી-ભાતીગળ ભોમકા-કચ્છ- પૃ. ૨૩૯

(૩૦) ડૉ. દિનકર જોષી, કચ્છતારી અસ્મિતા, અંતર્ગત કચ્છની લોક સંસ્કૃતિ પૃ.૩૯

(૩૧) જોરાવરસિંહ જાદવ- ગુજરાતની લોક સંસ્કૃતિની વિરાસન-પૃ.૭૮૨

(૩૨) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૩૧-૩૨

(૩૩) ડૉ.ભરત પંડયા- કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ-પૃ.૫૩

(૩૪) ડૉ. દિનેશ એમ. જોષી, કચ્છ તારી અસ્મિતા લેખ-કચ્છમિત્ર, ભુજ- પૃ.૩૯

(૩૫) ડૉ. ભરત પંડયા- બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ-પૃ.૫૩

(૩૬) ડૉ. દિનેશ એમ જોષી, કચ્છનો સર્વાંગી વિકાસ લેખ-કચ્છની લોક સંસ્કૃતિ-પૃ.૧૨

(૩૭) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૫૭ થી

(૩૮) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૫૮

(૩૯) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૫૯

(૪૦) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૬૨

(૪૧) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૬૨

(૪૨) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ પૃ.૬૩

(૪૩) કવિ પિંગળથી ભાઈ ગઢવી, ભાગુ તો ભોમકા લાજે, પૃ.૩૧૩

(૪૪) ડૉ.ભરત પંડયા, કચ્છ-બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ- પૃ.૭૪

(૪૫) એજન, પૃ.૯૯

(૪૬) હરેશ ધોળકિયા, કચ્છ તારી અસ્મિતા, લેખ-કચ્છની જગવિખ્યાત હુન્નરકલા-કચ્છમિત્ર-૧૯૯૬-૯૭, પૃ.૮૪

(૪૭) ડૉ. ભરત પંડયા, કચ્છ-બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૦૯

(૪૮) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૨૨૭

(૪૯) ડૉ.ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૯૨

(૫૦) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૯૭

(૫૧) નરેન્દ્રકુમાર જોષી, ભાતીગળ ભોમકા, પૃ.૮૦

(૫૨) હરેશ ધોળકિયા, કચ્છ તારી અસ્મિતા (લેખ કચ્છની જગવિખ્યાત) હુન્નરકલા-કચ્છમિત્ર, પૃ.૮૦

(૫૩) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૯૬

(૫૪) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૨૨૭

(૫૫) જોરાવરસિંહ જાદવ, લોકજીવનના મોતી, પૃ.૨૨૩

(૫૬) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ,પૃ.૧૦૨

(૫૭) હરેશ ધોળકિયા, મેઘધનુષી કચ્છ, પૃ.૧૩૩

(૫૮) જયમલ્લ પરમાર, લોક સંસ્કૃતિના કલાઘરો, પૃ.૪૨

(૫૯) દુલેરાય કારાણી, ગુજરાતી લોક સાહિત્યમાળા, પૃ.૩૪૭

(૬૦) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૩

(૬૧) ડૉ. દિનેશ જોશી, કચ્છની લોક સંસ્કૃતિ, પૃ.૧૧૫

(૬૨) ડૉ. ભરત પંડયા, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૬

(૬૩) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૪

(૬૪) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૬

(૬૫) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૫

(૬૬) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૬

(૬૭) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૭

(૬૮) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૮

(૬૯) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૯

(૭૦) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૦

(૭૧) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૦

(૭૨) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૨

(૭૩) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૨૨

(૭૪) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૬૩

(૭૫) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૫

(૭૬) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૬૭

(૭૭) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૬૭

(૭૮) કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૧૫

(૭૯) કુલેરાય કારાણી, કચ્છ બન્નીનો લોક સાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૦૫

(૮૦) કુલેરાય કારાણી, કચ્છી પિરોલી - પૃ.૧૧

(૮૧) ડૉ. ભરત પંડયા, કચ્છ-બન્નીનો લોકસાંસ્કૃતિક સંદર્ભ, પૃ.૧૮૭ (૧૨૯-૧૬૧)